અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
બોલિવૂડે આલિયા ભટ્ટ પર 1000 કરોડ દાવ પર લગાવ્યા



પેજ-09
ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં જયસ્વાલને સુનિલ ગાવસ્કર...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 22.00 |
| વડોદરા | 34.00 | 20.00 |
| સુરત | 34.00 | 22.00 |



પેજ 5: RBIએ મોટાપાયે ખરીદી કરતા 20 માસમાં ગોલ્ડ રિઝર્વમાં સૌથી..


16 MARCH-2024 SATURDAY




મસ્કના રોકેટનું ત્રીજું પરીક્ષણ લગભગ સફળ — પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72643.43 | ▼ | 453.85 |
| નિફ્ટી | 22023.35 | ▼ | 123.30 |
| સોનું | 65,637.00 | ▲ | 42.00 |
| ચાંદી | 75,946.00 | ▲ | 720.00 |


વર્ષ-13 । અંક-121 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


ઇલેક્શન કમિશન કરશે બપોરે 3 વાગ્યે પ્રેસ-કોન્ફરન્સ

# આજે લોકસભા ચૂંટણીની તારીખ જાહેર કરાશે

નવી દિલ્હી, તા. 15

ચૂંટણી 2024 અને રાજ્ય વિધાનસભાઓના કાર્યક્રમની ઘોષણા કરવા માટે ચૂંટણી આયોગ શનિવારે 16 માર્ચે પ્રેસ-કોન્ફરન્સ કરશે, જે બપોરે 3 વાગ્યે હશે. એને ECIના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવસ્ટ્રીમ કરવામાં આવશે. એક દિવસ પહેલાં જ બે કમિશનરની નિયુક્તિ કરવામાં આવી છે. જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુ નવા ચૂંટણી કમિશનરે શુક્રવાર 15 માર્ચે પદની જવાબદારી સંભાળી છે. પંચના ત્રણ અધિકારીએ શુક્રવારે જ ચૂંટણી કાર્યક્રમને લઈને એક બેઠકનું આયોજન કર્યું હતું.



### ચૂંટણી પંચ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ સ્ટ્રીમ કરશે

ચૂંટણી પંચે કહ્યું છે કે આવતીકાલે લોકસભા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચે કહ્યું કે સામાન્ય ચૂંટણીની સાથે કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખો શનિવારે બપોરે 3 વાગ્યે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચની પત્રકાર પરિષદ પંચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે. આ પહેલા આજે ચૂંટણી પંચની બેઠક મળી હતી, જેમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

### 2024ની લોકસભા ચૂંટણીમાં 97 કરોડ મતદાર, 2 કરોડ નવા મતદાર ઉમેરાયા

2024ની લોકસભા ચૂંટણીમાં 97 કરોડ લોકો મતદાન કરી શકશે. 8 ફેબ્રુઆરીના રોજ ચૂંટણીપંચે તમામ 28 રાજ્ય અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોના મતદારો સંબંધિત વિશેષ સારાંશ સુધારણા 2024 રિપોર્ટ બહાર પાડ્યો હતો. પંચે જણાવ્યું હતું કે 18થી 29 વર્ષની વય જૂથના 2 કરોડ નવા મતદારો મતદાનમાં જોડાયા છે. 2019ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યામાં 6%નો વધારો થયો છે.

**● રાજકીય પક્ષોએ પ્રચારમાં બાળકોનો ઉપયોગ ન કરવો**

5 ફેબ્રુઆરીએ ચૂંટણીપંચે તમામ રાજકીય પક્ષોને ચૂંટણીપ્રચારમાં કોઈપણ સ્વરૂપે બાળકોનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. પક્ષોને મોકલવામાં આવેલી એડ્વાઈઝરીમાં ચૂંટણી પેનલે પક્ષ-ઉમેદવારોને ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બાળકોનો પોસ્ટર અને પેમ્ફલેટનું વિતરણ કરવા તથા સૂત્રોચ્ચાર કરવામાં ઉપયોગ ન કરવાની કડક સૂચના આપી છે. જો કોઈ પક્ષ કે ઉમેદવાર દ્વારા આવી હરકત કરવામાં આવશે તો તેના પર ઝીરો ટોલરન્સ પોલિસી લાગુ કરી સજા આપવામાં આવશે.

**● સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ 16 માર્ચે જાહેર થશે**

ચૂંટણી પંચે શુક્રવારે કહ્યું છે કે લોકસભા ચૂંટણીની તારીખો આવતીકાલે એટલે કે 16 માર્ચે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચે કહ્યું કે સામાન્ય ચૂંટણીની સાથે કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખો શનિવારે બપોરે 3 વાગ્યે જાહેર કરવામાં આવશે. ચૂંટણીની તારીખોની જાહેરાત ચૂંટણી પંચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે. હવે માત્ર 85 વર્ષથી વધુ વયના વૃદ્ધ મતદારો જ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકશે.

## હું તમિલનાડુની ધરતી પર મોટા પરિવર્તન જોઈ રહ્યો છું : PM મોદી

### મોદીએ કહ્યું- તમિલનાડુમાં ભાજપનું પ્રદર્શન આ વખતે DMK અને કોંગ્રેસના I.N.D.I.ગઠબંધનનું બધુ અભિમાન ઉતારી દેશે

હૈદરાબાદ, તા. 15

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે તમિલનાડુના કન્યાકુમારીમાં જાહેરસભા સંબોધી હતી. PMએ કહ્યું- દેશના આ દક્ષિણ ભાગમાં કન્યાકુમારીથી આજે જે લહેર ઉઠી છે તે ખૂબ દુર સુધી જવાની છે. હું 1991માં એકતા યાત્રા લઈને કન્યાકુમારીથી કાશ્મીર ગયો હતો, આ વખતે હું કાશ્મીરથી કન્યાકુમારી આવ્યો છું. મોદીએ વધુમાં કહ્યું- જમ્મુ-કાશ્મીરના લોકોએ દેશના ભાગલા પાડવાનું સ્વપ્ન જોનારાઓને નકારી દીધા છે. હવે તમિલનાડુના લોકો પણ આવું કરવા જઈ રહ્યા છે. હું તમિલનાડુની ધરતી પર મોટા પરિવર્તન જોઈ રહ્યો છું. આ વખતે તમિલનાડુમાં ભાજપનું પ્રદર્શન ડીએમકે અને કોંગ્રેસના INDI ગઠબંધનનું બધુ અભિમાન ઉતારી દેશે.



### INDI ગઠબંધનના લોકોનો ઈતિહાસ કૌભાંડોથી ભરેલો છે : પીએમ મોદી

INDIનું ગઠબંધન ક્યારેય તમિલનાડુને વિકસિત નહીં કરી શકે. આ લોકોનો ઈતિહાસ કૌભાંડોથી ભરેલો છે. આ લોકોની રાજનીતિનો આધાર પ્રજાને લૂંટવા માટે સત્તામાં આવવાનો છે. એક તરફ ભાજપની કલ્યાણકારી યોજનાઓ છે તો બીજી તરફ કરોડોના કૌભાંડો છે. અમે ઓપ્ટિકલ ફાઈબર અને 5G આપ્યું, અમારા નામે ડિજિટલ ઈન્ડિયા સ્કીમ છે.

## બિહારમાં મંત્રીમંડળનું વિસ્તરણ

### ભાજપના 12 અને JDUના 9, પૂર્વ ડેપ્યુટી સીએમ રેણુ દેવીએ લીધા શપથ

પટણા, તા. 15

બિહાર મંત્રીમંડળના વિસ્તરણ માટે રાજભવન ખાતે નવા મંત્રીઓનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં અશોક ચૌધરી, રેણુ દેવી, લેસી સિંહ, નીરજ બબલુ, મદન સાહની અને નીતિન નબીને શપથ લીધા છે. નીતિશની મંત્રીમંડળમાં કુલ 21 ચહેરાઓને સ્થાન મળ્યું છે. રેણુ દેવી, મંગલ પાંડે, નીરજ કુમાર બબલુ, અશોક ચૌધરી, લેસી સિંહ, મદન સાહની, નીતિશ મિશ્રા, નીતિન નવીન, દિલીપ કુમાર જયસ્વાલ, મહેશ્વર હજારી, શીલા કુમારી મંડળ, કેદાર પ્રસાદ ગુપ્તા, સુરેન્દ્ર મહેતા અને સંતોષ કુમાર સિંહ નવા મંત્રી બન્યા છે.

### દિલ્હી દારૂનીતિ કૌભાંડ કેસમાં EDએ લીધા એક્શન

## KCRના પુત્રી કે કવિતાની અટકાયત કરાઈ

**કે.કવિતા સામે મની લોન્ડરિંગ કેસમાં તપાસના ભાગરૂપે ઈડીની કાર્યવાહી**



નવી દિલ્હી, તા. 15

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હી લિકર પોલિસી કેસ (Delhi Excise Policy)માં તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવની પુત્રી કે.કવિતાને કસ્ટડીમાં લીધી છે. ઈડીની ટીમ કવિતાને હૈદરાબાદથી દિલ્હી લઈને આવી રહી છે. એવું કહેવાય છે કે, મની લોન્ડ્રિંગ કેસમાં તપાસ હેઠળ કવિતા સામે આ કાર્યવાહી કરાઈ છે. અગાઉ ઈડીની ટીમે કવિતાને બે વખત સમન્સ પાઠવ્યા હતા, જોકે તેઓ સમન્સની અવગણના કરી હતી. ત્યારબાદ ટીમે આજે આ કાર્યવાહી કરી છે. ઈડીની ટીમે મની લોન્ડ્રિંગ કેસી તપાસ કરવા માટે હૈદરાબાદમાં ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ની નેતા કે.કવિતાના ઘરે દરોડો પાડ્યો હતો. ઈડીએ તેમની પૂછપરછ કરી હતી.

**● કે કવિતાનું લિકર કારોબારીઓની લોબી 'સાઉથ ગ્રૂપ' સાથે કનેક્શન**

એવું કહેવાય છે કે, બે વખત સમન્સ પાઠવવા છતાં તેલંગણાની સાંસદ કવિતા હાજર ન થતા ઈડીએ આ કાર્યવાહી કરી છે. ઈડીએ દાવો કર્યો હતો કે, કવિતા લિકર કારોબારીઓની લોબી 'સાઉથ ગ્રૂપ' સાથે જોડાયેલી હતી. તેમણે 2021-22 માટેના દિલ્હી લિકર પોલિસીમાં એક મોટી ભૂમિકા નિભાવવાનો પ્રયાસ કર્યો હતો. હવે આ નીતિ રદ કરી દેવામાં આવી છે.

### બીગ બીની તબિયત અંગે મોટા સમાચાર, પગની એન્જીયોપ્લાસ્ટી થઈ, હોસ્પિટલથી મળી રજા

મુંબઈ : અમિતાભ બચ્ચનને એન્જિયોપ્લાસ્ટી બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે અને હાલમાં તેઓ એકદમ બિલકુલ સ્વસ્થ છે. હકીકતમાં હાલમાં સોશિયલ મીડિયામાં એવા સમાચાર વહેતા થયા હતા કે, તેમના હૃદયની એન્જિયોપ્લાસ્ટી માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીગ બીને હોસ્પિટલમાં દાખલ કર્યાના સમાચાર મળતા જ તેમના ચાહકો બીગ બીને સાજા થવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. પરંતુ તમને જણાવી દઈએ કે, અમિતાભ બચ્ચનના પગ ગંઠાઈ જવાના કારણે પગની એન્જીયોપ્લાસ્ટી કરવા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, નહીં કે હૃદયની એન્જિયોપ્લાસ્ટી. અને તેના માટે તેમને કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

### લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે 'હાથ બદલેગા હાલાત'નો નવો નારો આપ્યો

નવી દિલ્હી : કોંગ્રેસે લોકસભા ચૂંટણી 2024 માટે નવો નારો આપ્યો છે. દેશમાં લોકસભા 2024ની ચૂંટણીની જાહેરાત થયા પહેલા કોંગ્રેસે 'હાથ બદલેગા હાલાત'નો નારો આપ્યો છે. રાહુલ ગાંધીએ ભાજપ પર નફરતની રાજનીતિ કરવાનો આરોપ પણ લગાવ્યો છે અને હવે પાર્ટીએ ચૂંટણી પહેલા દેશની સ્થિતિ બદલવાનો નારો આપ્યો છે. જણાવી દઈએ કે કોંગ્રેસ સતત કેન્દ્રમાં શાસિત મોદી સરકાર પર આરોપ લગાવી રહી છે કે કેન્દ્ર સરકારના શાસનમાં દેશ ઘણા ક્ષેત્રોમાં પાછળ રહ્યો છે. ધર્મ અને જાતિના નામે રાજકારણ રમાઈ રહ્યું છે. જણાવી દઈએ કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાની શરૂઆત પહેલા કોંગ્રેસે એક નવો નારો આપ્યો હતો. અગાઉ રાહુલ ગાંધીની યાત્રાનું નામ ભારત જોડો યાત્રા હતું.

### લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપની તબિયત લથડી, છાતીમાં દુ:ખાવાની ફરિયાદ

પટણા : બિહારના પૂર્વ મંત્રી અને RJD સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેજ પ્રતાપને છાતીમાં દુ:ખાવાની ફરિયાદ થઈ હતી ત્યારબાદ તેમને તાત્કાલિક પટનાના રાજેન્દ્ર નગર સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટર્સની ટીમ તેજ પ્રતાપની સારવાર કરી રહી છે. તેમની કેટલીક તસવીરો પણ સામે આવી છે જેમાં તેઓ ઓક્સિજન માસ્ક પહેરેલા નજર આવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી પ્રમાણે તેજ પ્રતાપ પોતાના ઘર પર હતા ત્યારે જ તેમને છાતીમાં દુ:ખાવો થયો અને શ્વાસ લેવામાં મુશ્કેલી થવા લાગી હતી. ત્યારબાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ગુરુવારે તેજ પ્રતાપ યાદવ બક્સર જિલ્લાની મુલાકાતે હતા ત્યાં કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી હતી.

### અમેરિકાએ નાગરિકતા સંશોધન કાયદો અંગે ચિંતા વ્યક્ત કરતા ભારતે ઉઠાવ્યો વાંધો

## અમેરિકાને CAA મુદ્દે બોલવું ભારે પડ્યું, ભારતે ઝાટકણી કાઢી કહ્યું : આમાં તમારી ટિપ્પણીની કોઇ જરૂર નથી...

નવી દિલ્હી, તા. 15

અમેરિકાએ ભારતમાં નાગરિકતા સંશોધન કાયદો (CAA) લાગુ કરવા મુદ્દે ચિંતા વ્યક્ત કરતા ભારતે વાંધો ઉઠાવી સ્પષ્ટ જવાબ આપી દીધો છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે કહ્યું કે, સીએએ ભારતનો આંતરિક મામલો હોવાથી તેમાં અમેરિકાની ટિપ્પણી અનિચ્છનીય અને બિનજરૂરી છે અને તેની પાસે સીએએ અંગે ખોટી માહિતી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું કે, એક્ટના નોટિફિકેશન બાદ અમેરિકાએ ચિંતા વ્યક્ત કરતા, અમે તેનાથી સખત વાંધો છે. આ અમારો આંતરિક મામલો હોવાથી અમેરિકાએ તેમાં ટિપ્પણી ન કરવી જોઈએ.



### ભારતીય વિદેશ મંત્રાલયે શું કહ્યું ?

વિદેશ મંત્રાલયે ઘણા તથ્યો સાથે અમેરિકાને સ્પષ્ટ જવાબ પણ આપ્યો છે. મંત્રાલયે કહ્યું કે, 'આ એક્ટથી અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ (Afghanistan, Pakistan, Bangladesh)માં ધર્મના આધારે હેરાન થઈ રહેલા લઘુમતી હિંદુ, શીખ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી અને પારસી લોકોને શરણ આપવામાં આવશે. આ એક્ટથી તે લોકોને ભારતીય નાગરિકતા મળશે, જેઓ 2014 પહેલા ભારત આવ્યા હતા. આ કાયદો નાગરિકતા આપવા માટે લવાયો છે, તે ધ્યાન રાખવું જોઈએ. આ કાયદો તેવા લોકોને એક દેશની નાગરિકતા આપશે, જેઓ હાલ કોઈપણ દેશના નથી.

### CAA મામલે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનને પણ વાંધો

હ્યુમન રાઈટ્સ વૉચ અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનું કહેવું છે કે આ કાયદો મુસ્લિમો સાથે ભેદભાવ કરે છે. CAA હેઠળ આવા દેશોના શિયા મુસ્લિમો જેવા મુસ્લિમ લઘુમતીઓને સ્થાન આપવામાં આવ્યું નથી. હ્યુમન રાઈટ્સ વૉચે કહ્યું કે ભારતે CAAમાંથી એવા પડોશી દેશોને પણ બાકાત રાખ્યા છે જ્યાં મુસ્લિમો લઘુમતીમાં છે. અહીં મ્યાનમારનો ઉલ્લેખ કરાયો હતો કે જ્યાં રોહિંગ્યા લઘુમતીમાં છે. સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર હાઈકમિશનરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'અમે 2019 માં જ કહ્યું હતું કે અમે ભારતના નાગરિકતા (સુધારા) કાયદો 2019 (CAA) વિશે ચિંતિત છીએ કારણ કે તે મૂળભૂત રીતે ભેદભાવ કરે છે.




### આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે

# માંડવી તાલુકાના બૌધાન, મોરીઠા અને કલમકુવા ખાતે વિવિધ યોજના અંતર્ગત રૂ.54.11 કરોડના 35 વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું

સુરત : આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના બૌધાન, મોરીઠા અને કલમકુવા ગામોમાં વિવિધ યોજના અંતર્ગત મંજુર થયેલા રૂ.૫૪.૧૧ કરોડના ૩૫ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. માંડવીના બૌધાન ગામે આયોજિત કાર્યક્રમમાં બારડોલીના સાસંદશ્રી પ્રભુભાઈ વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડવી વિકાસના કામોમાં હરણફાળ ભરી રહ્યું છે. રાજ્ય સરકાર નાનામાં નાના વ્યક્તિનો વિચાર કરીને એ દિશામાં કામ કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી



નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છે. રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું રાજ્ય સરકાર દ્વારા શ્રેણીબદ્ધ વિકાસકામો થઈ રહ્યા હોવાનું જણાવતા મંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓ અને ગામના સરપંચ અને પંચાયતના સભ્યોને લોકોના સતત સંપર્કમાં રહી તેમની લાગણીઓ અને માંગણીઓ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા સાથે વધુમાં વધુ વિકાસકામો સમયબદ્ધ રીતે પૂર્ણ કરવાં અનુરોધ કર્યો હતો.

# જાફરાબાદના સામાકાંઠા ના તલાવડી વિસ્તારમાં ખદબદતી ગંદકી દિન-પ્રતિદિન વધતો ઉકરડો

### પાલિકાના ધ્યાન ઉપર આવતું નથી અનેક સમસ્યાઓથી જનતા ત્રાહિમામ

કિશોર આર. સોલંકી- જાફરાબાદ : જાફરાબાદના સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં ઘણા સમયથી ખદબદતી ગંદકી બાબતે જવાબદાર અધિકારી આંખ કાન બંધ કરી કુંભકર્ણની નિદ્રામાં હોય તેવું જોતા જણાય રહ્યું છે. સમસ્યાઓ નો સામનો જાફરાબાદ સામાકાંઠા ની જનતા જનાર્દન કરી રહીં છે. પીવાના પાણીની સમસ્યા દિનપ્રતિદિન વધી રહી છે. તો બીજી બાજુ સફાઈ નો આભાસ અને ગટર ના ગંધાતા પણી અનેક સમસ્યાઓનો સામનો કરતી જનતા આ બાબતે પાલિકા ગંભીરતા લેતી નથી અને જવાબદાર



અધિકારીઓ ચેમ્બર માં બેઠી એંસી ની હવા ખાઈ રહ્યા છે. જનતા પાસેથી વેરો વસુલવા માટે ગાડીમાં લાઉડસ્પીકર થી વેરો ભરવા માટે જનતા ને પાલિકા દ્વારા જણાવવામાં આવશે પરંતુ વેરો વસુલી કરી ને પણ સારી એવી સુવિધા દેવામાં પાલિકા કેમ નિષ્ફળ આ બાબતે જનતા માંથી રોષ જોવા મળ્યો છે. ગંદકી બાલકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં ખડકાયેલા ઉકરડા શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા ઝીરો જાફરાબાદ ના સામાકાંઠે આવેલ તલાવડીમાં રહેણાંક માં ખદબદતી ગંદકી પરંતુ જવાબદાર અધિકારીઓ ના ધ્યાન ઉપર આવતું નથી અવારનવાર દૈનિક સમાચારપત્રમાં આ બાબતે અવાર-નવાર અહેવાલ રજુ થતા હોય પરંતુ સાફસફાઈ માત્રને માત્ર થોડો ઘણો કચરો ટ્રેક્ટર દ્વારા ઉપાડી અને બીજો ગંદવાડો મુકીને નાટક કરી ચાલ્યા જાય છે.

# જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા દીકરીઓને એજ્યુકેશન કીટ વિતરણ



વિશાલ જે હરવરા - જામનગર : જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી- જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં કિશોરી અને મહિલા જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. લાલપુર તાલુકામાં સ્થિત શ્રી આર.એલ.છત્રોલા શિશુમંદિરની દીકરીઓને એજ્યુકેશન કીટ વિતરણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કિશોરીઓમાં કુપોષણ અટકાવવા માટેના પગલાં, ગુડ ટચ એન્ડ બેડ ટચ વિશેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં 50 જેટલી દીકરીઓ સહભાગી બની હતી. કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી, સ્ટાફ મિત્રો, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમનના ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અલ્પાબેન, શ્રી અસ્મિતાબેન સાદિયા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીના સ્ટાફગણ હાજર રહયા હતા. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચાણસ્માના સોજીત્રા થી વસઇ ગામને જોડતો માર્ગ ચાલુ કરવા ગ્રામજનો ની ઉગ્ર માંગ

### રેલ્વે વિભાગ દ્વારા ચાલુ કામમાં રસ્તો બંધ કર્યો હતો



નિતીન ઠાકર - ચાણસ્મા : ચાણસ્મા તાલુકાના સોજીત્રા ગામથી તાલુકાના વસઈ ગામને જોડતો માર્ગ પર અત્યારે ચાલી રહેલા રેલ્વે ના કામકાજ દરમિયાન માર્ગ પર આડશો મૂકી ને માર્ગ બંધ કરવામાં આવતાં બંને ગામ સહિત આજુબાજુના નવ જેટલા ગામોને પણ જીલ્લા મથક પાટણ ખાતે જવામાં ભારે તકલીફ પડી રહી હોવાનું ગ્રામજનો દ્વારા જણાવ્યું હતું ત્યારે સત્વરે રેલ્વે વિભાગ દ્વારા આડશો મૂકી ને બંધ કરવામાં આવેલો માર્ગ ખુલ્લો કરવામાં આવે તેવી બંને ગામ સહિત આજુબાજુના નવ ગામના લોકો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે તેમજ જો સત્વરે માર્ગ ખુલ્લો નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી પ્રાપ્ત વિગતો મુજબ ચાણસ્મા ખાતે રણુંજ બેચરાજી રેલ્વે બ્રોડગેજ નું કામકાજ અત્યારે હાલના સમયમાં પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે ચાણસ્મા તાલુકાના સોજીત્રા ગામથી વસઈ ગામને જોડતો માર્ગ પર રેલ્વે વિભાગ દ્વારા આડશો મૂકી રસ્તો બંધ કરી દેવામાં આવતા બંને ગામ સહિત આજુબાજુના નવ ગામના લોકો ત્યાંથી પસાર ન થઇ શકતાં હોય પારાવાર મુશ્કેલીનો સામનો કરવાનો વખત આવ્યો હોવાનું જણાવી રહ્યા છે .

# પ્રોજેક્ટ ફોર્ચ્યુન સુપોષણ અંતિમ-મુલ્યાંકન શેરીંગ વર્કશોપ યોજાયો



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા: છેલ્લા પાંચ વર્ષથી નર્મદા જિલ્લામાં સરકારના સહયોગમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા કાર્યરત ફોર્ચ્યુન સુપોષણ પ્રોજેકટની અંતિમ મુલ્યાંકન શેરીંગ વર્કશોપ નું આયોજન રાજપીપળા ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં પાંચ વર્ષ દરમિયાન અદાણી ફાઉન્ડેશન દ્વારા કરેલી કામગીરી અને એના થકી મળેલા પરિણામોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા આઈ.સી.ડી.એસ. અધિકારીની પ્રેરક હાજરીમાં આ વર્કશોપનું આયોજન થયું હતું. વર્કશોપની શરૂઆતમાં અદાણી ફાઉન્ડેશનના શીતલ પટેલએ પાંચ વર્ષના સમયગાળામાં થયેલ કામગીરીની વિગતો રજૂ કરી હતી. જૂન ૨૦૧૮ થી નર્મદા જીલ્લામાં ફોર્ચ્યુન સુપોષણ પ્રોજેક્ટના અસરકારક અમલીકરણ સરકારના આઈ.સી.ડી.એસ. વિભાગ સાથે રહીને રચનાત્મક અને વિવિધ પ્રકારની કામગીરી જિલ્લાના ૫૬૨ જેટલા ગામોમાં કરવામાં આવી છે. માતાઓ અને બાળકો ના અરોગ્ય અને પોષણ માટે રચનાત્મક કામગીરી કરીને પોષણ ઝુંબેશ કરવામાં આવી.

# અરવલ્લી જિલ્લાની વિકાસગાથા રજૂ કરતી પુસ્તિકા 'વિકાસ વાટિકા'નું અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ભિખુસિંહ પરમારનાં હસ્તે વિમોચન



રાકેશ મહેતા - ધનસુરા : અરવલ્લી જિલ્લામાં સરકારશ્રીની યોજનાકીય સિદ્ધિઓ અને વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલાં વિકાસકાર્યોને ઉજાગર કરતી 'વિકાસ વાટિકા ૨૦૨૩-૨૪'નું લોકાર્પણ આજે રાજ્યનાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભિખૂસિંહ પરમાર દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. અરવલ્લીનાં કલેક્ટરશ્રી પ્રશસ્તિ પરિકએ મંત્રીશ્રીને પુસ્તિકામાં સમાવિષ્ટ વિગતો અને આલેખન અંગે માહિતી આપી હતી.આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પ્રિયંકા ડામોર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દીપેન કેડિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી રાજેશ કુચારા, સહાયક માહિતી નિયામક નિધિ જયસ્વાલ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે 'વિકાસ વાટિકા ૨૦૨૩-૨૪' જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પરિક અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેન કેડિયાનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા આયોજન કચેરીના સંયુક્ત પ્રયાસોથી તૈયાર કરવામાં આવી છે.

# જામનગરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સપ્તાહ નિમિતે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



વિશાલ જે હરવરા - જામનગર : જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી- જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં કિશોરી અને મહિલા જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતુ હોય છે. "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સપ્તાહ" નિમિતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા જામનગર શહેરમાં ખોડિયાર કોલોની ખાતે સ્વરોજગારની તાલીમ મેળવતી મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓને રાજ્ય સરકાર દ્વારા મહિલા અને બાળ કલ્યાણની વિવિધ યોજના વિષે માહિતી તેમજ મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ અને 181 અભયમ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# પાલનપુરમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી આગળ પાર્ક કરેલ ગાડીમાં આગ લાગતાં અફરા તફરી મચી ગઇ હતી



પાલનપુર : પાલનપુર જોરાવર પેલેસ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ની કચેરી આગળ પાર્ક કરેલ ગાડી માં અચાનક આગ લાગતાં અફરા તફરી મચી ગઈ હતી આજુ બાજુના સ્થાનિક લોકો દ્વારા ફાયર ની બોટલો અને પાણી નો મારો ચલાવ્યો હતો આગ પર કાબુ નાં આવતા સ્થાનિક ફાયર સ્ટેશન ને જાણ કરતાં ફાયર ની ગાડી તાત્કાલિક ધટના સ્થળે આવી પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી આગ ને ઓલવી નાખી હતી આગ કેવી રીતે લાગી હતી તેનુ કારણ જાણવા મળેલ નથી આગ પર કાબૂ આવતાં સ્થાનિક લોકો એ હાશકારો અનુભવ્યો હતો.

# નર્મદા જીલ્લામાં સરકારી વિભાગ અને અદાણી ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોથી કુપોષણ ક્ષેત્રે અસરકારક પરિણામ મળ્યા

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા: છેલ્લા પાંચ વર્ષથી નર્મદા જિલ્લામાં સરકારના સહયોગમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા કાર્યરત ફોર્ચ્યુન સુપોષણ પ્રોજેકટની અંતિમ મુલ્યાંકન શેરીંગ વર્કશોપ નું આયોજન રાજપીપળા ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં પાંચ વર્ષ દરમિયાન અદાણી ફાઉન્ડેશન દ્વારા કરેલી કામગીરી અને એના થકી મળેલા પરિણામોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા આઈ.સી.ડી.એસ. અધિકારીની પ્રેરક હાજરીમાં આ વર્કશોપનું આયોજન થયું હતું.

વર્કશોપની શરૂઆતમાં અદાણી ફાઉન્ડેશનના શીતલ પટેલએ પાંચ વર્ષના સમયગાળામાં થયેલ કામગીરીની વિગતો રજૂ કરી હતી. જૂન ૨૦૧૮ થી નર્મદા જીલ્લામાં ફોર્ચ્યુન સુપોષણ પ્રોજેક્ટના અસરકારક અમલીકરણ સરકારના આઈ.સી.ડી.એસ. વિભાગ સાથે રહીને રચનાત્મક અને વિવિધ પ્રકારની કામગીરી જિલ્લાના ૫૬૨ જેટલા ગામોમાં કરવામાં આવી છે. માતાઓ અને બાળકો ના અરોગ્ય અને પોષણ માટે રચનાત્મક કામગીરી કરીને પોષણ ઝુંબેશ કરવામાં આવી.જેમાં નર્મદા જિલ્લાના ૯૫૨ આંગણવાડી બહેનો અને ૨૧૫ સંગીની બહેનો ઉત્સાહભેર સહકારથી વિવિધ કામગીરી કરી. IIPH (Indian Institute of public health, Gandhinagar) તરફથી કરવામાં આવેલ ફોર્ચ્યુન સુપોષણ પ્રોજેક્ટના અંતિમ મુલ્યાંકન ના પરિણામની વિગતો અદાણી ફાઉન્ડેશનના સુપોષણ અને કોમ્યુનિટી હેલ્થના હેડ વિવેક યાદવે આપી હતી.

# આહવા સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર દ્વારા પરિવારની પરવાનગી વગર જ યુવકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવતા હોબાળો

સુશીલ પવાર- ડાંગ : ડાંગ જિલ્લાનાં ભવાડી ગામ ખાતે રહેતો ચેતન ગોંડ નામનો યુવક પોતાના કબજાની મોટરસાયકલ પર સવાર થઈને નિલશાક્યા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યો હતો.ત્યારે યુવકની પોતાની ભૂલને કારણે મોટરસાયકલ પરથી પડી ગયો હતો અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ યુવકને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.જ્યાં યુવકનું મોત નીપજ્યુ હતુ.આ અકસ્માતમાં યુવકનું મોત થવાથી પોલીસ હોસ્પિટલ ખાતે પહોંચી હતી.પોલીસ દ્વારા યુવકના પરિવારને પૂછવામાં આવ્યુ હતુ કે,' યુવકનું પોસ્ટમોર્ટમ કરવું છે કે નહીં ?' ત્યારે યુવકના પરિવાર એ પોસ્ટમોર્ટમ કરવા માટે સ્પષ્ટપણે ના કહ્યુ હતુ.અને સ્થાનિક આગેવાનો તથા પરિવારના



સભ્યોએ સખત વિરોધ નોંધાવ્યો હતોઆ સમગ્ર મામલાને લઈને આહવા સિવિલ હોસ્પિટલનાં આર.એમ.ઓ ડૉ.હરેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે ગેરસમજનાં કારણે યુવકના પરિવાર અને ટોળાએ હોબાળો મચાવ્યો હતો.અકસ્માતમાં યુવકનું કયા કારણસર મોત થયું છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 18 POS મશીનનું ઉદઘાટન કરવામાં આવ્યુ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાના સુવર્ણ સપનાને સાકાર કરવા ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે ૧૮ P.O.S મશીનોનો શુભારંભ કર્યો. આ મશીનો શહેરના નાગરિકો માટે નાણાં ચૂકવણીની સુવિધામાં ક્રાંતિ લાવશે. ગાંધીનગર મહાનગરપાલિકાના રંગમંચ, હિસાબી, પ્રોપર્ટી ટેક્ષ, ટાઉન પ્લાનિંગ, જન્મ-મરણ તેમજ લગ્ન નોંધણી સહિત અનેક વિભાગોમાં આ P.O.S મશીનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. નાગરિકો હવે કેશની ચિંતા વગર, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, UPI કે અન્ય ડિજિટલ પદ્ધતિઓ દ્વારા સરળતાથી ચુકવણી કરી શકશે. ગાંધીનગર મહાનગરપાલિકા ભવિષ્યમાં પણ ડિજિટલ ગાંધીનગર બનવા તરફના તેના પ્રયાસો ચાલુ રાખશે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર જે. એન. વાઘેલા, ડે. કમિશનર જે. એમ. ભોરણીયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજપીપળા નગરપાલિકાના બાકી વેરો નહિ ભરતા નળ કનેક્શન કાપવા જતા વડફળીયાના રહીશો સાથે ઘર્ષણ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : રાજપીપળા નગર પાલિકા દ્વારા માર્ચ એન્ડિંગમાં વેરા વસુલાત ની કામગીરી ચાલી રહી છે ત્યારે વર્ષોથી વેરા ભરવા વારંવાર નોટિસો આપવા છતાં માઈકમાં વેરા ભરવા જાહેર પ્રચાર કરવા છતાં દસેક વર્ષથી પાલિકાના વેરા ના ભરતા રહીશો પાસે વેરા ઉઘરાવવા જવા છતાં ના ભરવા માંગતા રહીશોના પાણીના કનેક્શન કાપવા થી લઈને મિલકત સીલ મારવા માટે પાલિકા ની ટીમ નીકળતા ત્રણ ચાર દિવસમાં બે દુકાનો ને સિલ માર્યા અને 4 જેટલા નળ કનેક્શનો કાપવામાં આવ્યા હતા. જ્યારે શુક્રવારે વડ ફળિયા વિસ્તારમાં પાલિકા ની ટીમ વેરો ઉઘરાવવા નીકળ્યા ત્યારે સ્થાનિક રહીશોએ રૂપિયા નથી ઘર સીલ મારી દો કહી પાલિકા ના કર્મચારી સાથે ઘર્ષણમાં ઉતર્યા અને કર્મચારીઓ ને મારવાની કોશિશ કરતા



કર્મચારીઓએ પોલીસ સ્ટેશને પહોંચી બે થી ત્રણ રહીશો જે કર્મચારીઓ સાથે દાદાગીરી કરતા હતા તેમના વિરુદ્ધ લેખિત રજૂઆત કરતા પોલીસે તાત્કાલિક એક્શન લઈ સ્થાનિકો ની સામે કાર્યવાહી હાથ ધરી હતી. રાજપીપળા નગરપાલિકા દ્વારા દર વર્ષે 70થી 80 ટકા વેરા વસુલાત થાય છે. જ્યારે વર્ષોથી વેરો ભરતા ના હોય એવા રહીશો ના નળ કનેક્શન કાપી નખવામાં આવતા હોય છે.

# જિલ્લા કલેકટરશ્રી બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની સમીક્ષા બેઠક યોજાઇ



વિશાલ જે હરવરા જામનગર : જામનગર જિલ્લા કલેક્ટરશ્રી બી. કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જામનગર જિલ્લો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રવાસન સ્થળોની દ્રષ્ટિએ સૌરાષ્ટ્ર પંથકમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ સમિતિના સદસ્યો સાથે પરામર્શ બાદ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં અનેક સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળો આવેલા છે અને પ્રવાસન ક્ષેત્રમાં વિકાસની ઉત્તમ તકો રહેલી છે. રાજ્યમાં મોઢેરા સૂર્યમંદિર બાદ બીજું સુર્યમંદિર જામનગરમાં આવેલું છે, જે જિલ્લાની વિશેષતા છે. બાલાચડી બીચ અને મરિન નેશનલ પાર્કમાં ઈકો ટુરિઝમ પ્લેસ તરીકે તેને વિકસિત કરવાની ઉજળી તક રહેલી છે. તેમજ જિલ્લાના પ્રવાસન સ્થળનો વિશેષ ડેટા એકત્ર કરવામાં આવશે. આ સમીક્ષા બેઠકમાં ધારાસભ્યશ્રી હેમંતભાઈ ખવા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટરશ્રી બી. એન.ખેર, વાસ્મો યુનિટ મેનેજરશ્રી ભાવિકા જાડેજા તેમજ સમિતિના અન્ય સદસ્યો હાજર રહ્યા હતા.

# વાવ તાલુકા હેલ્થ ઓફિસ દવારા તાલુકા કક્ષાનો આશા સંમેલન યોજાયું



કિરણભાઈ એપા- વાવ બનાસકાંઠા : મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ની સૂચના મુજબ અને તાલુકા આરોગ્ય અધિકારી ડો.ભરત એસ.મનવર ના માર્ગદર્શન હેઠળ વાવ તાલુકા કક્ષાનો આશા સંમેલન કાર્યક્રમ એપીએમસી હોલ વાવ ખાતે રાખવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે ડો.અરુણ આચાર્ય ભૂતપૂર્વ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા નાગજીભાઈ પટેલ એપીએમસી ચેરમેન વાવ તથા ભરતસિંહ સોઢા સરપંચ વાવ ઉપસ્થિત રહ્યા હતા જેમાં આશા વર્કર અને આશા ફેસીલીટરને વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ એક થી ત્રણ નંબર પસંદ કરી અને તેમને પ્રમાણપત્ર તથા એવોર્ડ એનાયત કરવામાં આવેલ આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર તથા મ.પ.હે. સુ. તથા ફિ. હે.સુ.તથા તાલુકા કક્ષાનો સ્ટાફ હાજર રહેલ અને આશા સંમેલનમાં આશાઓની કામગીરી વિશેની વિસ્તૃત માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ કાર્યક્રમનું સફળ સંચાલન જી.આર. પંચાલ તાલુકા આરોગ્ય સુપરવાઈઝર વાવ તથા એ. ડી.પરમાર તથા પ્રકાશ વેણ મ.પ.હે.વ.વાવ દ્વારા કરવામાં આવી હતી.

# નર્મદા ઉત્તરવાહીની પરીક્રમા પરંપરા મુજબ,યાત્રીઓને કોઈ અગવડ ન પડે એ માટે નર્મદા કલેકટરને આવેદન

**પશ્ચિમ રેલવે**

**શુદ્ધિપત્ર**

ઈ-ઓક્શન સેલ નોટિફિકેશન નંબર SIII/ ઓક્શનપ્રોગ્રામ-1/MARCH-2024 તારીખ 05/02/2024. નીચેના વિભાગ માટે અસ્તિત્વમાં આવતા ઉપરાંત P.Way સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટેનો વધારાનો સ્ક્રેપ મટીરીયલ માર્ચ 2024માં હાથ ધરવામાં આવશે. વિભાગ: અમદાવાદ, વધારાની ઈ-ઓક્શન પ્રોગ્રામ નવેમ્બર, 2 0 2 3: 22.03.2024, ડિવિઝનલ ઈન્ચાર્જ ઓફિસર: સિનિયર ડિવિઝનલ મટીરીયલ મેનેજર અમદાવાદ, કોન્ટેક્ટ નંબર: 07922205888, 09724093750. અન્ય તમામ સેવાઓ અને ટેન્ડર શરતો સમાન રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને મટિરિયલ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની પશ્ચિમ રેલવેની વેબસાઈટ એટલે કે www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો. તેમજ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલની મુલાકાત લો. 1271

અમને લાઈક કરો: facebook.com/WesternRly

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : વિશ્વ હિન્દુ પરીષદ, નર્મદા તથા બજરંગ દળ,નર્મદા દ્વારા નર્મદા કલેક્ટર ને આવેદનપત્ર આપવામાં આવ્યું જેમાં જણાવ્યા મુજબ આવનાર ચૈત્ર મહીનામાં માઁ નર્મદાની ઉત્તરવાહીની યાત્રા શરૂ થવા જઈ રહી છે. જેમાં ગૂજરાત તથા ભારતના ખૂણે-ખૂણેથી યાત્રાળુઓ આવતા હોય છે. આ યાત્રા ઋષિ મુનિઓની પરંપરાથી ચાલતી આવેલી છે. વર્ષો અગાઉ થી જે રૂટ ચાલે તે મુજબ આ વર્ષે પણ ચાલુ રહે અને આવનાર યાત્રીઓને સરકાર તરફથી કોઈ અગવડ ન પડે તેમજ ખૂબ સરળ રીતે આ ઉત્તરવાહીની પરીક્રમા યાત્રા પૂરી થાય, તેવી વ્યવસ્થા આપ પાસેથી મળી રહે તેવી માંગ કરવામાં આવી છે. અમારા જાણવા મુજબ આપના દ્વારા બસો થી પરીક્રમા યાત્રાનું આયોજન થઈ રહયું છે,તેમાં અમારો વિરોધ છે. આમ ન થવું જોઈએ. વર્ષોથી ચાલતી પરંપરા મુજબ જ આ પરીક્રમા યાત્રા થવી જોઈએ.

# જૂનાગઢ મધ્યે "માળા પહેરામણી મનોરથ"નું આયોજન

મહેશ એલ. સોની નખત્રાણા : શ્રી નરભેરામ ગોકળદાસ બુદ્ધભટ્ટી પરિવાર તરફથી ગૌ.વા.કાકુભાઈ, ગૌ.વા.જગદીશભાઈ અને ગૌ .વા.રમેશભાઈને 'માળા પહેરામણી મનોરથ'નું અત્યંત સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતુ. ભક્તિભાવથી તરબોળ અલૌકિક વાતાવરણમાં, ૫. પૂ. મહારાજશ્રી સન્મુખ યોજાયેલ આ કાર્યક્રમમાં માળા પહેરામણી મંગળ મનોરથ સાથે હોળી રસિયા, રાસ ગરબા, યમુનાષ્ટક પાઠ, મહાપ્રસાદ, જ્ઞાતિ સમૂહ ભોજન, સામૈયા, વધાઈ કીર્તન, લોટી ઉત્સવ, આપશ્રીના વચનામૃત, ઢાઢી લીલા વગેરેનું અત્યંત સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. 'શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળ, જૂનાગઢ' સંસ્થા તરફથી કારોબારી સમિતિના સભ્યોએ આયોજક પરિવારના પ્રતિનિધિ તરીકે વડિલ શ્રી રસિકભાઈને શાલ ઓઢાડીને સન્માન કરવામાં



આવ્યું હતું. આ તકે આયોજક પરિવાર તરફથી સંસ્થાને ૧૧૦૧/- (અંકે રૂ. એક હજાર, એક સો અને એક પૂરા) શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. જ્ઞાતિના દરેક પરિવારોને ચૂલા દીઠ 'લાડુ ગોપાલ ઠાકોરજીના ભોગ લગાવવા માટે સુંદર મજાની નકશીદાર કલાત્મક પિતળની થાળી, કટોરી અને ચમચી તથા ગૌમાતાનું ખિલૌનુ લાણી ભેટ' આપવામા આવેલ હતુ.



વિશાલ જે હરવરા જામનગર : આગામી લોકસભા સામાન્ય ચુંટણી/2024 અનુસંધાને CAPFs (પોલીસ દળ) તથા સીટી એ પોસ્ટે ના પોલીસ સ્ટાફ દ્વારા ચુંટણી માં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને સમગ્ર ચુંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય અને કોઈ અન્છિનીય બનાવ ન બને તે માટે સીટી એ પોસ્ટે પોલીસ સ્ટાફ તેમજ CAPFs અધિકારી તથા જવાનો એ દરબારગઢ પાંચહાટડી ગુજરાતી વાડ પટણીવાડ કોળી વાસ ખાટકીવાડો ભોયવાડો વાઘેરવાડો મોતીસાર શાકમાર્કેટ દરબારગઢ પોલીસ ચોકી સુધી ફુટ પેટ્રોલીંગ કરવામાં આવેલ.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 20 દિવસ સુધી અંદર રહેતાં ફૂલી ગયો; અંતે સુરત સિવિલમાં બ્રોન્કોસ્કોપી સર્જરીથી ટુકડા કરી બહાર કાઢ્યો...

# બાળકીની શ્વાસનળીમાં કચૂકો ફસાયો...

**બલી ખાતા સમયે એનો ઠળિયો પ્રિયલની શ્વાસ નળીમાં ફસાઇ ગયો હતો.......**

સુરત | નાનાં બાળકો નાની ચીજવસ્તુઓ ગળી જવાના કારણે ગળા અને શ્વાસનળીમાં ફસાઈ જવાના કિસ્સાઓ અવારનવાર બનતા હોય છે. ગત રોજ એક 2 વર્ષનું બાળક પાંચ રૂપિયાનો સિક્કો ગળી જતાં ઓપરેશન કરવાની નોબત આવી હતી. ત્યારે સુરત સિવિલમાં વધુ એક બાળકીનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે. એક આઠ વર્ષની બાળકીની શ્વાસનળીમાં આંબલીનો ઠળિયો(આંબીલો) ફસાઈને ફૂલી ગયો હતો, તેથી તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. સિવિલ હોસ્પિટલમાં તેની સર્જરી કરવામાં આવી, આંબલીનો ટુકડો અંદર ફૂલી જતાં એના ટુકડા કરી બહાર કાઢવામાં આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, ડાંગ જિલ્લામાં આવેલા એક ગામમાં મહેશભાઈ ચૌધરી પરિવાર સાથે રહે છે. પરિવારમાં આઠ વર્ષની દીકરી પ્રિયલ છે. 20 દિવસ પહેલાં આંબલી ખાતા સમયે એનો ઠળિયો પ્રિયલની શ્વાસ નળીમાં ફસાઈ ગયો હતો. ત્યાર બાદ તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી, જેથી તેને આવા ખાતે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

બાળકીને વધુ સારવારની જરૂર હોવાથી વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તપાસ કરતા તેને શ્વાસ નળીમાં આંબલીનો ઠળિયો ફસાઈ ગયો હોવાની જાણ થઈ હતી. ત્યાર બાદ તેને સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સુરત સિવિલ હોસ્પિટલ પહોંચવા સુધીમાં 20 દિવસ જેટલો ટાઈમ થઈ ગયો હતો.



### બાળકી હાલ ઓબ્ઝર્વેશન હેઠળ

20 દિવસથી શ્વાસ નળીમાં ઠળિયો ફસાઈ જવાના કારણે એ ફૂલીને મોટો થઈ ગયો હતો, જેથી તેને ખેંચીને બહાર કાઢવો મુશ્કેલ હતો. સુરત સિવિલ હોસ્પિટલમાં એનટી વિભાગના તબીબો દ્વારા અડધાથી વધુ કલાકની સર્જરી કરીને આ ઠળિયાના ટુકડા કરી બહાર કાઢવામાં સફળતા મળી હતી. હાલ આ બાળકી સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂકી છે અને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવી છે.

**બ્રોન્કોસ્કોપી સર્જરી કરવી પડી :** હોસ્પિટલના ડોક્ટર રાહુલ પટેલે જણાવ્યું હતું કે વલસાડ ખાતેથી આ બાળકીને સુરત સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. વલસાડ સિવિલ હોસ્પિટલથી ઓક્સિજન સાથે જ તેને ખસેડવામાં આવતાં વધુ સરળતા રહી હતી. તેની શ્વાસનળીમાં કચૂકો એવી રીતે ચીપકી ગયો હતો કે એને ખેંચીને બહાર કાઢવો પોસિબલ ન હતો, જેથી બ્રોન્કોસ્કોપી સર્જરી કરી એના ટુકડા કરીને બહાર કાઢવામાં આવ્યો હતો.

---

## બિલ્ડરની પત્નીએ જ બિલ્ડિંગ પર 99 લાખની લોન લઇ હપ્તા ભર્યા નહીં

# બિલ્ડરે 13 ફ્લેટધારકો પાસેથી 1.64 કરોડ લઇ દસ્તાવેજ કરી ન આપતા ગુનો

સુરત | શહેરના વાડી ફળિયામાં શિવશક્તિ હેરીટેજ એપાર્ટમેન્ટના બિલ્ડરે ફલેટોનું વેચાણ કરી 13 લોકો પાસેથી 1.64 કરોડની રકમ મેળવી દસ્તાવેજ કરી આપ્યો ન હતો. ઉપરથી બિલ્ડિંગ પર 99 લાખની લોન લઈ હપ્તા ભર્યા ન હતા.




ડી.કે.એમ હોસ્પિટલની પાસે એમએમસી ટેનામેન્ટમાં રહેતા 27 વર્ષીય મનીષ રાણાએ દલાલ મુકેશ હસ્તક શિવશક્તિ હેરીટેજ એપાર્ટમેન્ટમાં 12.51 લાખમાં ફલેટ વેચાણથી લેવાનું નક્કી કર્યુ હતું. જેના માટે મનીષે ઉધના દરવાજા ઓપેરા હાઉસના બીજા માળે બિલ્ડરની ઓફિસે જઈ 1.52 લાખની રકમ બાના પેટે આપી હતી બાદમાં ટુકડે ટુકડે કરી 11.17 લાખની રકમ બિલ્ડરને આપી દીધી હતી. જ્યારે દસ્તાવેજ કરાવવા માટે વાત કરી ત્યારે બિલ્ડર ગલ્લા તલ્લા કર્યા હતા. પછી મનીષ રાણાને ખબર પડી કે જે ફલેટ તેણે ખરીદી કર્યો તેજ ફલેટ બિલ્ડરે કૈલાશબેન રાણાને વેચાણ આપી તેની પાસેથી 12 લાખની રકમ મેળવી હતી.

આ ઉપરાંત બિલ્ડરે 11 જણા પાસેથી 9 ફલેટો વેચાણ કરી કરોડોની રકમ મેળવી લીધી હતી. ટોટલ 13 જણા પાસેથી બિલ્ડરે 1.64 કરોડની રકમ મેળવી ફલેટોના દસ્તાવેજો કરી આપ્યા ન હતા. ઉપરથી શિવશક્તિ હેરીટેજ એપાર્ટમેન્ટની બિલ્ડિંગના દસ્તાવેજ પર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાંથી બિલ્ડર, તેની પત્ની અને દીકરીએ 99 લાખની લોન લીધી હતી. આ લોનના હપ્તા પણ ભરતા ન હતા. જેના કારણે નોટીસ લગાડી છે. મનીષ રાણાએ ફલેટ વેચાણથી લીધો ત્યારે જમીનદલાલ મુકેશને 2 ટકા દલાલી પણ આપી હતી.

ફલેટ હોલ્ડર મનીષ રાણાએ અઠવાલાઈન્સ પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે બિલ્ડર ભરત મોહનદાસ ભારવાણી, પત્ની આશા ભરત ભારવાણી, પુત્રી સીમરન ભરત ભારવાણી(ત્રણેય રહે,મોનાલીસા પાર્ક, સિટીલાઈટ) અને દલાલ મુકેશ જયંતી રંગરેજ(રહે,અનાવીલ શેરી,સગરામપુરા)ની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે.

---

# પ્રેમમાં નિષ્ફળતા મળતાં યુગલની આત્મહત્યા

રાજકોટ |રાજકોટ નજીકના મહિકા પાસે આવેલા રાધિકા પાર્ક-2 માં સ્થિત ટેનામેન્ટમાં ભાડેથી રહેતાં પ્રકાશ ચંદુભાઈ ખુમાણ (ઉ.વ. 22) અને તેની પરિણીત પ્રેમિકા ઉર્વશી ઉર્ફે ભાવીશા મહેશ વાઘેલા (ઉ.વ. 22)એ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પ્રેમમાં નિષ્ફળતા મળતાં આ પગલું ભરી લીધાની શકયતા તપાસ કરતી આજી ડેમ પોલીસે દર્શાવી છે. આજી ડેમ પોલીસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રકાશ નવા થોરાળાના અવધ પાર્ક શેરી નં.3માં રહેતો હતો. હાલમાં તે નર્સીંગનો અભ્યાસ કરતો હતો. જયારે ઉર્વશી ઉર્ફે ભાવીશા રાજકોટ નજીકના લોઠડા ગામે રહેતી હતી. બંને ખરેખર કયારથી પરિચયમાં હતા અને બંને કયાં મુલાકાત થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો તે વિશે કોઈ માહિતી મળી નથી. ઉર્વશી ઉર્ફે ભાવીશાને સંતાનમાં દોઢેક વર્ષનો પુત્ર છે. તે છેલ્લા છ થી સાત માસથી પ્રકાશ સાથે રહેતી હતી. અઠવાડિયા પહેલા જ બંને રાધીકા પાર્ક-2માં આવેલા ટેનામેન્ટમાં ભાડે રહેવા આવ્યા હતા. ઉપરના માળે બંને રહેતા હતા. જયારે નીચેના માળે ટેનામેન્ટના માલીક રહેતા હતા. ટેનામેન્ટના માલીકના પત્નીને બહાર જવું હોવાથી આજે સવારે ઉર્વશી ઉર્ફે ભાવીશાને ઘરનું ધ્યાન રાખવાનું કહેવા માટે ઉપરના માળે ગયા હતા.


પરંતુ ઘણીવાર ખટખટાવવા છતાં કોઈએ દરવાજો નહીં ખોલતાં કાચની બારીમાંથી જોતાં પ્રકાશ અને ઉર્વશી પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતા જોવા મળ્યા હતા. બંનેએ નીચે પાણીનો કેરબો રાખ્યો હતો. જેના ઉપર ચડીને ગળાફાંસો ખાઈ લીધો હતો. મકાન માલીકે આ અંગે પરિવારજનોને જાણ કર્યા બાદ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરાઈ હતી.

---

## ઉધના પ્રભુનગરની ઘટના : બાળક રડતો હોવાથી સિક્કો આપ્યો હતો

# બે વર્ષનો અલ્કેશ રમતમાં સિક્કો ગળી ગયો, સિવિલમાં સર્જરી કરીને કઢાયો

સુરત |માતા-પિતા માટે લાલબત્તી સમાન એક કિસ્સો સામે આવ્યો છે. ઉધનામાં બે વર્ષનો દીકરો રડતો હોવાથી પિતાએ 5 રૂપિયાનો સિક્કો રમવા આપ્યો હતો. બાળક રમત રમતમાં 5 રૂપિયાનો સિક્કો ગળી ગયો હતો. જે શ્વાસ નળીમાં ફસાય ગયો હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી પિતા દીકરાને તેડી દોડતાં દોડતાં ડોક્ટર પાસે પહોંચ્યા હતા.અહીં માતા-પિતા બાળકની જિંદગી બચાવવા માટે રડી પડ્યા હતા.



જ્યાં તબીબોએ સર્જરી કરી સિક્કો કાઢતાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો. યુપીના વતની અને ઉધના પ્રભુનગરમાં રહેતા સદામ ઈસફભાઈ સારોલીની કંપનીમાં સિલાઈ કામ કરે છે. સવારે સદામ નોકરી પર જઈ રહ્યો હતો ત્યારે તેમનો 2 વર્ષીય પુત્ર અલ્કેશ રડી રહ્યો હોવાથી તેને 5 રૂપિયાનો સિક્કો આપ્યો હતો. અલ્કેશ રમત રમતમાં સિક્કો ગળી ગયો હતો. જેથી તેને સિવિલ લવાયો હતો.અલ્કેશના પિતા સદામે જણાવ્યું હતું કે, નોકરી પર જતી વખતે અલ્કેશને 5 રૂપિયાનો સિક્કો આપીને ગયો હતો. ત્યારબાદ તેને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થતાં તેણે તેની મમ્મીને ઉઠાડી હતી. ત્યારબાદ મને જાણ કરવામાં આવી હતી. નોકરી પરથી ઘરે આવીને તેને સારવાર માટે લઈને આવ્યા હતા. જ્યાં એક્સ-રે કરાવતા તેની શ્વાસ નળીમાં 5 રૂપિયાનો સિક્કો ફસાઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. આ વાતની જાણ થતાં માતા રડવા લાગી હતી. જોકે, તેનું ઓપરેશન કરીને તે સિક્કો કાઢી નાખવામાં આવ્યો હતો. જેથી પરિવારે પણ રાહત અનુભવી હતી.

---

# પાલિકાએ ખોદકામમાં વીજ કેબલ કાપ્યાં, 2 શાળામાં અડધો કલાક પરીક્ષાર્થી અટવાયા

વડોદરા | પાણીગેટ ડી માર્ટ- સોમતળાવ રોડ પર પાલિકાના ખોદકામ વેળા વીજ કેબલ કપાઈ જતાં વિસ્તારનાં 2500 ઘરોમાં 30 મિનિટ અંધારપટ છવાયો હતો, જ્યારે 2 સ્કૂલોમાં અડધો કલાક સુધી બોર્ડના પરીક્ષાર્થી અટવાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં વીજ કંપનીના ઈજનેરોએ સ્ટાફને કામ લગાડી 30 મિનિટમાં વીજ પુરવઠો પૂર્વવત કર્યો હતો. પાલિકાના ખોદકામ વેળા ડી-માર્ટ-સોમા તળાવ રોડ પર શિવમ ડુપ્લેકસ પાસે ગુરુવારે સાંજે 5.49 વાગે વીજ કંપનીનો કેબલ કપાતાં 2500 ઘરો અને 2 સ્કૂલોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જેને પગલે વલ્લભ સ્કૂલ અને એસએસવી સ્કૂલમાં બોર્ડના પરીક્ષાર્થીઓ અટવાઈ ગયા હતા. ગરમીના કારણે પરીક્ષાર્થીઓ પરસેવે રેબઝેબ થઇ ગયા હતા. ઘટનાની જાણ થતાં વીજ કંપનીના ઈજનેરોએ સ્ટાફ સાથે પહોંચી ગયા અન્ય લાઈનમાંથી પુરવઠો પૂર્વવત કર્યો હતો. આ દરમિયાન 2500 ઘરોના લોકોએ અંધારપટનો સામનો કરવો પડ્યો હતો. બોર્ડની પરીક્ષા દરમિયાન 31 માર્ચ સુધી વીજ લાઈન પસાર થતી હોય ત્યાં ખોદકામ ન કરવાની સૂચના એમજીવીસીએલ દ્વારા પાલિકાને આપી હોવા છતાં તેને અવગણી પાણીગેટ સબ સ્ટેશનના વિસ્તારમાં પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ખોદકામ કરાતાં વીજ લાઈન તૂટી હતી. ખોદકામ પહેલાં કેન્દ્ર સરકારની એપમાં બનાવાયેલા ગ્રૂપમાં જાણ કરવાની તાકીદ કરાઈ હોવા છતાં પાલિકાએ ખોદકામ અંગે જાણ કરી નહોતી.

પાદરા વીજ ડિવિઝનમાં આવતાં બીલ ગામમાં પાલિકા દ્વારા ખોદકામ કરવામાં આવતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેને કારણે રહીશો અને બોર્ડની પરીક્ષા આપી રહેતા વિદ્યાર્થીઓ પરેશાન થઇ ગયા હતા.

---

## ડમ્પરે 2 સેકન્ડમાં માથુ છૂંદી નાખ્યું, વીડિયો વાઇરલ થયો...

# ઝઘડિયામાં ટુ-વ્હિલરને ટક્કર મારી બીટગાર્ડની યુવતીને કચડી નાખી...

ભરૂચ | કેવડિયાથી પિતા સાથે પોતાના વતન ભરૂચ જિલ્લાના દહેજ ખાતે ટુ-વ્હિલર લઈને આવી રહેલી બીટગાર્ડ યુવતીને ઝઘડીયાના નાના સાંજાના ફાટક પાસે ડમ્પર ચાલકે કચડી નાખી હતી. ડમ્પરે 2 સેકન્ડમાં માથુ છૂંદી નાખ્યું હતું. યુવતી વતનમાં પહોંચે એ પહેલા જ મોત થયું હતું. બનાવની જાણ થતાં જ ઝઘડીયા પોલીસ અને વન વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચી યુવતીના મૃતદેહ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, બીટગાર્ડ યુવતીની અકસ્માતની ઘટના પાછળ આવી રહેલી કારના કેમેરામાં કેદ થઈ હતી. ભરૂચ જિલ્લાના દહેજ ગામની વતની કવિતા કાંતિલાલ ગોહિલ( ઉવ-32 ) કેવડિયામાં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતી હતી. ગતરોજ તેણી ટુ-વ્હિલર લઈને તેના પિતા સાથે કેવડિયાથી પોતાના વતન દહેજ આવી રહી હતી.



ત્યારે તેને શું ખબર હશે કે તેની આ સફર આખરી સફર બની રહેશે. પરિવારને મળવાની ખુશીમાં ટુ-વ્હિલર પર કવિતા ઝઘડીયા તાલુકા નાના સાંજા ફાટક નજીક વળાંક લઈ રહી હતી. આ દરમિયાન પાછળ પુરઝડપે આવી રહેલા ડમ્પર ચાલકે તેના ટુ-વ્હિલરને ટક્કર મારી હતી. જેથી યુવતી અને તેના પિતા બંને લોકો માર્ગ પર પટકાયા હતાં. જેમાં પાછળ બેઠેલી કવિતા ડમ્પરના આગળની બાજુએ પડતા ડમ્પરના તોતિંગ ટાયર કવિતા પર ફરી વળ્યા હતા. જેથી તેણીનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે તેના પિતાને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જેથી તેના પિતાનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માત સર્જી ડમ્પર ચાલક ડમ્પર લઈને ભાગી ગયો હતો. બનાવની જાણ થતાં ઝઘડિયા વન વિભાગ અને પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કવિતાના મોતના પગલે પરિવારજનોમાં માતામ છવાઈ ગયો હતો. પુત્રીના ઘરે આવવાની ખુશી આક્રંદમાં ફેરવાઈ જતા વાતાવરણ ગમગીન બની ગયું હતું.

---

# સુરતમાં બોગસ ડોક્યુમેન્ટ બનાવી ટ્રસ્ટની જમીન પચાવવામાં વધુ 1 ઝબ્બે...

સુરત | કતારગામમાં 581 વર્ષથી ચાલી આવતી રામજી મંદિરની મોટા ગૌડીયા ગોપાલજી મંદિર લાલબાવા અખાડા ટ્રસ્ટની કરોડોની જમીનમાં બોગસ ડોક્યુમેન્ટો બનાવી કબજો કરી લીધો હતો. જેમાં દોઢ મહિના પહેલા વરાછા પોલીસમાં લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ થયો હતો.આ ગુનામાં અશોક રમેશ કાવાણી(45) (રહે,શ્રીમ હાઇટ્સ, નિકોલ, અમદાવાદ, મૂળ રહે,વિસાવદર,જુનાગઢ) આગોતરા લઈ હાજર થતા વરાછા પોલીસે ધરપકડકરી હતી. વેપારી અશોક કાવાણી પહેલા સુરતમાં સરથાણા રહેતો હતો.



અગાઉ ધર્મેશ પટેલ આગોતરા લઈ હાજર થતા પોલીસે કાર્યવાહી કરી હતી. બંને આરોપી સેવાકીય રીતે મંદિરે આવી ટ્રસ્ટી સાથે સંબંધ કેળવ્યો હતો. મંદિરનો જીણોદ્વાર કરવા મંદિરની આસપાસ જે જે લોકોએ દબાણ કર્યુ તે લોકોને દૂર કરવા બન્ને આરોપીએ ટ્રસ્ટીનો વિશ્વાસ કેળવ્યો હતો.

મંદિરની આસપાસ થયેલા દબાણ ખાલી કરાવી રામજી મંદિરનો જીણોદ્વાર કરી મોટું મંદિર બનાવવા આરોપીઓએ સેવા કરવા ઈચ્છે છીએ એમ કહી ટ્રસ્ટીની સહી,સંમતિ જરૂર પડશે એમ કહ્યું હતું. ટ્રસ્ટી મૂળ ઓરિસ્સાવાસી છે અને ગુજરાતી ભાષાથી અજાણ છે. આરોપીએ ટ્રસ્ટીની કાગળો પર સહી કરાવી અગુંઠા કરાવી લીધા અને લખાણ શું કરેલ છે તે ટ્રસ્ટીને જણાવ્યું ન હતું.

---

## શંખેશ્વરમાં પિકઅપ વાન અને વેગનઆર વચ્ચે ટક્કર...

# શંખેશ્વર નજીક અકસ્માત બાદ ભીષણ આગ લાગી, વેગનઆરમાં ફસાયેલા બે લોકો જીવતા ભૂંજાયા...



પાટણ | પાટણના શંખેશ્વર નજીક આજે સવારે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. પિકઅપ વાન અને વેગનઆર ગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. એ બાદ બન્ને વાહનમાં અચાનક આગ લાગી હતી, જેથી બે લોકો આગમાં જીવતા ભૂંજાયા હતા.

પાટણ જિલ્લાના શંખેશ્વર નજીક શુક્રવારની વહેલી સવારે અગમ્ય કારણોસર માર્ગ પરથી પસાર થઈ રહેલાં વાહનો સામસામે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને ગાડીમાં આગ ભભૂકી ઊઠી હતી. વેગનઆરમાં સવાર બે વ્યક્તિ અંદર જ ફસાઈ ગઈ હતી, જેથી તેઓ 70 ટકાથી વધુ દાઝી ગઈ હતી. એને પગલે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું છે. આ બનાવના પગલે માર્ગ પરના લોકો દ્વારા બચાવ રાહતની કામગીરી સાથે પોલીસને જાણ કરાઈ હતી, જેથી પોલીસે ઘટનાસ્થળે આવી તપાસ હાથ ધરી છે.

આ ગમખ્વાર અકસ્માતની મળતી હકીકત મુજબ, શુક્રવારની વહેલી સવારે શંખેશ્વર-પંચાસર- દસાડા માર્ગ પરથી પસાર થતી વેગનઆર ગાડી અને પિકઅપ વાન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એ બાદ બન્ને વાહનમાં આગ ભભૂકી ઊઠી હતી. એને કારણે માર્ગ પરથી પસાર થતાં અન્ય વાહન ચાલકોમાં અફરાતફરી મચી હતી. આ ઘટનામાં ગાડીમાં સવાર બે લોકો આગની ઝપેટમાં આવતાં બળીને રાખ થયા હતા. લોકોના ટોળાએ ગાડીમાં લાગેલી આગને બુઝાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.

શંખેશ્વરના PSI વસાવાએ જણાવ્યું હતું કે સવારે 7:00થી 7:30 વાગ્યાની આસપાસ પિકઅપ વાન અને વેગનઆર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એમાં બંને ગાડીમાં આગ લાગતાં વેગનઆરમાં સવાર બે લોકો અંદર ફસાઈ જવાથી 70% દાઝી જવાથી તેમનાં મોત થયાં છે. બીજી તરફ, સામે પિકઅપ વાનમાં ફક્ત ડ્રાઈવર જ હતો, જે બહાર નીકળી ગયો હતો, જેથી અન્ય કોઈનું મોત થયું નથી. હાલમાં બન્ને મુતકની ઓળખ કરવાની પોલીસે તપાસ હાથ ધરી છે તેમજ પિકઅપ વાનના ચાલકની પણ શોધખોળ હાથ ધરાઈ છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

---

# ઘરમાં તસ્કરો ત્રાટક્યા, તાળું તોડી 3.51 લાખનો મુદ્દામાલ ચોરી ગયા

વડોદરા | જિલ્લાના કરજણમાં આવેલી યોગીનગર સોસાયટીમાં બપોરના સમયે તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાંથી રૂપિયા 3.51 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ચકચાર જગાવી મૂકનાર આ બનાવ અંગે કરજણ પોલીસે તપાસ હાથ ધરી છે.

મળેલી માહિતી પ્રમાણે 9-એ, યોગીનગર સોસાયટીમાં નિખીલભાઈ ભાઈલાલભાઈ પટેલ પત્ની સાથે રહે છે. નિખીલભાઈ ખેતી કરે છે. તેમની પત્ની તાલુકાની પ્રાથમિક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવે છે. દંપતિ મકાન બંધ કરીને પોતાના કામ ઉપર ગયા હતા. દરમિયાન બપોરના સમયે તેઓના ઘરમાં તસ્કરો ઘૂસી ગયા હતા. ઘરની તિજોરી-કબાટમાં મુકેલા સોના-ચાંદીના દાગીના ચોરીને ફરાર થઇ ગયા હતા. કામ ઉપરથી પરત ફરેલા દંપતિએ મકાનના દરવાજાનું તાળું તૂટેલું જોતા ચોંકી ઉઠ્યા હતા. દંપતિએ ઘરમાં જઇ વધુ તપાસ કરતા તિજોરી-કબાટનો સામાન વેરવિખેર જોતા ઘરમાં ચોરી થયાનું જણાઇ આવ્યું હતું. તુરંત જ તેઓએ કરજણ પોલીસને જાણ કરી હતી. પોલીસ તાત્કાલિક દોડી આવી હતી અને પ્રાથમિક વિગતો મેળવી તસ્કરોની ભાળ મેળવવા માટેના ચક્રોગતિમાન કર્યા હતા. જોકે, પોલીસને તસ્કરોના કોઇ સગડ મળ્યા ન હતા. આ બનાવ અંગે નિખીલભાઈ પટેલે કરજણ પોલીસ મથકમાં તસ્કરો ઘરમાંથી રૂપિયા 55 હજાર રોકડ, 25 ગ્રામનું એક મંગળસુત્ર,12 ગ્રામની સોનાની લકી, 7 ગ્રામની 1 જોડ સોનાની બુટ્ટી, 8 ગ્રામની સોનાની 4 નંગ વીંટીઓ, ચાંદીના પગના સાંકળા, ચાંદીની બંગડી મળી કુલ રૂપિયા 3.51 લાખનો મુદ્દામાલ ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવી હતી. કરજણ પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.




યોગીનગર સોસાયટીમાં ધોળે દિવસે બનેલી ચોરીના બનાવે સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં ચકચાર જગાવી મૂકી હતી. તે સાથે સોસાયટીના રહીશોમાં ગભરાટ પણ ફેલાવી દીધો હતો. પોલીસે આ ચોરીનો ભેદ ઉકેલવા માટે સોસાયટી વિસ્તારના સી.સી.ટી.વી. ફૂટેજ મેળવવાની તજવીજ શરૂ કરી છે. આ બનાવની વધુ તપાસ કરજણ પોલીસ મથકના પી.આઇ. એ.કે. ભરવાડ કરી રહ્યા છે.

**પ્રેમી પંખીડાને સાથે રહેવું હતું પણ સમાજ- કુદરતને મંજુર ન હોતું**

# મુંદરા: કણઝરાની વાડીમાં પરિણીતા અને કુંવારા પ્રેમીનો સજોડે આપઘાત

ભુજ | સમાજમાં પ્રેમી પંખીડાના આત્મહત્યાના બનાવમાં ચિંતાજનક વાધારો થયો છે. તેવામાં મુંદરા તાલુકાના કણઝરા ગામની વાડી વિસ્તારમાં મૂળ પાટણ જિલ્લાના પ્રેમી પંખીડાએ લીમડાના ઝાડમાં ગત રાત્રિના સજોડે ગળાફાંસો ખાઈ લઈ પોતાની જીવન લીલા સંકેલી લેતા ભારે અરેરાટી ફેલાઈ છે.સમગ્ર બનાવ મામલે પ્રાગપર પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. મરણજનાર પ્રેમી પંખીડામાં યુવતી પરિણીત હોવાનું બહાર આવ્યું છે.આ બનાવ અંગે મળતી માહિતી અનુસાર, મુળ પાટણના કિશન બાબુભાઈ ઠાકોર (ઉ.વ.૧૯) અને પુણેજી ઉર્ફે પુનીબેન રમેશભાઈ ઠાકોર નામના બે પ્રેમી પંખીડાએ વાડીમાં લીમડાના ઝાડ પર દુપટ્ટા વળે સજોડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે પ્રાગપર પોલીસ માથકના પીએસઆઈ આર. એન.વાડલએ જણાવ્યું હતું કે, મરણજનાર કિશન ઠાકોર છેલ્લા ત્રણ વર્ષાથી કણજરા નારાણભાઈની વાડીમાં કામ કરતો હતો. છેલ્લા પાંચેક મહિનાથી મરણજરનાર પુનીબેન ઠકોર સાથે પ્રેમ સબંધ હોઈ બન્ને જણાઓ કણજરા વાડીમાં રહેતા હતા. બોથી ત્રણ મહિના પહેલા કિશનના પિતા પુનીબેનને લઈ ગયા હતા. અને તેના પતિને સોંપી આવ્યા હતા. ત્યારબાદ ફરી પાંચ છ દિવસ પછી પુનીબેન તેના પ્રેમિ કિશન પાસે આવી પહોંચી હતી. બુધવારે કિશનના પિતા પુનીબેનને લેવા આવ્યા હોવાથી પ્રેમિ યુવક યુવતીને સાથે રહેવું હોઈ જેના કારણે બન્ને જણાઓએ વાડીના સેઢા પર આવેલા લીંબડાના ઝાડ પર દુપટ્ટો બાંધીને આપઘાત કરી લીધો હતો. પ્રાગપર પોલીસે બનાવની નોંધ લઈને આગળની તપાસ હાથ ધરી છે.

આ ચકચારી બનાવ અંગે મુળ પાટણના હાલ કણઝરા વાડી વિસ્તારમાં રહેતા મેરામણભાઈ બાબુભાઈ ઠાકોરે પ્રાગપર પોલીસને જાણ કરી હતી. આ બનાવ બુધવારે રાત્રીના આઠ વાગ્યાથી ગુરૂવારના સવારે સાત વાગ્યા દરમિયાન કણજરા નારાણભાઈની વાડીમાં બન્યો હતો.

**૯45 સરકારી કચેરીઓએ લાઈટબીલ ભર્યું જ નથી, વિજળીના નાણાં ભરવામાં આળસ કેમ?**

# ભાવનગર : જુદી-જુદી સરકારી ઓફિસોનું રૂ.27.03 કરોડનું લાઈટબીલ હજુ ભરાયું નથી

ભાવનગર | સમયસર વીજબીલ નહી ભરનારા ગ્રાહકો સામે પીજીવીસીએલ સમયાંતરે રિકવરિ ઝુંબેશ ચલાવી વીજબીલની બાકી રકમની રિકવરિ કરે છે અને વીજબીલ નહી ભરનારા ગ્રાહકોના વીજ કનેક્શન કટ કરી દેવામાં આવી છે. પરંતુ સરકારના જ અમુક ખાતાઓ દ્વારા વીજબીલની રકમ ભરવામાં આળસ કરવામાં આવે છે તેની સામે રિકવરિ ઝુંબેશ ક્યારે થશે તે મોટો પ્રશ્ન છે. ભાવનગરમાં અનેક એવી સરકારી કચેરી છે જેનું લાખોની રકમનું વીજબીલ સમયસર ભરાયું નથી. સરકારના જુદાં-જુદાં ૬ વિભાગોની ૯૦૦થી વધારે કચેરીઓનું ૨૭ કરોડનું બાકી વીજબીલ હજુ ભરાયું નથી. પાણી પુરવઠા વિભાગ, નગરપાલિકા હસ્તકના વોટર વર્કસ વિભાગ, સ્ટ્રીટ લાઈટ પોલીસ સ્ટેશન, પોલીસ વસાહત તથા અનેક એવી સરકારી કચેરીઓ છે જેનું લાઈટબીલ પીજીવીસીએલના એકાઉન્ટમાં બાકી બોલે છે. દર મહિને મળતી કલેક્ટરની સંકલન બેઠકમાં આ મુદ્દે પીજીવીસીએલ દ્વારા રજૂઆત થાય છે પરંતું તેમ છતાં કરોડોનું લાઈટબીલ હજુ ભરાયું નથી.માર્ચના અંતમાં એકાઉન્ટ ક્લિયર કરવા માટે પીજીવીસીએલ દ્વારા પુરજોશમાં રિકવરિ ઝુંબેશ ચાલે છે. સમયસર વીજબીલ નહી ભરનારા ગ્રાહકો સામે પીજીવીસીએલ બાકી વીજબીલની રકમની વસૂલાત કરે છે અને વીજબીલ નહી ભરનારા ગ્રાહકોના વીજ કનેક્શન કટ કરવાની કાર્યવાહી થાય છે. પરંતુ સરકારના જ જુદાં-જુદાં એવા ઘણાં વિભાગ છે. જેમના દ્વારા જ સમયસર વીજબીલ ભરવામાં આવતું નથી. સરકારી વિભાગોની વીજબીલ ભરવા પ્રત્યેની આળસ હોય કે મજબૂરી પરંતુ પાણી પુરવઠા વિભાગ, નગરપાલિકા હસ્તકના વોટર વર્કસ વિભાગ, સ્ટ્રીટ લાઈટ પોલીસ સ્ટેશન, પોલીસ વસાહત તથા અનેક એવી સરકારી કચેરીઓ છે જેનું લાઈટબીલ પીજીવીસીએલના એકાઉન્ટમાં બાકી બોલે છે. સામાન્ય ગ્રાહકોની જેમ જ સરકારી વિભાગની જુદી-જુદી કચેરીઓ સામે રિકવરિ ઝુંબેશ ક્યારે થશે તે મોટો પ્રશ્ન છે. ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીમાં ભાવનગરના અલગ-અલગ સરકારી ખાતાની ૯૪૫ કચેરીઓએ રૂ.૨૭.૦૩ કરોડનું બાકી વીજબીલ હજુ સુધી પીજીવીસીએલને જમા કર્યું નથી. વીજતંત્રની મર્યાદા છે કે તે અન્ય સરકારી વિભાગો પાસેથી બાકી વીજબીલની વસૂલાત સીધી રીતે જ કરી શકે નહી, પરંતુ સરકાર અને જે સરકારી કચેરીઓ સામાન્ય નાગરિકોને સમયસર વીજબીલ ભરવાની દુહાઈ આપે છે તે પોતે જ પોતાનું લાઈટબીલ ભરવામાં વિલંબ કેમ કરે છે. ભાવનગરની ૪૯૦ સરકારી કચેરીઓ, ૨૩૯ પોલીસ સ્ટેશન અને પોલીસ વસાહત અને ૫૯ પાણી પુરવઠા વિભાગની કચેરીના વીજબીલના રૂ.૧.૮૪ કરોડ પીજીવીસીએલના ચોપડે બાકી બોલે છે. એ સિવાય સ્ટ્રીટ લાઈટ, સરકાર હસ્તકના મંદિરો, પાણીપુરવઠા વિભાગની અનેક કચેરીઓએ હજુ સુધી બાકી વીજબીલ ભર્યું નથી.

**સરકારી ખાતાના બાકી વીજબીલના લેણાં**

| સરકારી વિભાગ | ગ્રાહકોની સંખ્યા | બાકી લેણાંની રકમ |
|---|---|---|
| સરકારી કચેરીઓ | ૪૯૦ | ૨.૦૮ કરોડ |
| પોલીસ કચેરી/વસાહત | ૨૩૯ | ૬.૭૪ લાખ |
| વોટર વર્કસ (નગરપાલિકા) | ૧૦૩ | ૭.૯૪ કરોડ |
| સ્ટ્રીટ લાઈટ | ૫૨ | ૬૪.૮૯ લાખ |
| પાણી પુરવઠા વિભાaગ | ૫૯ | ૧૬.૨૮ કરોડ |
| સરકાર હસ્તકના મંદિર | ૦૨ | ૦.૧૦ લાખ |
| કુલ | ૯૪૫ | ૨૭.૦૩ કરોડ |

**બાપુ તમે નથી કરી શકતા એ અમે કરીએ છીએ...**

# વર્ષ 1940 થી એક પણ સરકારી મદદ વિના ચાલતી સંસ્થાએ 11 હજાર બહેનોને આત્મનિર્ભર બનાવી

ભાવનગર | દેશ આત્મનિર્ભર ત્યારે જ બને જ્યારે દેશના લોકો આત્મનિર્ભર હોય. આઝાદીની લડાઈમાં સ્વદેશી અપનાવવા અને દેશના લોકોને સ્વાલંબી બનાવવા માટેની અનેક ચળચળવળો ચાલી હતી. સ્વાલંબનની કેળવણીમાં મહિલાઓને સાંકળવાનો આગ્રહ ગાંધીજીએ રાખ્યો હતો અને ત્યારથી જ મહિલાઓને સ્વાલંબી બનાવવાના હેતુસર ૧૯૪૦માં શરૂ થયેલી પ્રવૃત્તિ હજુ પણ ભાવનગરમાં ચાલે છે. ૧૯૩૯માં શિશુવિહાર સંસ્થાની સ્થાપનાના એક વર્ષ બાદ ૧૯૪૦માં સંસ્થા દ્વારા બહેનોને સીવણની તાલિમ આપવાની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં જગ્યાના અભાવે કેરોસીનના ડબ્બાના પતરાનો શેડ બનાવી તેમાં સિવણ તાલીમ શરૂ થઈ હતી. આજ સુધીમાં એક પણ સરકારી મદદના ચાલતી સંસ્થાએ અત્યાર સુધીમાં ૧૧ હજાર બહેનોને આત્મનિર્ભર બનાવી છે.

ભાવનગરની શીશુવિહાર સંસ્થા દ્વારા સ્વાલંબનની કેળવણીમાં બહેનોને સાંકળવાના ગાંધીજીના આગ્રહને અનુસરીને આનંદ મંગળ મંડળ પરિવારની બહેનોએ સ્વરાજ્યની તાલીમ માટેની સમાજ સુધારણાના ભાગરૂપે સીવણ તાલીમની શરૂઆત કરી હતી. આનંદ મંગળ મંડળના બહેનો જ્યોતિ મંડળના ઉપક્રમે ગરીબ અને જરૂરિયાતમંદ બહેનોના સામાજીક પ્રશ્નો ઉકેલતા હતા. વર્ષ ૧૯૩૯માં શિશુવિહાર સંસ્થાની સ્થાપનાના એક વર્ષ બાદ ૧૯૪૦માં સંસ્થા દ્વારા બહેનોને સીવણની તાલિમ આપવાની શરૂઆત થઈ હતી. સંસ્થા પાસે શરૂઆતમાં મકાનની સુવિધા નહોતી તેથી ભંગારમાંથી કેરોસિન અને તેલના ખાલી ડબા વીણી લાકડાની વળીના આધારે શેડ બનાવી તેમાં સિવણની તાલીમ શરૂ થઈ હતી. પ્રારંભમાં ભાવનગરના કેટલાંક સંપન્ન કુંટુંબોએ તેમના ઘરના સંચા વાપરવા આપ્યા હતા. સિવણના સંચે પરિવારનું ગુજરાન ચલાવતા લીલીબેહેને અન્ય જરૂરિયાતમંદ બહેનોને પણ સિવણની તાલિમ આપી આત્મનિર્ભર બનાવી હતી. ધીરે-ધીરે આ પ્રવૃત્તિમાં અનેક સેવાના ભેખધારીઓ જોડાયા અને બહેનો બાદ ભાઈઓને પણ સીવણની તાલીમ આપવાની શરૂઆત થઈ.

**યોજના-2 મારફતે ડેમ ભરવામાં આવે તેવી પ્રબળ માંગ**

# ગઢડાના ઈતરીયા ડેમમાં પાણી પ્રશ્ને મતદાનના બહિષ્કારની ચિમકી




ગઢડા(સ્વા.) | ગઢડા (સ્વા.)શહેર અને તાલુકાના ગોરડકા, ઉગામેડી, અડતાળા, લાખણકા અને તતાણા ગામના કમાન્ડ એરીયામા આવતા ખેડૂતો દ્વારા ઉનાળો નજીક હોવાથી અને ખેતી માટે પાણીનો અભાવ હોવાથી ખેતીના પાકને જીવતદાન આપવા માટે સૌની યોજના-૨ મારફતે ડેમ ભરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આ સિંચાઈનો કમાન્ડ એરીયા આશરે ૧૨૦૦ હેકટર ચો.મી જેટલો હોય તેને ઘેલો, ઈતરીયા, ઘેલા સોમનાથ, ઘેલો લીંબાળી ડેમમાથી કાયમી ધોરણે સિંચાઈના પાણીની સગવડ મળી રહેતી હતી. પરંતુ તાજેતરના ઓછા વરસાદના કારણે ઉપર વિસ્તારમાં આવેલા ત્રણેય ડેમો ખાલી રહેલા હોય ત્રણેય ડેમની ઉપર સૌની યોજના લીંક-૨ પાણીની પાઈપ લાઈન પસાર થતી હોવાથી ખાલી ડેમ ભરવા માટે અવાર-નવાર સરકાર સમક્ષ રૂબરૂ તેમજ લેખીતમાં રજુઆતો કરવામાં આવી હોવા છતા અત્યાર સુધીમાં ઉપરના ત્રણેય ડેમો ભરવામાં આવ્યા નથી. જેના કારણે આ વિસ્તારમાં ઘઉં, ચણા, જીરૂ અને ઘાસ વિગેરેનું વાવેતર હોવાથી અને કુવાના તળ પણ ખાલીખમ્મ થઈ જવાથી ઉભો પાક પણ સુકાઈ જાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

ત્યારે ખેડૂતો અને ખેતી માટે એકમાત્ર જીવતદાન આપી શકે તેવી સૌની યોજના લીંક-૨ મારફતે ખંભાળા સંપમાંથી તાત્કાલીક ધોરણે ઈતરીયા ડેમ ભરવામાં આવે તેવી પ્રબળ માંગ અને જરૂરીયાત ઉઠવા પામી છે.ગઢડા તાલુકાના ઉપરોક્ત ગામોના જમીન વિસ્તારોના ખેડુતોના પાકો જળવાઈ રહે અને ખેડૂત પરિવારના ભરણ પોષણ પણ સારી રીતે થઈ શકે, માલ-ઢોર, પશુઓ માટે પણ ઉભી થનારી કપરી પરિસ્થિતિ અટકાવવા અને પાણી વગર ખેડૂતોની મહેનત એળે જવાથી નુકશાન થવાની શક્યતા નિવારી શકાય માટે તાત્કાલીક ધોરણે ત્રણેય ડેમોમાં પાણી નાખવા માંગણી કરવામાં આવી છે. આ મુદ્દે ખેડૂતો તરફથી સરકાર સુધી રજૂઆત પહોંચાડવા માટે ગઢડાના મામલતદાર સમક્ષ આવતીકાલ તા.૧૪ ને ગુરૂવારે સવારે ૧૦ કલાકે બોટાદ રોડ ખાતે એકત્રિત થઈને ખેડૂતો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવનાર હોવાનુ અને તાત્કાલિક અસરથી ખેડૂતોની જરૂરી માંગણી ના સ્વીકારાય તો આગામી લોકસભાની ચુંટણીમાં ખેડુતો દ્વારા મતદાનનો બહિષ્કાર કરવામાં આવનાર હોવાનુ ખેડુત અગ્રણીઓ અનિરૂદ્ધભાઈ શેખવા, ડાયાભાઈ પટેલ અને દિનેશભાઈ ભીંગરાડીયા વગેરેએ આક્રોશભેર જણાવ્યુ હતુ.

# ખાવડા હત્યા કેસ : મોટા પૈયા ગામના પાંચ સગા ભાઈઓને આજીવન કેદ




ભુજ | ભુજ તાલુકાના ખાવડા ગામે ગત ૧ મે ૨૦૧૯ના સાંજે જમીનના ઝઘડામાં યુવાનને છરીના ઘા ઝિંકી મોતને ઘાટ ઉતારી દેવાના ચકચારી બનાવમાં ભુજની સેસન્સ કોર્ટે મોટા પૈયા ગામના સગા પાંચ આરોપી ભાઈઓને આજીવન કેદની સખત સજા ફટકારતો હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ હત્યાનો બનાવ ગત ૧ મે ૨૦૧૯ના રોજ સાંજે પાંચ વાગ્યાના અરસામાં બન્યો હતો. ફરિયાદી ઈસ્માઈલ મામદ સમા રહે મોટા પૈયા અને આરોપી સિધીક હુશેન સમા, ઈસ્માઈલ હુશેન સમા, ઓસમાણ હુશેન સમા, હનીફ હુશેન સમા, મોડ હુશેન સમા વચ્ચે જમીન મુદે વિવાદ ચાલતો હતો. જેમાં કોર્ટમાંથી ફરિયાદી તરફે ચુકાદો આવ્યો હતો. જે બાબતે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. દરમિયાન ઘટનાના દિવસે ખાવડા ગામે જુના બસ સ્ટેશન પાસે આરોપીઓએ ફરીયાદી અને તેના પુત્ર મુસા ઈસ્માઈલ સમા સાથે ઝઘડો કર્યો હતો. જેમાં પાંચે આરોપીઓએ ફરિયાદીના દિકરાને પકડીને ઉપરાછપરી છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

જે બાબતે મરણ જનાર મુસાના પિતા ઈસ્માઈલ મામદ સમાએ ખાવડા પોલીસ માથકે પાંચે આરોપીઓના નામ જોગ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓની ધરપકડ કરીને પાલરા જેલમાં ધકેલી દીધા હતા. આ ગુનામાં પાંચ પૈકી બે આરોપીના જામીન હાઈકોર્ટ દ્વારા પણ નકારાયા હતા.

**જથ્થો ઓછો હોવાથી આજે કેટલાક વિસ્તારમાં પાણીના ધાંધીયાની શકયતા**

# ભાવનગરમાં બે દિવસમાં ચાર વિસ્તારમાં પાણી વિતરણ ઠપ્પ



ભાવનગર | હાલ ગરમી શરૂ થઈ ગઈ છે અને પાણીની જરૂરીયાત વધી છે ત્યારે જ સરકારી તંત્રને પાણીને લગતી કામગીરી યાદ આવી છે, જેના પગલે કેટલાક વિસ્તારમાં પાણીના ધાંધીયા જોવા મળી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં ભાવનગર શહેરના ચાર વિસ્તારમાં પાણી વિતરણ ઠપ્પ થયુ છે અને હજુ આગામી બે દિવસ પાણી વિતરણની સમસ્યા રહેશે તેમ જાણવા મળેલ છે. નાવડા પંપીંગ સ્ટેશનમાં એનસીઉ૯ પ્રોજેક્ટ કાર્યરત કરવા જીડબલ્યુઆઈએલને કામગીરી કરવાની હોવાથી પાણી વિતરણને અસર થઈ છે.

ભાવનગર શહેરને મહીપરી યોજના (જીડબલ્યુઆઈએલ) દ્વારા રો-વોટર પૂરું પાડતા નાવડા પંપીંગ સ્ટેશનમાં એનસીઉ૯ પ્રોજેક્ટ કાર્યરત કરવા જીડબલ્યુઆઈએલને જરૂરી કામગીરી કરવાની હોવાથી તા. ૧૩ માર્ચને બુધવારથી આગામી તા. ૧૬ માર્ચને શનિવાર સુધી એમ કુલ ૪ દિવસ માટે નાવડા ખાતે પાણીના લેવલ અનુસાર નાવડાથી બી-નેટવર્ક તથા ડી-નેટવર્ક પાણીનો સપ્લાય અંશતઃ અસર પામવાની શક્યતા છે. આ શટડાઉનના સમયગાળા દરમિયાન ભાવનગર શહેરમાં આવતા રો-વોટરનાં દૈનિક પાણીના જથ્થાને પણ વિપરીત અસર થવાની શકયતા જણાય છે. જેથી આ સમયગાળા દરમિયાન ભાવનગર શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થા અનિયમિત રહી શકે છે તથા અમુક વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહી શકે છે તેમ મહાપાલિકાના વોટર વર્કસ વિભાગે જણાવ્યુ હતું. આ કામગીરીના પગલે ગઈકાલે બુધવારે અનંતવાડી અને ચિત્રાના કેટલાક વિસ્તારમાં પાણી વિતરણ થયુ ન હતુ પરંતુ આજે આ વિસ્તારમાં પાણી આપવામાં આવ્યુ હતું. આજે ગુરૂવારે હિલડ્રાઈવ અને સિંધુનગર વિસ્તારમાં પાણી આપવામાં આવ્યુ ન હતુ, આ વિસ્તારને આવતીકાલે શુક્રવારે પાણી આપવામાં આવશે.

આવતીકાલે શુક્રવારે તેમજ આગામી શનિવારે કેટલાક વિસ્તારમાં પાણી અનિયમીત રહેશે અથવા પાણી વિતરણ બંધ રહેશે તેમ મહાપાલિકાના વોટર વર્કસ વિભાગના સુત્રોએ જણાવેલ છે. જે વિસ્તારમાં પાણી નથી આવ્યુ તે વિસ્તારની મહિલાઓમાં કચવાટ ફેલાયો છે ત્યારે મહાપાલિકાએ દરેક વિસ્તારને નિયમીત પાણી મળે રહે તેવુ આયોજન કરવા માંગણી ઉઠી રહી છે.

**માંડવી, નાની ખાખર, રાજકોટના ચાર ચીટરો સામે ફરિયાદ |** ભુજ : વગર વ્યાજે લોન અપાવાની લાલચ આપી રાજકોટ, માંડવી, નાની ખાખરના ચાર ચીટરોએ ભુજ નગર પાલિકાના મહિલા કાઉન્સિલર સહિત પાંચ વ્યક્તિઓના નામે લોન લઈ લોનની રકમમાંથી રૂપિયા ૧,૮૮,૯૭૮ જેટલી રકમ બારોબાર અન્ય મળતીયાના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને છેતરપીંડી વિશ્વાસઘાત કરતાં આરોપીઓ વિરૂધ ભુજ એ ડિવિઝન પોલીસ માથકે ફરિયાદ નોંધાવાઈ છે. ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર-૧ના કાઉન્સિલર આઈશુબેન અલીમામદ સમાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, બનાવ ૧૫ ડીસેમ્બરાથી ૧૭ જાન્યુઆરી દરમિયાન બન્યો હતો. તેમના ઘરે માંડવીના નાની ખાખર ગામના આરોપી રજાક ફકીરમામદ ખલીફા અને તેમનો દિકરો એજાજ રજાક ખલીફા, રાજકોટના વનરાજ ચાવડા, ધોરાજી રાજકોટના અકરમ ઉર્ફે અકબર કાસમ કુરેશી ફરિયાદીના ઘરે આવ્યા હતા. વનરાજ ચાવડાની સંસૃથા જરૂરત મંદોને ધંધાર્થે વગર વ્યાજની સરળ હપ્તે લોન આપતા હોવાનું જણાવ્યું હતું. ફરિયાદી મહિલાએ તેમના ઓળખીતા સહેનાજબેન સીરાજ લાંઘાય, મામદ કાસમ સમા (બજાણીયા), ફિરોજ આદમ સંઘાર અને અનવર હુશેન સમા લોન મળતી હોવાનું જણાવી ફરિયાદીએ તેમના ઘરે બોલાવ્યા હતા.

**કપડવંજમાં તોલમાપ વિભાગના 18 વેપારીઓને ત્યાં દરોડા |** કપડવંજ: કપડવંજ તાલુકામાં કેટલાક વેપારીઓ તેમજ પેટ્રોલપંપો, વે બ્રીજ, ઉપરાંત દૂધ ઉત્પાદક, સહકારી સસ્તા અનાજની દુકાનોમાં તોલમાપમાં ઓછું આપતા હોવાનુ અને ગેરરીતિઓ થતી હોવાનું પ્રકાશમાં આવતા તોલમાપ ખાતું હરકતમાં આવ્યું હતું. કપડવંજ ખાતે ૧૮ વેપારીઓને ત્યાં દરોડા પાડી રૂા. ૨૮,૫૦૦નો દંડ ફટકારાયો હતો. કપડવંજ ખાતે તા ૧૨-૩-૨૪ના રોજ તોલમાપ વિભાગના ત્રણ નિરીક્ષકોની ટીમ ત્રાટકી હતી. જેમાં લિગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ અધિનિયમ મુજબ કરીયાણાના વેપારીઓ, સસ્તા અનાજની દુકાનોમાં ઠંડા પાણી, દૂધના વેપારી, ફરસાણ નમકીનના વેપારી સહિતના ૧૮ વેપારીઓને ત્યાં ઓચિંતો દરોડો પાડયો હતો. જેમાં ઓછું આપતા તેમજ નિયત કરતા વધુ કિંમત પ્રિન્ટ વગર વસુલતા વેપારીઓને રૂા. ૨૮,૫૦૦ દંડ ફટકારાયો હતો. હજી કેટલાક યુનિટોની ફરિયાદોના આધારે અનેક જગ્યાએ ઓછું અપાતું હોય તેવા યુનિટો ઉપર વારંવાર નિયત સમયે ઓચિંતા દરોડા પાડી તપાસનો દોર ચાલુ રહેશે તેવું તોલમાપ વિભાગે જણાવ્યું હતું. ત્યારે તોલમાપ વિભાગ દ્વારા તટસ્થ તપાસણી થતી રહશે કે કેમ? તેવા પ્રશ્નો નાગરિકો કરી રહ્યા છે.

**ગત સિઝનમાં સમુહલગ્નના અધિક આયોજનો થયા**

# આજથી મીનારક કમુર્હતાનો પ્રારંભ, માંગલિક કાર્યો પર નિષેધ રહેશે




ભાવનગર | ગોહિલવાડમાં બુધવારે શિયાળુ લગ્નોત્સવનું અંતિમ તબકકાનું સમાપન થતા આવતીકાલ તા.૧૪ થી મીનારક કમુર્હૂતા રહેશે. જયારે તા.૧૭ માર્ચથી આગામી તા.૧૭ થી ૨૪ માર્ચ સુધી હોળાષ્ટક રહેશે. આ સમયગાળા દરમિયાન તમામ શુભ અને માંગલિક કાર્યો પર નિષેધ રહેશે. ગુરૂવારથી મીનારક કમુર્હુતા બેસશે જેથી કરીને શુભ લગ્નોત્સવ તેમજ વાસ્તુ પ્રસંગોમાં બ્રેક રહેશે.

ગત માસમાં વસંત પંચમીના વણજોયા શુભ મુર્હુતથી લગ્નસરાની સિઝનનો નીત્યક્રમ મુજબ શુભારંભ થયો હતો. જે અંતગર્ત તા.૧૩ માર્ચને બુધવાર સુધી લગ્નસરાની સીઝન જામેલી હતી. શિયાળુ લગ્નોત્સવના અંતિમ તબકકાના અંતિમ દિન તા.૧૩ માર્ચને બુધવારે અંતિમ દિવસે પણ ગોહિલવાડમાં આવેલ તમામ જ્ઞાતિ, સમાજની વાડી, બોર્ડિંગ, પાર્ટીપ્લોટ, ફાર્મ હાઉસ, રહેણાંકીય સોસાયટીઓના કોમ્યુનિટી હોલમાં લગ્નોત્સવ ઉજવાયા હતા. આ વખતે હજારોની સંખ્યામાં વ્યકિતગત લગ્નોત્સવની સાથોસાથ સમુહ લગ્ન ઉપરાંત સામાજિક સંસ્થાઓ દ્વારા સર્વજ્ઞાતિય સમુહ લગ્તોત્સવ પણ અધિક પ્રમાણમાં ઉજવાયા હતા.

ગુરૂવારથી મીનારક કમુર્હૂતા અને હોળાષ્ટકના કારણે કેટલોક સમય શુભ અને માંગલિક કાર્યો માટેના મુર્હૂત ઓછા મળશે. ચૈત્ર મહિનામાં ખાલી લગ્નના ચાર મુર્હૂત અને ત્યારબાદ ગુરૂ શુક્રના અસ્તના કારણે વૈશાખ મહિનામાં તથા જેઠ મહિનામાં લગ્નના શુભ મુર્હુત નથી. હોળી પહેલાના આઠ દિવસ હોળાષ્ટક કમુર્હૂતાના ગણાય છે. ભારતીય ધર્મશાસ્ત્રોમાં દર્શાવાયા મુજબ અને જયોતિષાચાર્યોના જણાવ્યા અનુસાર આ દિવસોમાં હોળીની સામી ઝાળ આવતી હોય તેથી તે દિવસો દરમિયાન શુભ અને માંગલિક કાર્યો વર્જ્ય ગણી શકાય.હોળાષ્ટક બાદ ઉનાળુ લગ્નોત્સવની સીઝનમાં શરણાઈના સૂર અને ઢોલ ઢબુકવા લાગશે.વાસ્તુ પ્રતિષ્ઠા, શુભ લગ્નોત્સવ સહિતના માંગલિક કાર્યોનો પુનઃ ધમધમાટ જામશે. ગત વસંત પંચમીથી શરૂ થયેલી શિયાળુ લગ્નોત્સવની સિઝન કંકોત્રીના છાપકામથી લઈને અનેક નાના મોટા ધંધાર્થીઓને ફળી હતી. લગ્નસરા દરમિયાન વિવિધ જ્ઞાતિ, સમાજની વાડી, બોર્ડિંગ, પાર્ટી પ્લોટ, રીસોર્ટ અને કોમ્યુનિટિ હોલ પેક થઈ ગયા હતા. આ સાથે મંડપ સર્વિસ, લાઈટ ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ, વર અને વધુ માટે રેડીમેડ વસ્ત્રો ભાડે આપનારાઓ માટે, બ્યુટીપાર્લર, કેટરર્સ, પ્રિન્ટર્સ, ફૂલના વિક્રેતાઓ, બેન્ડવાજા, ડીજે, શરણાઈવાદકો, ઢોલી,લગ્નગીતની પાર્ટી, ગાયક કલાકારો, ફટાકડાના વિક્રેતાઓ,સંગીતવૃંદ, સાંજીદાઓ, ટ્રાન્સપોર્ટેશન તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટ સહિતના માટે આ વખતની સિઝન પ્રમાણમાં સારી રહી હોવાનું સંબંધિત સૂત્રોમાંથી જાણવા મળ્યુ હતુ.

**12 દિવસ અગાઉ પ્રમોશન મળ્યા બાદ રજા પર વતન ભાવનગર આવ્યા હતા**


# ગાંધીનગરના સિનિયર જિલ્લા તિજોરી અધિકારીની ભાવનગરમાં આત્મહત્યા


ભાવનગર | મૂળ ભાવનગરના વતની અને હાલ ગાંધીનગરના સિનિયર જિલ્લા તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા બેલુરભાઈ બિપીનચંદ્ર રાવલ (ઉ.વ.૪૫)એ ગઈ કાલ તા.૧૨ના રોજ બપોરના સમયે ભાવનગરમાં અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનું ભરતનગર પોલીસે જણાવ્યું હતું.


આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર ખાતે સેક્ટર-૧૯માં રહેતા અને હાલ ગાંધીનગર સિનિયર તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા બેલુરભાઈ રાવલને હજુ ૧૨ દિવસ અગાઉ પ્રમોશન મળ્યું હતું. બાદમાં, રજા લઈને તેઓ વતન ભાવનગર આવ્યા હતા. ત્રણ ભાઈઓમાં મોટા બેલુરભાઈ શહેરમાં વારાહી સોસાયટીમાં રહેતા દેવલભાઈના ઘરે રોકાયા હતા. જ્યાં ગઈકાલ તા.૧૨ માર્ચના રોજ ઢળતી બપોરે સાંજે ૪.૪૫ વાગ્યાના અરસામાં મકાનમાં ઉપરના માળે રૂમમાં છતના હુક સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી તેમણે કોઈ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લીધું હતું.


બનાવ અંગે ભરતનગર પોલીસે તેમના ભાઈ દેવલભાઈનું નિવેદન લીધું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, બન્ને ભાઈ બપોરે સાથે જમ્યા હતા અને બપોરે ૩.૩૦ વાગ્યાના અરસામાં બન્ને પોતપોતાની રૂમમાં વામકુક્ષી માટે ગયા હતા. બાદમાં, પોતાને સોલારનો વ્યવસાય હોવાથી વ્યવસાય અર્થે જતા રહ્યા હતા. આ દરમિયાન સાંજના ૫ વાગ્યાના અરસામાં પરિવારજનો જગાડવા માટે ગયા ત્યારે ખખડાવવા છતાં બેલુરભાઈએ બારણુ નહીં ખોલતા દેવલભાઈને જાણ કરાઈ હતી. આથી તેઓ આવ્યા હતા અને લેચ-કીથી દરવાજો ખોલ્યો ત્યારે ખ્યાલ આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને તેમની સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જે સ્યુસાઈડ નોટ પોલીસે કબ્જે કરી છે.


## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે.



**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.



**મિથુન (ક,છ,ઘ)**
આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.



**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો.



**સિંહ (મ,ટ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.



**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.



**તુલા (ર,ત)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા છોડી શકો છો.


**વૃશ્ચિક (ન,ય)**
મિત્રો અને પ્રિયજનો માટે ચિંતા કરી શકો છો. કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને કિંમતી સમય બગાડો છો.


**ધન (ભ,ધ,ફ)**
તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો. વિદ્યાર્થીઓના અભ્યાસમાં થોડી મુશ્કેલીઓ આવી શકે.


**મકર (ખ,જ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.


**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો.


**મીન (દ,ચ,ઝ,થ)**
કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

## ઈલેક્ટ્રિક મોબિલિટી પ્રમોશન સ્કીમ, 2024 લોન્ચ

# ટૂ અને થ્રી-વ્હીલર પર EV સબસિડીમાં ઘટાડો, કાર અને બસ પર સમાપ્ત

**ટૂ-વ્હીલર પર મહત્તમ સબસિડી મર્યાદા રૂ. 22,500થી ઘટાડીને રૂ. 10,000 કરાઇ**



અમદાવાદ | દેશમાં ઈલેક્ટ્રિક ટૂ-વ્હીલર અને થ્રી-વ્હીલર્સને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે બુધવારે ઈલેક્ટ્રિક મોબિલિટી પ્રમોશન સ્કીમ ૨૦૨૪ રજૂ કરી છે. ભારે ઉદ્યોગ મંત્રી મહેન્દ્ર નાથ પાંડેએ કહ્યું કે કેન્દ્ર સરકારે નવી યોજના માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે, જે એપ્રિલથી આગામી ૪ મહિના માટે લાગુ રહેશે.પાંડેએ કહ્યું કે, હાલની ફાસ્ટર એડોપ્શન અને મેન્યુફેક્ચરિંગ ઈલેક્ટ્રિક વ્હીકલ ફેઝ-૨ પહેલને બદલે આગામી સ્કીમ ૧ એપ્રિલથી અમલમાં આવશે. ફાળવેલ રૂ. ૫૦૦ કરોડનો ઉપયોગ ૪ મહિનાના સમયગાળામાં લગભગ ૪ લાખ ટૂ-વ્હીલર અને થ્રી-વ્હીલર્સને આથક સપોર્ટ માટે કરવામાં આવશે. નવી યોજના હેઠળ સરકાર દ્વારા ઈ-ટૂ-વ્હીલર અને ઈ-થ્રી-વ્હીલર પર પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, પરંતુ નવી સ્કીમ હેઠળ ઈ-ફોર વ્હીલર્સ અને ઈ-બસને આ પ્રકારનું કોઈ પ્રોત્સાહન આપવામાં આવશે નહીં. વધતી જતી માંગને પહોંચી વળવા અને ઈવી ઉત્પાદકો પર બોજ વધારવા માટે સરકારે ટૂ-વ્હીલર પર મહત્તમ સબસિડીની મર્યાદા પ્રતિ વાહન ૧૦,૦૦૦ રૂપિયા કરી છે.જે અગાઉ ૨૨,૫૦૦ રૂપિયા હતી. આ સિવાય થ્રી-વ્હીલર પરની સબસિડી ૧,૧૧,૫૦૫ રૂપિયાથી ઘટાડીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવી છે.

બંને કેટેગરીના વાહનોને પ્રતિ કિલોવોટ કલાક ૫,૦૦૦ રૂપિયાનું પ્રોત્સાહન મળશે. ઉચ્ચ માંગને ધ્યાનમાં રાખીને સબસિડી ઘટાડવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય ઈન્ડસ્ટ્રીને મજબૂત કરવાનો અને તેને સબસિડી પછીના તબક્કા માટે તૈયાર કરવાનો છે. ઈવીના વેચાણમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૪૫ ટકાથી વધુની મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. ૨૦૨૩માં કુલ ૧૫ લાખ ઈવીનું રજિસ્ટ્રેશન થયું છે, જે ગત વર્ષના ૧૦ લાખ કરતા નોંધપાત્ર વધુ છે. આ સાથે દેશના ઓટો સેક્ટરમાં ઈવીનો હિસ્સો ૨૦૨૨ના ૪.૮ ટકાથી વધીને ૬.૩ થયો છે.

# 33 ટકા કંપનીઓના શેરોમાં ડિસ્કાઉન્ટમાં ટ્રેડિંગ

મુંબઈ | વર્તમાન નાણાં વર્ષમાં લિસ્ટેડ થયેલા મેઈનબોર્ડ તથા સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એસએમઈસ) સ્ટોકસમાંથી અંદાજે ૩૩ ટકા સ્ટોકસ તેમના ઈશ્યુ ભાવથી હાલમાં ડિસ્કાઉન્ટમાં ટ્રેડ થઈ રહ્યા છે. લોકસભાની ચૂંટણીના છ મહિના પહેલા મંદ પડવાના ટ્રેન્ડસને પ્રાઈમરી માર્કેટે આ વર્ષે રિવર્સ કર્યો છે.

જંગી પ્રીમિયમ્સ સાથે આવેલી આ કંપનીઓના શેરભાવમાં એકંદર બજારની સાથોસાથ ભારે ધોવાણ થયું હોવાનું પ્રાપ્ત આંકડા પરથી જણાય છે.૭૩ જેટલી મેઈનબોર્ડ કંપની જેણે વર્તમાન નાણાં વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪માં કુલ રૂપિયા ૬૦,૦૦૦ કરોડથી વધુ ઊભા કર્યા છે તેમાંછી ૨૫ જેટલી કંપનીના ભાવ તેમના ભરણાંના ભાવથી લગભગ ડિસ્કાઉન્ટે બોલાઈ રહ્યા હોવાનું બીએસઈ ડેટા પરથી કહી શકાય એમ છે. અનેક મેઈનબોર્ડ કંપનીઓના જાહેર ભરણાંને જોરદાર પ્રતિસાદ સાંપડયો હતો અને અપેક્ષા કરતા પણ ઘણાં વધુ ભરાઈ ગયા હતા. એસએમઈની વાત કરીએ તો ૧૭૭ કંપનીઓએ એકત્રિત રીતે રૂપિયા ૫૦૦૦ કરોડથી વધુ ઊભા કર્યા હતા તેમાંથી ૫૫ જેટલી કંપનીના શેરભાવ હાલમાં ઓફર ભાવથી નીચે બોલાઈ રહ્યા છે.

બિઝોટિક, સેલ પોઈન્ટ, એસવીએસ, ઈપેક ડયૂરેબલ, મુથોટ માઈક્રોફાઈન સહિતની કંપનીના શેરભાવ ભરણાંના ભાવથી ડિસ્કાઉન્ટે ચાલી રહ્યા છે. એસએમઈ ભરણાં તો બેથી અઢાર ગણા જેટલા ભરાઈ ગયા હતા. વર્તમાન વર્ષમાં સેકન્ડરી બજારની સાથોસાથ પ્રાઈમરી માર્કેટમાં પણ ભારે તેજી જોવા મળી છે.

કેટલીક કંપનીના આઈપીઓ અનેક ગણા ભરાઈ જવા પાછળ ગેરરીતિભરી અરજીઓ કારણભૂત છે કે કેમ તેની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું સિક્યુરિટિઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા તાજેતરમાં જણાવાયું હતું. દરમિયાન લોકસભાની ચૂંટણી પહેલા મંદ પડવાના ટ્રેન્ડસને પ્રાઈમરી માર્કેટ આ વખતે તોડયો છે. છેલ્લી ચાર લોકસભાની ચૂંટણી પહેલા પ્રાઈમરી માર્કેટમાં લગભગ મંદી જોવા મળી હતી જે આ વખતે નજરે નથી પડતી એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. ઓકટોબરથી ફેબ્રુઆરી દરમિયાન ૩૯ કંપનીઓએ જાહેર ભરણાં મારફત રૂપિયા ૩૩૦૦૦ કરોડ જેટલી રકમ ઊભી કરી હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. આ અગાઉ ૨૦૦૪,૨૦૦૯, ૨૦૧૪ તથા ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાના છ મહિનામાં માત્ર વીસ કંપનીઓએ આઈપીઓ મારફત રૂપિયા ૪૩૦૦ કરોડ ઊભા કર્યા હતા.

# ફીચ રેટિંગ્સે આગામી નાણાં વર્ષ માટે GDP અંદાજ વધારી 7 ટકા મૂકયો

## ડામાડોળ સ્થિતિને કારણે ચીનના વિકાસ દરની ધારણાંમાં ઘટાડો



મુંબઈ | ભારતના અર્થતંત્રનો મજબૂત વિકાસ જળવાઈ રહેશે તેવી અપેક્ષા સાથે મૂડી'સ બાદ હવે ફીચ રેટિંગ્સે પણ આગામી નાણાં વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૪-૨૫ માટે ભારતના આર્થિક વિકાસ દર (જીડીપી) અંદાજ વધારી ૭ ટકા કર્યો છે જે અગાઉ ૬.૫૦ ટકા મુકાયો હતો. બીજી બાજુ ચીનના જીડીપી અંદાજમાં ઘટાડો કરાયો છે.

આગામી નાણાં વર્ષના જુલાઈથી ડિસેમ્બરના ગાળામાં રિઝર્વ બેન્ક વ્યાજ દરમાં અડધા ટકાનો ઘટાડો કરશે તેવી પણ ધારણાં છે. ૨૦૨૪ના અંત સુધીમાં રિટેલ ફુગાવો તબક્કાવાર ઘટી ૪ ટકા પર આવી જવાની આશા છે.ચીનને બાદ કરતા ઊભરતી બજારો ખાસ કરીને ભારતનું ભાવિ ઉજળુ હોવાનું ફીચ દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં જણાવાયું હતું. વર્તમાન નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૮૦ ટકા તથા આગામી નાણાં વર્ષમાં ૭ ટકા રહેવા અપેક્ષા છે. બન્ને વર્ષના અંદાજમાં નોંધપાત્ર વધારો કરાયો છે.

સતત ત્રણ ત્રિમાસિક ગાળામાં ભારતનો આર્થિક વિકાસ દર આઠ ટકાની ઉપર રહ્યો છે. દરમિયાન ૨૦૨૪માં ચીનનો આર્થિક વિકાસ દર ૪.૬૦ ટકાથી ઘટાડી ૪.૫૦ ટકા કરાયો છે. ચીનમાં પ્રોપર્ટી ક્ષેત્રના ધૂંધળા ભાવિ તથા ફુગાવાજન્ય દબાણમાં વધારો થઈ રહ્યો છે.ચીનના સત્તાવાળા સતત રાજકોષિય ટેકા પૂરા પાડી રહ્યા છે જેને પરિણામે ભાવિ સ્થિતિ પર પ્રતિકૂળ અસર હળવી થઈ રહી છે, એમ પણ રેટિંગ એજન્સીએ રિપોર્ટમાં જણાવ્યું હતું. આ અગાઉ મૂડી'સે પણ તાજેતરમાં ભારતના જીડીપી અંદાજને ૬.૧૦ ટકાથી વધારી ૬.૮૦ ટકા કર્યો હતો. ૨૦૨૩ના અંતિમ ત્રિમાસિક ગાળામાં ભારતનો આર્થિક વિકાસ દર અપેક્ષા કરતા સારો રહી ૮.૪૦ ટકા રહ્યો હતો, જે દોઢ વર્ષની ઊંચી સપાટીએ હતો.

## ચાંદીના ભાવ ફરી ઉછળ્યા: સોનામાં આગેકૂચ: ક્રૂડતેલ વધી 85 ડોલર નજીક

મુંબઈ | મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ વિશ્વ બજાર પાછળ ફરી ઉછળ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ આંચકા પચાવી ફરી વધી ઔંશના ઉંચામાં ૨૧૭૭ થઈ ૨૧૬૯થી ૨૧૭૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૨૪.૩૩ વાળા વધી ૨૫ ડોલરની સપાટી તુદાવી ૨૫.૧૭ થઈ ૨૫.૦૨થી ૨૫.૦૩ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર વધી જતાં ઘરઆંગણે પણ કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચકાતાં ઝવેરી બજારોમાં ભાવ ફરી વધી આવ્યાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૫૦૭૩ વાળા રૂ.૬૫૨૬૧ રહ્યા હતા જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૫૩૩૫ વાળા રૂ.૬૫૫૨૩ રહ્યા હતા.

# RBIએ મોટાપાયે ખરીદી કરતા 20 માસમાં ગોલ્ડ રિઝર્વમાં સૌથી મોટો વધારો

## 2023 દરમિયાન કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદીમાં 1,037.37 ટનનો વધારો થયો, જે 2022ની રેકોર્ડ ખરીદી કરતાં થોડી ઓછી



નવી દિલ્હી | ભારતની રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નવા વર્ષની શરૂઆતમાં ફરી એકવાર સોનાની જંગી ખરીદી કરી છે. નવા વર્ષના પ્રથમ મહિનામાં આરબીઆઈની ખરીદી વધીને ૨૦ મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. જો કે ગત વર્ષના છેલ્લા બે મહિના દરમિયાન આરબીઆઈએ સોનું ખરીદવાનું ટાળ્યું હતું. સોનાના ભાવમાં વધારો કરવામાં કેન્દ્રીય બેંકોની ખરીદીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. સોનાના ભાવમાં હાલમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. સ્થાનિક બજારમાં જ્યાં સોનું ૬૭,૦૦૦ના સ્તરને પાર કરી ગયું છે. જ્યારે આંતરરાષ્ટ્રીય ભાવ ૨,૨૦૦ ડોલરના રેકોર્ડ સ્તરે છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના નવીનતમ અહેવાલ મુજબ, જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા ૩૯ ટન સોનાની ચોખ્ખી ખરીદી કરવામાં આવી હતી. આ સતત ૮મો મહિનો છે જ્યારે કેન્દ્રીય બેંકો દ્વારા સોનામાં રોકાણ વધ્યું છે. જે ડિસેમ્બરની સરખામણીમાં બમણા કરતાં પણ વધુ છે. વિશ્વભરની સેન્ટ્રલ બેન્કોએ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ૧૭ ટન સોનું ખરીદ્યું હતું.

અહેવાલ મુજબ, જાન્યુઆરી ૨૦૨૪માં સૌથી વધુ ખરીદી સેન્ટ્રલ બેંક ઓફ તુર્કી દ્વારા કરવામાં આવી હતી. તુર્કીની સેન્ટ્રલ બેંકે આ સમયગાળા દરમિયાન તેના સોનાના ભંડારમાં ૧૨ ટનનો વધારો કર્યો છે. જાન્યુઆરી ૨૦૨૪ના અંત સુધીમાં, તુર્કીનો સોનાનો ભંડાર વધીને ૫૫૨ ટન થયો હતો. ચીનની સેન્ટ્રલ બેંક પીપલ્સ બેંક ઓફ ચાઈના ૧૦ ટન સોનું ખરીદવા સાથે બીજા સ્થાને હતી.જાન્યુઆરી ૨૦૨૪માં આશરે ૯ ટન સોનાની ખરીદી સાથે ભારતની મધ્યસ્થ બેંક આરબીઆઈ ત્રીજા ક્રમે આવી હતી. ભારતનો ગોલ્ડ રિઝર્વ હવે વધીને ૮૧૨ ટન થઈ ગયો છે. ઑક્ટોબર ૨૦૨૩ પછી પહેલીવાર ઈમૈંના સોનાના ભંડારમાં કોઈ મહિનામાં વધારો થયો છે. ઉપરાંત, જુલાઈ ૨૦૨૨ પછી આરબીઆઈના સોનાના ભંડારમાં આ સૌથી મોટો વધારો છે.

## એડવાન્સ ટેક્સ ભરવાની છેલ્લી તારીખ

# FY24નો છેલ્લો હપ્તો જમા કરવામાં નહીં આવે, તો તમારે પેનલ્ટી ભરવી પડી શકે છે





નવી દિલ્હી | આજે (15 માર્ચ) નાણાકીય વર્ષ 2023-24ના ચોથા ક્વાર્ટર માટે એડવાન્સ ટેક્સ ભરવાની છેલ્લી તારીખ છે. જો તમે આજે જમા નહીં કરાવો તો તમારે પેનલ્ટી અને વ્યાજ ચૂકવવું પડી શકે છે.નાણાકીય વર્ષ 2024ના પ્રથમ ત્રણ હપ્તાના પ્રોવિઝનલ આંકડા મુજબ, 17 ડિસેમ્બર, 2023 સુધી સરકારે કુલ રૂ. 6,25,249 કરોડનો એડવાન્સ ટેક્સ વસુલ કર્યો હતો. જે પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળા એટલે કે 2022-23 કરતાં 19.94% વધુ હતો.

લોકોએ FY2022-23ના ત્રણ હપ્તામાં રૂ. 5,21,302 કરોડનો એડવાન્સ ટેક્સ ભર્યો હતો. એકત્ર કરાયેલા કુલ એડવાન્સ ટેક્સમાંથી કોર્પોરેશન ટેક્સ (CIT) રૂ. 4,81,840 કરોડ અને પર્સનલ ઈન્કમ ટેક્સ (PIT) રૂ. 1,43,404 કરોડ હતો.એડવાન્સ ટેક્સ અને એડવાન્સ ટેક્સ કલેક્શન શું છે?એડવાન્સ ટેક્સ સામાન્ય ટેક્સ જેવો છે, પરંતુ તે વર્ષના અંતે એકવાર જમા કરાવવાને બદલે હપ્તામાં જમા કરાવવો પડે છે. તેની ચૂકવણી માટેની ડ્યૂ ડેટ આવકવેરા વિભા દ્વારા નક્કી કરવામાં આવે છે. આવકવેરા અધિનિયમની કલમ 208 મુજબ, જે વ્યક્તિ પર કોઈ એક નાણાકીય વર્ષમાં 10,000 રૂપિયાથી વધુની અંદાજિત ટેક્સ લાયબિલિટી હોય છે. તેણે એડવાન્સ ટેક્સ ભરવો પડશે. 60 વર્ષથી વધુ ઉંમરના લોકોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

**હોમ લોનનો સમયગાળો જેટલો લાંબો, તેટલું વ્યાજ વધારે હોય છે**

# 20 વર્ષની હોમ લોનના હપ્તા પણ ફટાફટ ભરાઈ જશે, આ રીતે શરૂ કરો રોકાણ, ફોર્મ્યુલા



મુંબઈ | આજના સમયમાં હોમ લોનની મદદથી પોતાનું ઘર ખરીદવું ખૂબ જ સરળ બની ગયું છે, પરંતુ હોમ લોનના ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ (EMI) દ્વારા લાંબા સમય સુધી ભારે વ્યાજ ચૂકવવું પડે છે. હોમ લોનનો સમયગાળો જેટલો લાંબો હશે, તેટલું વ્યાજ વધારે હોય છે. જેથી લોકો ઘર ખરીદવા માટે વધુ કિંમત ચૂકવે છે અને પછી પસ્તાઈ છે. પરંતુ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા હોમ લોનની સંપૂર્ણ કિંમત વસૂલ કરી શકો છો. તો જાણો આ માટે શું કરવું પડશે...એક બેંકમાંથી 25 વર્ષ માટે 30 લાખ રૂપિયાની લોન લીધી છે. આ બેંકમાં હોમ લોન પર વ્યાજ દર 9.55 ટકા છે. બેંક હોમ લોન કેલ્ક્યુલેટર અનુસાર 25 વર્ષમાં બેંકને 78,94,574 રૂપિયા ચૂકવવા પડશે. જો 20 વર્ષ માટે લોન લીધી છે, તો 67,34,871 રૂપિયા ચૂકવવા પડશે અને 15 વર્ષ માટે લોન લીધી છે, તો 9.55 ટકાના દરે 56,55,117 રૂપિયા ચૂકવવા પડશે. ટેન્યોર જેટલો લાંબો હશે,તો ઈએમઆઈ ઘટી જાય છે. પરંતુ લોન માટે વધુ કિંમત ચૂકવવી પડશે.હોમ લોન વસૂલ કરવા માટે મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી દ્વારા કરી શકો છો. આ માટે હોમ લોનની ઈએમઆઈ શરૂ થતાં જ ટેન્યોર માટે માસિક એસઆઈપી શરૂ કરવી જોઈએ. મુખ્ય રકમ અને વ્યાજ સહિત હોમ લોનની રકમ વસૂલવા માટે ઈએમઆઈની 20-25 ટકા રકમ સાથે એસઆઈપી શરૂ કરવી જોઈએ. આનાથી હોમ લોન પૂર્ણ થાય ત્યાં સુધી બેંકને જેટલી રકમ ચૂકવશો તેટલી રકમ સરળતાથી બનાવી શકશો.

| રકમ કેવી રીતે વસૂલ કરવામાં આવશે | |
|---|---|
| કુલ હોમ લોનઃ રૂપિયા | 30 લાખ |
| ટેન્યોર: | 20 વર્ષ |
| વ્યાજ દર: | વાર્ષિક 9.55 ટકા |
| ઈએમઆઈ: | રૂપિયા 28,062 |
| લોન પર કુલ વ્યાજઃ | રૂપિયા 37,34,871 |
| મૂળ રકમ અને વ્યાજ સહિત કુલ ચુકવણી: | રૂપિયા 67,34,871 |

| એસઆઈપી ફોર્મ્યુલા સમજો | |
|---|---|
| એસઆઈપી રકમ: | ઈએમઆઈના 25ટકા (રૂ. 7,015) |
| રોકાણનો સમયગાળો: | 20 વર્ષ |
| અંદાજિત વળતર: | વાર્ષિક 12 ટકા |
| 20 વર્ષ પછી એસઆઈપી મૂલ્ય: | રૂપિયા 70,09,023 |

# જથ્થાબંધ મોંઘવારી દર ચાર મહિનાના નીચલા સ્તરે, ફેબ્રુઆરીમાં 0.20 ટકા ફુગાવો રહ્યો



નવી દિલ્હી | છૂટક મોંઘવારી બાદ હવે જથ્થાબંધ ફુગાવાના મોરચે પણ રાહત મળી છે. જથ્થાબંધ ફુગાવાનો દર ફેબ્રુઆરી 2024માં ઘટીને 0.20 ટકા પર આવી ગયો છે, જે જાન્યુઆરી 2024માં 0.27 ટકા હતો. છેલ્લા ચાર મહિનામાં જથ્થાબંધ મોંઘવારીનો આ સૌથી નીચો સ્તર છે. વાણિજ્ય મંત્રાલયે જથ્થાબંધ મોંઘવારી દરને લઈને આ ડેટા જાહેર કર્યો છે. ડેટા જાહેર કરતા વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે ફેબ્રુઆરી 2024માં જથ્થાબંધ મોંઘવારી દરમાં થયેલો વધારો ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ, વીજળી, મશીનરી અને સાધનો, મોટર વાહનોની કિંમતોમાં વધારાને કારણે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાને કારણે છે. ટ્રેલર અને સેમીટ્રેલર્સ. છૂટક ફુગાવાના ડેટાની જેમ જ જથ્થાબંધ ફુગાવાના ડેટામાં પણ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળ્યો છે. જથ્થાબંધ મોંઘવારી દર ફેબ્રુઆરી 2024માં 4.09 ટકા પર પહોંચી ગયો છે, જે જાન્યુઆરી 2024માં 3.79 ટકા હતો.

# રશ્મિ ગોવિલે ઈન્ડિયન ઓઈલના ડાયરેક્ટર (HR) તરીકે કાર્યભાર સંભાળ્યો



નવી દિલ્હી | ભારતમાં સૌથી મોટા ગ્રાહક ઈન્ટરફેસમાંની એક ફોર્ચ્યુન-500 એનર્જી કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (ઈન્ડિયન ઓઈલ)માં સુશ્રી રશ્મિ ગોવિલે નિયામક (માનવ સંસાધન) તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. તેણી 1994 માં ઈન્ડિયન ઓઈલમાં જોડાઈ હતી અને માનવ સંસાધન કાર્યના વિવિધ પાસાઓમાં લગભગ ત્રણ દાયકાનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. સુશ્રી ગોવિલ એચઆરમાં વિશેષતા ધરાવતા MBA અને ફાઈનાન્સમાં અનુસ્નાતક ડિપ્લોમા સાથે અનુભવી વ્યાવસાયિક છે.

તેમણે નિયામક (HR) તરીકેની નિમણૂક પહેલા કંપનીની કોર્પોરેટ ઓફિસમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (HRD અને કર્મચારી સંબંધો) તરીકે સેવા આપી રહી હતી. સુશ્રી ગોવિલએ ઈન્ડિયન ઓઈલના રિફાઈનરી હેડક્વાર્ટરમાં પણ કામ કર્યું છે, તેમજ મથુરા રિફાઈનરીના યુનિટમાં પડકારજનક વાતાવરણને પણ સંભાળ્યું છે. તેણીના સમૃદ્ધ અને વૈવિધ્યસભર અનુભવે ઔદ્યોગિક સંબંધો નિષ્ણાત તરીકેની તેણીની ઓળખ ઉપરાંત વળતર અને કામગીરી વ્યવસ્થાપન, ભરતી, નીતિ ઘડતર, ઉત્તરાધિકાર આયોજન અને સિસ્ટમ મેનેજમેન્ટ સહિતની કામગીરી અંગેની તેની ઊંડી સમજણનો પાયો નાખ્યો છે.

સુશ્રી ગોવિલ તેમના પરિણામ-કેન્દ્રિત, સહયોગી અને સમાવિષ્ટ શૈલી માટે જાણીતા છે અને કંપની તેમજ ઉદ્યોગ માટે ઘણી વ્યૂહાત્મક પહેલો ઘડી છે. તેણીએ અનોખા ઈનોવેશન સેલ 'સૃજન'ની પહેલ કરી છે, એચઆરમાં એન્ટરપ્રાઇઝ-વ્યાપી SAP સોલ્યુશન્સના રોલ-આઉટનું સંચાલન કર્યું છે, અને ઈન્ડિયન ઓઈલના યુનિયન્સ સાથે લાંબા ગાળાના વેતન સમાધાન સહિત, સમૂહો સાથે બહુવિધ સીમાચિહ્નરૂપ સમાધાનનું નેતૃત્વ કર્યું છે.

કોવિડ-19 રોગચાળા દરમિયાન, સુશ્રી ગોવિલે વિવિધતા, સમાવેશ અને કર્મચારીઓની સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને અસંખ્ય નીતિઓનું પુનરાવર્તન કર્યું હતું. તેમની નિયામક (HR) તરીકે નિમણૂક ઈન્ડિયન ઓઈલમાં તેણીના અનુકરણીય યોગદાન અને ઉર્જા ક્ષેત્રે માનવ સંસાધનોના ભાવિ માટેના તેમના વિઝનનો પુરાવો છે. આ ઉન્નતિ સાથે, ઈન્ડિયન ઓઈલ હવે તેના બોર્ડમાં બે મહિલા કાર્યકારી નિર્દેશક ધરાવે છે.

# વર્લ્ડ સ્લીપ ડે અગાઉ, ગોદરેજ ઈન્ટેરિયોએ તેના મેટ્રેસ કેટેગરીનો વ્યાપ વિસ્તારવાની યોજના જાહેર કરી

મુંબઈ | ગોદરેજ ગ્રુપના વડપણ હેઠળની અગ્રણી ગોદરેજ એન્ડ બોયસે જાહેરાત કરી છે કે તેના કારોબાર ગોદરેજ ઈન્ટેરિયો આગામી 3 વર્ષમાં તેની મેટ્રેસ કેટેગરીને 250 કરોડ સુધી વિસ્તારવાની યોજના છે. ફર્નિચર સોલ્યુશન્સ ક્ષેત્રની અગ્રણી બ્રાન્ડ ઓપ્ટિમલ પોસ્ટર સપોર્ટ માટે તમામ પ્રાઈઝ રેન્જમાં તેના મેટ્રેસિસના પોર્ટફોલિયોને વધારવા ઉપર ધ્યાન આપશે તથા સોફા બેડ્સ, મેટ્રેસ બેડ, બેઝીસ, તથા એસેસરીઝ જેવી સંબંધિત કેટેગરીઝમાં વિવિધ્યસભરતા રજૂ કરવા જઈ રહી છે. વેલબિઈંગ પર મજબૂતપણે ધ્યાન આપવાની સાથે આ બ્રાન્ડે તાજેતરમાં જ ઓપ્ટીમલ બ્રેથેબિલીટી અને ટેમ્પરેચર રેગ્યુલેશન માટે એર સેન્સ મેટ્રેસ, રિમોવેબલ તથા વોશેબલ 3ડી સિલ્વર મેશ® ટોપની વિશેષતા સાથે વ્યાપક રેન્જમાં ઈનોવેટીવ મેટ્રેસિસની સિરીઝ રજૂ કરી છે. આ ઉપરાંત, અમારા પેટન્ટેડ સપોર્ટ મેટ્રેસ, પ્રેશર ન્યુટ્રલાઈઝીંગ ઝોન્સ®થી સજ્જ, વ્યક્તિગત રીતે શરીરના વજનને અનુરૂપ બહુમુખી રીતે સપોર્ટ રજૂ કરે છે.

ગોદરેજ ઈન્ટેરિયોના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ (બી2સી) દેવ સરકારે જણાવ્યું હતું કે, "ભારતમાં આધુનિક જીવનશૈલીમાં વધી રહેલા તણાવ અને ચિંતાની સ્થિતિમાં મેટ્રેસ ઈન્ડસ્ટ્રી પુનઃઆકાર લઈ રહી છે. અમારું મજબૂતપણે માનવું છે કે ગુણવત્તાયુક્ત ઉંઘ સારા સ્વાસ્થ્ય, પ્રગતિમય જીવન અને વધેલી ઉત્પાદકતા સાથે જટિલ રીતે જોડાયેલ છે.એક સપોર્ટીવ મેટ્રેસ તાજગીથી ભરેલી ઉંઘની આધારશિલા બની જાય છે, જેથી એ સુનિશ્ચિત થાય છે કે વ્યક્તિ રિફ્રેશ અને નવા જુસ્સાથી જાગે છે. તાજેતરમાં જ કેટલાક નિયંત્રિત પરિક્ષણોએ ઉંઘની ગુણવત્તા, દુઃખાવામાં રાહત અને કરોડરજ્જાના હાંડકાને અનુરૂપ કુશન ડિઝાઈનની અસરનું વ્યાપક તથા ઊંડાણપૂર્વક અધ્યયન કર્યું છે, જે કુશાનની અત્યંત મહત્વની ભૂમિકાનું શું મહત્વ રહેલું છે તે બાબતને રજૂ કરી છે. ગોદરેજ ઈન્ટેરિયોમાં અમે અમારી ડિઝાઈન મેટીક્યુલસમાં ગહન ટેકનોલોજીને એકીકૃત કરી છે, જે અમારા પ્રેશર ન્યુટ્રલાઈઝીંગ તથા 3ડી સિલ્વર મેશ ટેકનોલોજીનું ઉત્તમ પ્રતીક છે, આ સાથે તેમાં અત્યાધુનિક ફોમ મટેરિયલ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. નવીનતા અને ગ્રાહક સુખાકારી માટેની પ્રતિબદ્ધતા સાથે, અમે આગામી 3 વર્ષ માટે અમારી મેટ્રેસ કેટેગરીમાં 20% CAGR વધારવા માટે તૈયાર છીએ."

વ્યક્તિગત રીતે વધી રહેલી ખર્ચ કરવાની ક્ષમતા, સમગ્ર સ્વાસ્થ્ય તથા ઉંઘની ગુણવત્તા માટે એકંદરે મેટ્રેસિસના મહત્વ અંગે વધી રહેલી જાગૃકતા બજારને આગળ વધારવામાં મુખ્ય પરિબળ છે. ગોદરેજ ઈન્ટેરિયો દ્વારા કરવામાં આવેલ હોમસ્કેપ્સ અભ્યાસ પ્રમાણે દરેક ત્રણ સહભાગી પૈકી એક (33 ટકા) પોતાના ઘરને એક સેન્ચુરી એટલે કે સુરક્ષા કેન્દ્ર તરીકે જુએ છે-વ્યક્તગિત સમય, આરામ, ઉંઘ, ધ્યાન, પોતાની જાતની દેખરેખ તથા બાલકની ગાર્ડનમાં કેટલાક સમય સુધી આનંદદાયક સમય પસાર કરવા માટે એક આશ્રય સ્થાન તરીકે જુએ છે. એકંદરે સુખાકારીમાં ઉંઘની અત્યંત મહત્વની ભૂમિકાને યોગ્ય માન્યતા આપતા બજાર પરંપરાગત મેટ્રેસિસથી વિવિધ્યસભર રેન્જમાં શિફ્ટ થયું છે, જે ટ્રાવેલ એક્સપિરીયન્સથી પ્રભાવિત ગ્રાહકોની પસંદગીમાં આવી રહેલા પરિવર્તનને પ્રતિત કરે છે. બજારે પરંપરાગત કૉયર મેટ્રેસિસથી વૈવિધ્યસભર રેન્જમાં પરિવર્તનનો અનુભવ કર્યો છે, જેમાં પુ ફોમ, બોન્ડેડ ફોમ, મેમરી ફોમ, લેટેક્સ અને બોનેલ તથા પોકેટ જેવા વિવિધ પ્રકારના સ્પ્રિંગ વેરિએન્ટનો સમાવેશ થાય છે. ગોદરેજ ઈન્ટેરિયો પોતાની એક્યુપેડિંક રેન્જ સાથે આ માંગને પૂરી કરે છે, જેમાં એક્મેટિક મેટ્રેસ (બોનેલ અને પોકેટ સ્પ્રિંગ વેરિએન્ટમાં ઉપલબ્ધ છે)નો સમાવેશ થાય છે.

# ઉત્કૃષ્ટ 7 વર્ષ




## રોકાણ માટે અનુકૂળ રાજ્ય બનાવવા

‘ ડબલ એન્જીન’ વિકાસ મોડલ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને એક જ મિશન પર ફોક્સ કરી રહી છે. યૂપીની નવી ઔધોગિક રોકાણ તથા રોજગાર પ્રોત્સાહન નીતિ-2022થી રોકાણ અને રાજસ્વના ક્ષેત્રમાં નવી શક્યતાઓ વધી રહી છે. ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યમાં ઉધોગોને વધારવા માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કર્યું છે. આપણા આ પ્રયાસ માટે યૂપીને દેશમાં ‘અચીવર સ્ટેટ’ની ઉપલબ્ધિથી સમ્માનિત કર્યુ છે. ઉત્તરપ્રદેશની નવી ઔધોગિક નીતિનું ઉદ્દેશ્ય પ્રક્રિયાઓને સરળ બનાવવી, ડિજીટલ સિસ્ટમના માધ્યમથી કાર્યને સમયથી વહેલા પૂર્ણ કરવું તથા પારદર્શિતાને વધુ મજબૂત કરવા સાથે જ સમય ઉપર ક્લીરિયેન્સ આપવા માટે વધુ ઉત્તમ સુવિધાઓને સામેલ કરવા માટે છે. યૂપી સરકારનું સિંગલ વિંડો પોર્ટલ (એસડબ્લ્યૂપી), જે રોકાણ મિત્રના નામથી પણ જાણીતું છે. આ વર્તમાન રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ડબ્લ્યુએસપીના વચ્ચે સૌથી મોટા સિંગલ વિંડો પોર્ટલમાંથી એક છે, જેણે 37 વિભાગોની 454થી વધુ સેવાઓ માટે સામેલ કરાયું છે.

વર્ષ 2018માં યોજાયેલ ઇન્વેસ્ટર્સ સમિટના માધ્યમથી 4.28 લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ પ્રોજેક્ટ પર કાર્ય શરૂ થયેલ છે. બીજી બાજુ 2023માં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં 40 લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ પ્રસ્તાવ મળ્યા છે, જેમાંથી ફેબ્રુઆરી 2024માં આયોજીત થયેલ ગ્રાઉંડ બ્રેકિંગ સેરેમની દરમિયાન 10 લાખ કરોડ રૂપિયાથી વધુ પ્રસ્તાવોને સપાટી પર ઉતાર્યું છે.

ગત સાત વર્ષોમાં સુશાસન, મૂળભૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને નીતિગત સુધાર લાગૂ કરવાના પરિણામસ્વરુપ રાજ્યનું ચિત્ર બદલાઇ ગયું છે, જેનાથી હવે યૂપી વેપાર અને રોકાણ માટે આદર્શ મુકામ હાંસલ કર્યું છે. રાજ્યના ફોર્ચ્યુન ગ્લોબલ 500 અને ફોર્ચ્યુન ઈન્ડિયા 500 કંપનીઓથી સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ)ને આકર્ષિત કરવા માટે 250 કરોડ રૂપિયાના બજેટની જોગવાઇ કરવામાં આવી છે.

## ‘ડબલ એન્જીન’ સરકારથી મળી યૂપીના વિકાસને ગતિ





### આલિયા ભટ્ટ 31 વર્ષની થઈ ચુકી છે. 12 વર્ષની એક્ટિંગ કરિયરમાં આલિયાએ લગભગ 16 ફિલ્મોમાં લીડ રોલમાં જોવા મળી છે

# બોલિવૂડે આલિયા ભટ્ટ પર 1000 કરોડ દાવ પર લગાવ્યા

આલિયા ભટ્ટ 15 માર્ચે એટલે કે આજે 31 વર્ષની થઈ ચુકી છે. 12 વર્ષની એક્ટિંગ કરિયરમાં આલિયાએ લગભગ 16 ફિલ્મોમાં લીડ રોલમાં જોવા મળી છે, જેમાંથી 12 હિટ, 2 ફ્લોપ અને 2 એવરેજ હતી. તેની આગામી ચાર ફિલ્મો પર લગભગ 1000 કરોડ રૂપિયા દાવ પર લગાવવામાં આવ્યા છે. આ ફિલ્મોમાં જીગરા, લવ એન્ડ વોર, ઝી લે જરા અને બ્રહ્માસ્ત્ર 2 જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. આલિયાએ 2012માં ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર'થી ડેબ્યૂ કર્યું હતું, પરંતુ તેમને આ ફિલ્મ સરળતાથી મળી ન હતી.

આલિયા સિવાય લગભગ 400 છોકરીઓએ આ ફિલ્મ માટે ઓડિશન આપ્યું હતું. આલિયા હવે બોલિવૂડની સૌથી વધુ કમાણી કરતી એક્ટ્રેસ પૈકી એક છે. તેની એક ફિલ્મની ફી લગભગ 20-25 કરોડ રૂપિયા છે. છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટેબેસ્ટ એક્ટ્રેસનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. આલિયા માટે 2023 ઘણું સારું રહ્યું.

ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'એ વિશ્વભરમાં 355 કરોડનું કલેક્શન કર્યું હતું. આ સિવાય આલિયાને 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પણ મળ્યો હતો. આલિયા આ જમાનાની સૌથી સફળ એક્ટ્રેસ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ અંદાજે 1030 કરોડ રૂપિયા લગાવ્યા છે. તે બ્રહ્માસ્ત્ર 2, જીગરા, લવ એન્ડ વોર અને ઝી લે ઝરા જેવી મોટા બજેટની ફિલ્મોમાં જોવા મળશે. આ ચાર ફિલ્મો ઉપરાંત આલિયા YRF સ્પાઈ યુનિવર્સમાં જોડાનાર પ્રથમ ફિમેલ એક્ટર પણ બની ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આલિયા સ્પાઇ યુનિવર્સની આઠમી ફિલ્મ ફ્રેન્ચાઇઝીમાં જોવા મળશે. આ ફિલ્મમાં આલિયા સુપર એજન્ટના રોલમાં જોવા મળશે.

## જાણીએ આલિયાના જીવન અને કરિયર સાથે જોડાયેલા રસપ્રદ તથ્યો

આલિયાનો જન્મ 15 માર્ચ 1993ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા મહેશ ભટ્ટ જાણીતા ફિલ્મ નિર્માતા છે અને માતા સોની રાઝદાન બોલિવૂડ એક્ટ્રેસરહી ચુકી છે. સોની મહેશ ભટ્ટની બીજી પત્ની છે. પૂજા ભટ્ટ આલિયાની સાવકી બહેન છે.

આલિયાને બાળપણમાં તેમના પિતા તરફથી બહુ પ્રેમ નહોતો મળ્યો. આ વિશે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'મારું મોટાભાગનું બાળપણ મારી માતા સાથે વિત્યું છે, કારણ કે પિતા મોટાભાગે તેમના કામમાં વ્યસ્ત રહેતા હતા. આવી સ્થિતિમાં અમને તેની સાથે સમય પસાર કરવાનો ભાગ્યે જ મોકો મળ્યો છે. જો કે, એવું નથી કે તેઓ આપણા માટે ક્યારેય અસ્તિત્વમાં નથી.

### સંજય લીલા ભણસાલીએ બ્લેક માટે રિજેક્ટ કરી

માતા-પિતાના ફિલ્મી બેકગ્રાઉન્ડને કારણે આલિયાનું બાળપણ પણ ફિલ્મોની આસપાસ વીત્યું હતું. જ્યારે તે 6 વર્ષની હતી ત્યારે તેણે તેના પિતાના પ્રોડક્શન હાઉસ વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી સંઘર્ષ ફિલ્મમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. આ ફિલ્મમાં તેમણેપ્રીટિ ઝિન્ટાના બાળપણની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં કામ કર્યા બાદ આલિયાને એક્ટિંગમાં રસ પડ્યો હતો.

9 વર્ષની ઉંમરે સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'બ્લેક' માટે ઓડિશન આપ્યું હતું, પરંતુ આલિયાને રિજેક્ટ કરવામાં આવી હતી. બાદમાં બાળ કલાકાર આયેશા કપૂરને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી હતી, જેમના કામની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

બ્લેકમાં કામ ન મળવાથી આલિયા નિરાશ થઈ હોવા છતાં એક્ટિંગમાં તેની રુચિ અકબંધ રહી. આ જ કારણ હતું કે 12મા સુધી અભ્યાસ કર્યા બાદ આલિયાનું સંપૂર્ણ ધ્યાન માત્ર એક્ટિંગ પર જ હતું. તે માત્ર ફિલ્મોમાં કામ કરવા માગતી હતી.

### સ્ટુડન્ટ ઑફ ધ યર એવોર્ડ મળ્યો

કરને આલિયાને સ્પષ્ટ કહ્યું કે તે તેને ફિલ્મમાં કાસ્ટ કરવા માગે છે, પરંતુ તેમણે વજન ઘટાડવું પડશે. આલિયાએ કરનને ત્રણ મહિનાનો સમય આપવા કહ્યું હતું અને જો તેનું વજન ઘટતું નથી તો બીજા કોઈને કાસ્ટ કરશે. કરને તેની વિનંતી સ્વીકારી અને તેને ત્રણ મહિના પછી મળવાનું કહ્યું.

આલિયા એક્ટિંગથી કરન ઈમ્પ્રેસ થઈ ગયો હતો. તે સમયે આલિયાનું વજન 68 કિલો હતો. કરને 16 કિલો જેટલું વજન ઘટાડવાનું કહ્યું હતું. આલિયાએ ત્રણ મહિનામાં વજન ઘટાડ્યું હતું. ત્રણ મહિના પછી આલિયા કરનને મળી અને ફિલ્મ નિર્માતા તેના અદ્ભુત પરિવર્તનને જોઈને દંગ રહી ગયા.

# વ્હીલચેર પર બેઠેલા પિતાનો હાથ પકડેલો જોવા મળ્યો સિદ્ધાર્થ મલ્હોત્રા



સિદ્ધાર્થ મલ્હોત્રા સ્ટારર ફિલ્મ 'યોદ્ધા' આજે રિલીઝ થઈ છે. આ ફિલ્મનું ગઈકાલે એટલે કે ગુરુવારે રાતે સ્ક્રીનિંગ હતું. સ્ક્રીનિંગ દરમિયાન સિદ્ધાર્થ મલ્હોત્રા તેમના આખા પરિવાર સાથે જોવા મળ્યો હતો. તેના પિતા વ્હીલચેરમાં બેઠેલા જોવા મળ્યા હતા. સિદ્ધાર્થ તેમના પિતાનો હાથ પકડીને જોવા મળ્યો હતો. પિતા-પુત્રનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ જ વાઈરલ થયો છે. તો બીજી તરફ પત્ની કિઆરા અડવાણી પણ પતિને ચિયર કરવા માટે સ્ક્રીનિંગમાં જોવા મળી હતી. તે સિદ્ધાર્થની માતા સાથે સ્ટેજ પર આવી હતી. બાદમાં, સિદ્ધાર્થ-કિઆરાના સમગ્ર પરિવારે ફોટોગ્રાફર માટે એકસાથે પોઝ આપ્યો હતો. સિદ્ધાર્થ મલ્હોત્રાનો તેમના પિતાને મદદ કરતો વીડિયો ચાહકોને પણ પસંદ આવી રહ્યો છે. જ્યાં એક યુઝરે લખ્યું- ગુડ જેન્ટલમેન, મને આ એક્શન ખૂબ જ ગમી. જ્યારે અન્ય એક યુઝરે લખ્યું- સંભાળ રાખનાર પુત્ર. ઘણા યુઝર્સે આ પોસ્ટ પર હાર્ટ ઈમોજી બનાવીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. આ ઈવેન્ટમાં 'યોદ્ધા'ની સ્ટારકાસ્ટ પણ જોવા મળી હતી. દિશા પટની સફેદ ગાઉન પહેરીને ગ્લેમરસ લાગી રહી હતી. જ્યારે સિદ્ધાર્થ ફુલ બ્લેક આઉટફિટમાં આવ્યો હતો. કિઆરા બ્લુ બ્લેઝર લુકમાં જોવા મળી હતી. શરૂઆતમાં 'યોદ્ધા' ફિલ્મ 7 જુલાઈ, 2023ના રોજ રિલીઝ થવાની હતી, જો કે, કેટલીક સમસ્યાઓના કારણે, ફિલ્મને મોકૂફ રાખવામાં આવી હતી. ફિલ્મની બીજી રિલીઝ ડેટ 15 સપ્ટેમ્બર હતી, જો કે 'જવાન' સાથે અથડામણ ટાળવા માટે ફિલ્મને ફરી મોકૂફ રાખવામાં આવી હતી. આખરે આજે આ ફિલ્મ રિલીઝ થઈ છે.

### જાહ્નવી ફરહાન અખ્તરની ઓફિસે આંટા ફેરા કરતી જોવા મળતાં અટકળો : અગાઉના ભાગમાં કરીનાએ ખાસ સોંગ કર્યું હતું

# ડોન થ્રીમાં જાહ્નવી આઈટમ સોંગ કરશે



રણવીર અને કિયારા અડવાણીની આગામી ફિલ્મ 'ડોન થ્રી'માં જાહ્નવી કપૂર એક આઈટમ સોંગ કરતી જોવા મળે તેવી શક્યતા છે. જાહ્નવી કપૂરને ફરહાન અખ્તરની ઓફિસે આંટાફેરા કરતી જોવા મળી હતી. તે પછી આ અટકળો વહેતી થઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફરહાન અખ્તર જાહ્નવી પાસે એવું એક ખાસ ગીત કરાવવા માગે છે જે અગાઉ શાહરુખ ખાનની 'ડોન'માં કરીના કપૂરે કર્યું હતું. સૂત્રોએ કહ્યું હતું કે ફરહાન અખ્તર એક નવી જનરેશનની 'ડોન' રજૂ કરી રહ્યો છે. આથી મુખ્ય હિરો હિરોઈન ઉપરાંત અન્ય કલાકારોમાં પણ તે નવી પ્રતિભાઓને તક આપવા માગે છે. જાહ્નવી હાલ બોલીવૂડમાં કોઈ મોટા પ્રોજેક્ટના અભાવે તેલુગુ ફિલ્મો તરફ વળી ચુકી છે. તેણે રામચરણ અને જુનિયર એનટીઆર સાથે પણ ફિલ્મો શેર કરી છે.




# ઓમકારા માટે આમિર હતો પહેલી પસંદ...

## ડિરેક્ટર વિશાલ પાસે અનેક ફેરફાર કરાવવા ઈચ્છતો હતો, બાદમાં સૈફને મળ્યો આ રોલ





2006માં રિલીઝ થયેલી વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'ઓમકારા'માં સૈફ અલી ખાને 'લંગડા ત્યાગી'ના રોલમાં હતો. પરંતુ શું તમે જાણો છો કે આ રોલ માટે વિશાલની પહેલી પસંદ આમિર ખાન હતો.

એક ઈન્ટરવ્યૂમાં સૈફ અલી ખાને જણાવ્યું કે ફિલ્મના ડિરેક્ટર વિશાલ ભારદ્વાજ ઈચ્છતા હતા કે આમિર ખાન આ ફિલ્મમાં 'લંગડા ત્યાગી'નો રોલ કરે. જો કે, જ્યારે આમિરે તેની પાસે ફિલ્મમાં ઘણા ફેરફારો કરવાની માગ કરી ત્યારે ડિરેક્ટરે ફરીથી કોલ ન કર્યો.

ફિલ્મ કમ્પેનિયનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં સૈફે કહ્યું, 'જ્યારે હું આ ફિલ્મ પર કામ કરી રહ્યો હતો ત્યારે મને ખબર પડી કે હું જે રોલ કરી રહ્યો હતો તેના માટે વિશાલની પહેલી પસંદ આમિર હતો. વિશાલે કહ્યું કે આમિરે તેમને ઘણા પ્રશ્નો પૂછ્યા અને તે ઘણી વસ્તુઓ બદલવા માગે છે. આવી સ્થિતિમાં વિશાલે ફરી ફોન કર્યો ન હતો.' આ ફિલ્મમાં સૈફ ઉપરાંત વિવેક ઓબેરોય પણ કેશવના લીડ રોલમાં જોવા મળ્યો.

## આમિરની માગ સાંભળીને વિશાલ મૂંઝવણમાં પડી ગયો



સૈફે વધુમાં કહ્યું, 'આમિર સાથેની આ વાતચીત પછી વિશાલને લાગ્યું કે તે આ રીતે તેની ફિલ્મમાં કામ કરી શકશે નહીં. આમિર સાથે કામ કરવા અંગે તેમને ખાતરી નહોતી. આમિર ફિલ્મમાં જે ફેરફારો કરવા માંગતો હતો વિશાલ તેનાથી કમ્ફર્ટેબલ નહોતો. આવી સ્થિતિમાં તેમણે મને આ રોલ માટે પસંદ કર્યો.ઓમકારામાં અજય દેવગને ઓમી શુક્લાની ભૂમિકા ભજવી હતી અને કરીના કપૂરે તેની પત્ની ડોલી મિશ્રાની ભૂમિકા ભજવી હતી

ઓમકારામાં અજય દેવગને ઓમી શુક્લાની ભૂમિકા ભજવી હતી અને કરીના કપૂરે તેની પત્ની ડોલી મિશ્રાની ભૂમિકા ભજવી હતી ઓમકારા ફિલ્મમાં અજય દેવગન, કરીના કપૂર, સૈફ અલી ખાન, વિવેક ઓબેરોય અને બિપાશા બાસુ લીડ રોલમાં જોવા મળ્યા હતા. શેક્સપિયરની નવલકથા 'ઓથેલો' પર આધારિત આ ફિલ્મને વિશાલની કલ્ટ ફિલ્મોમાંની એક ગણવામાં આવે છે. આ ફિલ્મને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ, બેસ્ટ ઓડિયોગ્રાફી અને બેસ્ટ જ્યુરી એવોર્ડ કેટેગરીમાં 3 નેશનલ પુરસ્કારો પણ મળ્યા હતા.

# હવે અજય દેવગણની દેદે પ્યાર દે ફિલ્મનો પણ બીજો ભાગ આવશે




'દ્રશ્યમ' તથા 'સિંઘમ' જેવી ફિલ્મોની રિમેક અને ફ્રેન્ચાઈઝીમાં મળેલી સફળતાના કારણે અજય દેવગણ વધુને વધુ સિકવલ તરફ વળી રહ્યો છે. તેની અન્ય એક ફિલ્મ 'દે દે પ્યાર દે 'ની પણ સિકવલ આવવાની છે.

આ ફિલ્મમાં તબુ અને રકૂલ પ્રિત સિંઘ તેના સહ કલાકાર હશે ફિલ્મનું શૂટિંગ આવતા મહિનાથી શરુ થશે જ્યારે આવતાં વર્ષે એપ્રિલમાં રીલીઝનું પ્લાનિંગ છે. ફિલ્મનું દિગ્દર્શન અંશુલ શર્મા કરશે.

અજય દેવણને સંખ્યાબંધ ફિલ્મની રિમેક, સિકવલ અને એડેપ્શાનમાં જ ઝાઝી સફળતા મળી છે. આથી, તે મૌલિક વિષયો હાથ ધરવાનું જોખમ ભાગ્યે જ લે છે. ' દે દે પ્યાર દે ' અગાઉ ૨૦૧૯માં રીલીઝ થઈ હતી ત્યારે પણ ખાસ સફળ રહી ન હતી. જોકે, ફિલ્મની ટીમના દાવા અનુસાર આ ફિલ્મે કુલ ૧૦૦ કરોડની કમાણીનો આંક વટાવ્યો હતો.

# લિવર ડિટોક્સ અંગે સામંથાએ કરોડો ચાહકોને ગેરમાર્ગે દોર્યા...



સામંથા રુથ પ્રભુ લિવર ડિટોક્સ કરવા અંગેના એક વીડિયોને કારણે ભારે વિવાદમાં આવી ગઈ છે. તબીબી સમુદાયના આક્ષેપ અનુસાર સામંથાએ તેના લાખો ફોલોઅર્સને ગેરમાર્ગે દોર્યા છે અને આ જનઆરોગ્ય સાથે એક પ્રકારનાં ચેડાં છે.

સામંથાએ થોડા સમય પહેલાં તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તેણે એક વેલનેસ કોચ સાથે લિવર ડિટોક્સ વિશે વાતો કરી હતી. તેમાં એક ખાસ જડીબુટ્ટીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

જોકે, સામંથાનો આ વીડિયો રિલીઝ થયા બાદ ખાસ કરીને નેટ યૂઝર્સ તબીબોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. તેમણે કહ્યું છે કે સોશિયલ મીડિયમાં સવા ત્રણ કરોડ ફોલોઅર્સ ધરાવતી એક વ્યક્તિ આ રીતે તબીબી બાબતોમાં અધકચરી અને ખોટી માહિતી ફેલાવે તે બહુ અનુચિત તથા જોખમી પણ છે. એક તબીબે જણાવ્યું હતું કે આ વીડિયો પરથી લાગે છે કે સામંથા કે તેણે જેની સાથે વાત કરી છે એ કોચને પણ માનવ શરીર કેવી રીતે કામ કરે છે કે પછી લિવરનું શું કામ ચે તેની પાયાની પણ માહિતી નથી. સામંથા જેવી માનવ દેહ અંગેની તદ્દન અજ્ઞાની વ્યક્તિએ આવા વીડિયો શેર કરવા ન જોઈએ.

જોકે, આ ટ્રોલિંગ બાબતે સામંથાનો કોઈ તત્કાળ પ્રત્યાઘાત આવ્યો નથી.

ઉલ્લેખનીય છે કે સામંથા પોતે ઓટો ઈમ્યૂન બીમારી માયોસાઈટિસનો ભોગ ની ચુકેલી છે અને તેના કારણે તેણે એક્ટિંગમાંથી એક વર્ષનો બ્રેક લેવો પડયો હતો. હવે આ બ્રેક બાદ તે ફરી નવા પ્રોજેક્ટ શોધી રહી છે.



હિન્દી ફિલ્મ 'વ્હોટ અ કિસ્મત' 22 માર્ચના રોજ રિલીઝ થશે

# ' વ્હોટ અ કિસ્મત' ના કલાકારો અમદાવાદની મુલાકાતે

અમદાવાદ | 22 માર્ચ, 2024ના રોજ રિલીઝ થઇ રહેલ હિન્દી ફિલ્મ 'વ્હોટ અ કિસ્મત'ના કલાકારો અમદાવાદ પહોંચ્યા હતા. અહીં તેમણે પોતાની ફિલ્મ અંગે વધુ માહિતી અર્પિત કરી. આર જી ફિલ્મ્સના રાય પ્રોડક્શન્સના બેનર હેઠળ બનેલ આ ફિલ્મના ડિરેક્ટર મોહન આઝાદ છે. વૈષ્ણવી પટવર્ધન અને માનસી સેહગલ સાથે આ ફિલ્મમાં યુદ્ધવીર દહિયા, ટીકૂ તલસાણીયા, ભરત દામોલકર, રોનિત અગ્રવાલ, ભાવના વલસાવર, શ્રીકાંત માસ્કી, આનંદ મિશ્રા, રિયા ચૌધરી અને અતુલ પણ મહત્વની ભૂમિકાઓમાં નજરે પડશે.

મોહન આઝાદ નિર્દેશિત કોમેડી હિન્દી ફિલ્મ 'વોટ એ કિસ્મત' 22મી માર્ચે સમગ્ર ભારતમાં રિલીઝ થવાની છે. ચાંદની બારના લેખકની દિગ્દર્શક તરીકેની આ પહેલી ફિલ્મ છે. આ ફિલ્મ કે સેરા સેરા દ્વારા ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવશે અને આ ફિલ્મ અંશય રાય, લિસા રાય, અખિલેશ રાય અને મધુ મોહન દ્વારા નિર્મિત છે. આ ફિલ્મ માં સ્ટારકાસ્ટ યુધવીર દહિયા, વૈષ્ણવી, માનસી, ટીકુ તલસાનિયા, ભરત દાભોલકર, રોનિત અગ્રવાલ, ભાવના બાલસાવર, શ્રીકાંત મસ્કી, આનંદ મિશ્રા, રિયા ચૌધરી અને અતુલ દ્વિવેદી છે તેમજ મ્યુઝિક નિર્દેશક ગોલ્ડી છે અને સંગીત ઝી મ્યુઝિક પર છે.

ફિલ્મ 'વ્હોટ અ કિસ્મત'ની વાર્તા ચંદૂ (યુદ્ધવીર)ના જીવનની આસપાસ ફરે છે, કે જે એક હારેલ વ્યક્તિ છે, પરંતુ તેમના સપના મોટા છે. તેમની પત્ની આરતી (વૈષ્ણવી) તેમનાથી કંટાળી ગયેલ છે, તેમના નિરાશ બોસ (ભરત) તેમને નોકરીમાંથી હાંકી કાઢવાના છે અને બીજી છોકરી મિની (માનસી) તેમના અસ્તિત્વને પણ સ્વીકાર કરતી નથી. પરંતુ ચંદુના ભાગ્યમાં એક મોટો વળાંક આવે છે અને તેમનું જીવન ઉતાર-ચઢાવ ભર્યું થઇ જાય છે. હવે અન્ય છોકરી પણ તેની સાથે છે. જો કે તેની પત્ની તેને નકારે છે, તેને એટલા પૈસા મળે છે કે ચંદુએ ક્યારેય સપનામાં પણ વિચાર્યું ન હતું અને જો તે પૂરતું ન હોય તો તેને મૃત જાહેર કરવામાં આવે છે. પરંતુ ઉત્સાહિત ચંદુને ખ્યાલ નથી આવતો કે નિયતિએ તેની સાથે રમત રમવાનું શરૂ કર્યું છે. ટૂંક સમયમાં જ એક અતિ ઉત્સાહી રિપોર્ટર (શ્રીકાંત), અતિ ઉત્સાહી ઈન્સ્પેક્ટર (રોનિત) અને અતિ સ્માર્ટ એસપી (ટીકુ તલસાનિયા) દ્વારા તેનો પીછો કરવામાં આવશે. તેઓ બધા ઈચ્છે છે કે તે મરી જાય. પણ ચંદુને આશા છે કે ભાગ્યમાં આના કરતાં પણ ઘણું બધું છે. અંતમાં શું થશે તે તો ફિલ્મ થકી જોવું જ રહ્યું.

અંશય રાય, લીઝા રાય, અખિલેશ રાય તથા મધુમોહન નિર્મિત ફિલ્મ વ્હોટ અ કિસ્મતના સંગીતકાર ગોલ્ડી, કેમેરામેન વિલાસ ચૈહાણ, એડિટર કામેશ કર્ણ, કોસ્ચ્યુમ ડિઝાઈનર રાશિ ગોયલ, કોરિયોગ્રાફર જહાન્વી શાહ, એક્શન ડાયરેક્ટર અજય ઠાકુર છે.

# મુંબઈએ 42મી વખત રણજી ટ્રોફી જીતી:વિદર્ભને 169 રનથી હરાવ્યું

## 8 વર્ષ બાદ બન્યા ચેમ્પિયન; મુશીર ખાન પ્લેયર ઓફ ધ ફાઈનલ, મુંબઈએ છેલ્લે 2015-16ની સિઝનમાં રણજી ટાઈટલ જીત્યું હતું

મુંબઈ | તા.15

મુંબઈએ 2023-24 રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો છે. મુંબઈએ ફાઈનલ મેચમાં વિદર્ભને 169 રનના વિશાળ અંતરથી હરાવ્યું હતું. મુંબઈનું આ 42મું રણજી ટાઈટલ છે. 8 વર્ષની રાહ જોયા બાદ ટીમ ચેમ્પિયન બની છે. મુંબઈએ છેલ્લે 2015-16ની સિઝનમાં ટાઈટલ જીત્યું હતું. છેલ્લા દિવસે 538 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વિદર્ભની ટીમ બીજા દાવમાં માત્ર 368 રન જ બનાવી શકી હતી. ગુરુવારે વાનખેડે મેદાન પર વિદર્ભે બીજા સેશનમાં તેની છેલ્લી 5 વિકેટ ગુમાવી દીધી હતી. લંચ સુધી ટીમનો સ્કોર 333/5 હતો. અક્ષય વાડકર 102 રન અને હર્ષ દુબે 65 રન બનાવીને આઉટ થયા હતા. બંને વચ્ચે 130 રનની ભાગીદારી થઈ હતી. આ બંને આઉટ થતાં જ ટીમ વિખેરાઈ ગઈ હતી. મુંબઈની પ્રથમ ઈનિંગમાં 136 રન બનાવનાર મુશીર ખાને 2 વિકેટ ઝડપી હતી. તેને પ્લેયર ઓફ ધ ફાઈનલ પસંદ કરવામાં આવ્યો હતો.



**અક્ષયની સદી, હર્ષની ફિફ્ટી :** વિદર્ભની બીજી ઈનિંગમાં અક્ષય વાડકરે (102 રન) સદી ફટકારી હતી, જ્યારે હર્ષ દુબે (65 રન)એ અડધી સદી ફટકારી હતી. આ પહેલા કરુણ નાયરે 74 રનનું યોગદાન આપ્યું હતું. મુંબઈ તરફથી મુશીર ઉપરાંત તુષાર દેશપાંડેએ 2 અને તનુષ કોટિયનએ 4 વિકેટ ઝડપી હતી. શમ્સ મુલાની અને ધવલ કુલકર્ણીને એક-એક વિકેટ મળી હતી.

### મુંબઈએ 8 વર્ષ બાદ રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો

538 રનના ટાર્ગેટનો પીછો કરતા વિદર્ભે બીજી ઈનિંગ્સમાં 418 રન જ બનાવી શકી હતી. મુંબઈએ રેકોર્ડ કરી 42મી વખત રણજી ટ્રોફીનું ટાઈટલ જીત્યું છે. તો વિદર્ભનું ત્રીજી અક્ષય વાડકર 102 રન અને હર્ષ દુબે 65 રન બનાવીને આઉટ થયા હતા. બંને વચ્ચે 130 રનની ભાગીદારી થઈ હતી. આ બંને આઉટ થતાં જ ટીમ વિખેરાઈ ગઈ હતી. મુંબઈની પ્રથમ ઈનિંગમાં 136 રન બનાવનાર મુશીર ખાને 2 વિકેટ ઝડપી હતી. તેને પ્લેયર ઓફ ધ ફાઈનલ પસંદ કરવામાં આવ્યો હતો. વખત ટાઈટલ જીતવાનું સપનું અધુરું રહ્યું છે.મુંબઈએ 8 વર્ષ બાદ રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો છે. છેલ્લી વખત 2015-16ની સીઝનમાં સૌરાષ્ટ્રને હરાવી ટ્રોફી પોતાને નામ કરી હતી.

**મુંબઈએ 538 રનનો ટાર્ગેટ આપ્યો :** યજમાન મુંબઈએ વિદર્ભને 538 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટીમે તેના બીજા દાવમાં 418 રન બનાવ્યા હતા. મુંબઈને પ્રથમ દાવમાં 119 રનની લીડ મળી હતી. આમ વિદર્ભને 538 રનનો ટાર્ગેટ મળ્યો હતો. તમને જણાવી દઈએ કે, ધવલ કુલકર્ણીની આ છેલ્લી ફર્સ્ટ ક્લાસ મેચ હતી. ધવલે વિદર્ભની છેલ્લી વિકેટ લઈ પોતાના ફર્સ્ટ ક્લાસ કરિયરનો અંત કર્યો હતો. તેમણે ઉમેશ યાદવને બોલ્ડ કર્યો અને મુંબઈને રણજી ટ્રોફી ખિતાબ જીતાડ્યો હતો.

**મુંબઈએ વિદર્ભને 169 રન હાર આપી:** રણજી ટ્રોફીની ફાઈનલમાં મુંબઈ પાસેથી મળેલા મોટા લક્ષ્યનો પીછો કરતા વિદર્ભની ટીમ પોતાની બીજી ઈનિંગ્સમાં 368 રન બનાવી શકી અને જીતના લક્ષ્યથી 169 રનથી દુર રહી, મુંબઈ તરફથી બીજી ઈનિંગ્સમાં સૌથી વધુ 4 વિકેટ તનુશ કોટિયાને લીધી હતી. વિદર્ભ માટે એ વાડકરે સદી ફટકારી હતી. આ સિવાય કરુણ નાયર અને હર્ષ દુબેએ અડધી સદી ફટકારી પરંતુ તે ટીમને જીત અપાવવામાં સફળ રહી ન હતી.

# ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં જયસ્વાલને સુનિલ ગાવસ્કરની ફટકારથી થયો ફાયદો

મુંબઈ | તા.15

સુનિલ ગાવસ્કરે ખુલાસો કર્યો છે કે જોહાનિસબર્ગ ટેસ્ટ દરમિયાન તેમણે યશસ્વી જયસ્વાલને ફટકાર લગાવી હતી. યશસ્વી સાઉથ આફ્રિકા સામે સારી શરૂઆત બાદ વિકેટ ગુમાવી દેતો હતો ત્યારે ગાવસ્કર યશસ્વીથી નારાજ થયા હતા. જે બાદ તેમણે જે સલાહ આપી તેનો ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં યશસ્વીને ફાયદો થયો હતો. ભારતે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ 4-1થી જીતી હતી અને આ સીરિઝમાં પ્લેયર ઓફ ધ સિરીઝ યશસ્વી જયસ્વાલ રહ્યો હતો. આ સિરીઝ પહેલા જ યશસ્વીએ તેની પ્રતિભા પૂર વાર કરી દીધી હતી, અને એટલે જ તેને ઈંગ્લેન્ડ સામેની મહત્વપૂર્ણ સિરીઝમાં ઓપનર તરીકે સ્થાન મળ્યું. આ તકનો તેને ભરપૂર લાભ ઉઠાવ્યો અને સીરિઝ બે ડબલ સેન્ચુરી પણ ફટકારી. પરંતુ આ સિરીઝ પહેલા તેને ભારતના લેજેન્ડરી બેટ્સમેન પાસેથી ખાસ સલાહ મળી હતી, જેનો તેને ખૂબ જ ફાયદો થયો હતો.



**આફ્રિકામાં ગાવસ્કરે યશસ્વીને આપી સલાહ**

ભારતના દક્ષિણ આફ્રિકા પ્રવાસ દરમિયાન યશસ્વી સારી બેટિંગ કરી રહ્યો હતો પરંતુ તે તેની ઈનિંગને મોટા સ્કોર તરફ લઈ જવામાં સતત નિષ્ફળ થતો હતો. આ પ્રવાસ દરમિયાન ગાવસ્કર આફ્રિકામાં હાજર હતા, ગાવસ્કર જોહાનિસબર્ગ ટેસ્ટ દરમિયાન યશસ્વીને મળ્યા હતા અને તેને ફટકાર લગાવી હતી.

**સુનિલ ગાવસ્કરે કર્યો ખુલાસો :** ભારતના મહાન બેટ્સમેન સુનિલ ગાવસ્કર ટીમ ઈન્ડિયાના યુવા સ્ટાર યશસ્વી જયસ્વાલની રમતના ફેન થઈ ગયા છે, અને તેમણે જયસ્વાલની બેટિંગ પસંદ છે. તેમણે હાલ જ યશસ્વી અને તેમના વચ્ચે દક્ષિણ આફ્રિકામાં થયેલ વાતચીત વિશે ખુલાસો કર્યો હતો.

# વસીમ જાફર બાદ રિષભ પંતે ખુલ્લેઆમ આ દિગ્ગજ ખેલાડીની ઉડાવી મજાક



નવી દિલ્હી | તા.15

લગભગ 15 મહિના સુધી ઈજાના કારણે બહાર રહેલો રિષભ પંત હવે IPL 2024ની સિઝનમાં વાપસી કરવા જઈ રહ્યો છે. દરેક વ્યક્તિ આને લઈને ઉત્સાહિત છે. રિષભ પંતના ચાહકો માત્ર બેટ સાથેના તેના અદ્ભુત કામને જોવા માટે આતુર નથી, પરંતુ સ્ટમ્પની પાછળથી તેની રમુજી કોમેન્ટ્રી અને સ્લેજિંગ સાંભળવા પણ આતુર છે. તરનાક અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલ રિષભ 15 મહિના પછી ફિટ થઈને ક્રિકેટના મેદાનમાં વાપસી કરવા જઈ રહ્યો છે. દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન પંત 22 માર્ચથી શરૂ થનારી IPL 2024 સિઝન સાથે વાપસી કરવા જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં, દરેક તેને જોવા માટે ઉત્સાહિત છે. માત્ર ભારતીય પ્રશંસકો જ નહીં પરંતુ વિદેશી ખેલાડીઓ પણ તેને ફરીથી જોવા માટે ઉત્સુક છે. પંતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના આવા બે મહાન ખેલાડીઓ સાથે ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો અને ઈંગ્લેન્ડના ખેલાડીની ખુલ્લેઆમ મજાક ઉડાવી હતી.ગિલક્રિસ્ટ-માઈકલ વોન સાથે કર્યો સંવાદ IPL 2024 સિઝનની શરૂઆતના થોડા દિવસો પહેલા, રિષભ પંત ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન વિકેટકીપર એડમ ગિલક્રિસ્ટ અને ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સ્ટાર કેપ્ટન માઈકલ વોન સાથે યુટ્યુબ ઈન્ટરવ્યુમાં જોવા મળ્યો હતો. આ દરમિયાન બંનેએ રિષભને ઘણા પ્રશ્નો પૂછ્યા. ક્રિકેટના ઈતિહાસના મહાન વિકેટકીપરમાંના એક ગિલક્રિસ્ટ માટે પંતની કીપિંગ પર સવાલ પૂછવો સ્વાભાવિક હતો, પરંતુ તેનો પ્રશ્ન કીપિંગની ટેકનિક પર નહીં પરંતુ સ્લેજિંગ પર હતો જેના માટે પંત ખૂબ પ્રખ્યાત થયો છે.ગિલક્રિસ્ટે પંતને પૂછ્યું કે જો તે બેટિંગ કરી રહ્યો હોય તો માઈકલ વોનનું ધ્યાન ભટકાવવા માટે તે શું કહેશે. જેના જવાબમાં પંતે માઈકલ વોનને નિશાન બનાવવામાં કોઈ કસર છોડી નહીં. સોશિયલ મીડિયા પર ભૂતપૂર્વ ભારતીય કરી અને કહ્યું કહેશે કે સોશિયલ મીડિયા પર વધુ ધ્યાન આપવું યોગ્ય નથી.

# શું સનરાઈઝર્સ હૈદરાબાદ ટાઈટલ જીતી શકશે?



હૈદરાબાદ | તા.15

IPL ઈતિહાસની સૌથી મોંઘો કેપ્ટન અને બીજો સૌથી મોંઘો ખેલાડી પેટ કમિન્સ આ વખતે ઓરેન્જ આર્મીને લીડ કરશે, ત્યારે તેની સામે સૌથી મોટો પડકાર આ ટીમને આઠ વર્ષ બાદ ફરી ચેમ્પિયન બનાવવાનો છે. વર્ષ 2023માં WTC અને વર્લ્ડ કપની ટ્રોફી જીતનાર આ ઓસ્ટ્રેલિયન કેપ્ટન પાસે ટીમને ઘણી અપેક્ષા છે. ત્યારે તેની પર ચોક્કસથી સનરાઈઝર્સ હૈદરાબાદને સફળતા અપાવવાનું દબાણ રહેશે. IPL 2024માં નવા કેપ્ટન પેટ કમિન્સ માટે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે યોગ્ય ટીમ કોમ્બિનેશન બનાવવાનો મોટો પડકાર હશે. સનરાઈઝર્સ હૈદરાબાદ IPL ઈતિહાસની સૌથી વિવાદાસ્પદ ટીમોમાંથી એક રહી છે અને તેનું કારણ એ છે કે આ ટીમમાં કંઈ પણ સ્થિર નથી. IPLની ઓરેન્જ આર્મી કહેવાતી આ ટીમમાં શું થશે તે અંગે કંઈ કહી શકાય તેમ નથી. અને આ એટલા માટે છે કારણ કે ટીમ મેનેજમેન્ટ તેના ખેલાડીઓમાં વિશ્વાસનું સ્તર દેખાતું નથી જે હોવું જોઈએ. IPL 2024માં પણ કંઈક આવું જ બન્યું છે, જ્યાં તે સમયે જ્યારે બધું બરાબર અને સંતુલિત લાગતું હતું, ત્યારે અચાનક મેનેજમેન્ટે ટીમના કેપ્ટનને બદલીને બધાને ચોંકાવી દીધા હતા.પેટ કમિન્સ સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમનો સૌથી મોંઘો ખેલાડી છે. મેનેજમેન્ટે તેના સૌથી મોંઘા ખેલાડીને ટીમનો કેપ્ટન પણ બનાવ્યો હતો.

# શું BCCI શ્રેયસ અય્યર પર યુ-ટર્ન લેશે?



મુંબઈ | તા.15

શ્રેયસ અય્યરે મુંબઈ માટે રણજી ટ્રોફીની સેમી ફાઈનલ અને ફાઈનલ મેચોમાં ભાગ લીધો હતો. ફાઈનલની બીજી ઈનિંગમાં શ્રેયસે મુંબઈ માટે 95 રન બનાવ્યા હતા પરંતુ આ પછી તેની પીઠનો દુખાવો ફરી શરૂ થતા તે મેચના ચોથા અને પાંચમા દિવસે ફિલ્ડિંગ કરી શક્યો નહોતો. જોકે તે BCCI ની વાત માની રણજી ટ્રોફીમાં રમ્યો, તેને જોતા હવે ફરી બોર્ડ તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર ફેર વિચાર કરી શકે છે. ગુરુવારે, 14 માર્ચે, મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રણજી ટ્રોફીની ફાઈનલ મેચ સમાપ્ત થઈ, જેમાં મુંબઈ 8 વર્ષની રાહ જોયા બાદ ટાઈટલ જીતવામાં સફળ રહ્યું. મુંબઈએ રેકોર્ડ 42મી વખત દેશની સૌથી મોટી ફર્સ્ટ ક્લાસ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો. ફાઈનલમાં આ ખેલાડીએ પણ મહત્વનું યોગદાન આપ્યું હતું, જે ગયા મહિના સુધી ગંભીર આરોપોનો સામનો કરી રહ્યો હતો અને તેને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા સજા કરવામાં આવી હતી. આ ખેલાડી છે શ્રેયસ અય્યર, જેણે આ ફાઈનલમાં 95 રનની શાનદાર ઈનિંગ રમી હતી અને હવે એવું લાગી રહ્યું છે કે તેને આનો ફાયદો BCCI તરફથી મળવાનો છે.એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય બોર્ડ શ્રેયસ અય્યરના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર પુનર્વિચાર કરી શકે છે. એક રિપોર્ટ અનુસાર, મુંબઈ માટે રણજી ટ્રોફીમાં સેમી ફાઈનલ અને ફાઈનલ મેચ રમ્યા બાદ ભારતીય બોર્ડ તેને ફરીથી કોન્ટ્રાક્ટ આપવા પર વિચાર કરી શકે છે.

BCCIએ ગયા મહિને જ તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની યાદી જાહેર કરી હતી, જેમાં શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને બાકાત રાખવામાં આવ્યા હતા અને ત્યારથી તે ચર્ચાનું કારણ બની ગયું હતું. ભારતીય બોર્ડે બંને ખેલાડીઓને રણજી ટ્રોફી ન રમવાની સજા તરીકે બહાર કરી દીધા હતા. બોર્ડના સચિવ જય શાહે પોતે ખેલાડીઓને રણજી ટ્રોફીમાં રમવા માટે કહ્યું હતું, પરંતુ જ્યારે ઈશાન કિશન બરોડામાં હાર્દિક પંડ્યા સાથે પ્રેક્ટિસ કરતા બધાથી દૂર હતો,ત્યારે નહોતો. ત્યારબાદ શ્રેયસને ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણીમાંથી બહાર કરી દેવામાં હતો.

# રોહિતને હટાવી હાર્દિકને કેપ્ટન બનાવવા પર યુવરાજ સિંહે શું કહ્યું?

મુંબઈ | તા.15



IPL 2024 શરૂ થવા જઈ રહી છે અને તે પહેલા મુંબઈ ઈન્ડિયન્સે એક મોટો નિર્ણય લીધો અને પોતાનો કેપ્ટન બદલી નાખ્યો. મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્માને હટાવીને હાર્દિક પંડ્યાને કેપ્ટનશિપની જવાબદારી સોંપી છે. હવે યુવરાજ સિંહે આ મુદ્દે પોતાનું મૌન તોડ્યું છે. તેણે મુંબઈ ઈન્ડિયન્સના આ નિર્ણય પર મોટી ટિપ્પણી કરી છે. IPL 2024 ની શરૂઆત પહેલા મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્માને કેપ્ટનશિપ પરથી હટાવી બધાને ચોંકાવી દીધા હતા. મુંબઈએ રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો, જેને આ ફ્રેન્ચાઈઝી દ્વારા ગુજરાત ટાઈટન્સ સાથે ટ્રેડ કરવામાં આવ્યો હતો. હાર્દિક છેલ્લી બે સિઝનથી ગુજરાતનો કેપ્ટન હતો અને 2022માં તેણે ટીમને ચેમ્પિયન પણ બનાવી હતી. મુંબઈના આ નિર્ણય પર હવે યુવરાજ સિંહે મોટી વાત કહી છે. PL 2024 ની શરૂઆત પહેલા મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્માને કેપ્ટનશિપ પરથી હટાવી બધાને ચોંકાવી દીધા હતા. મુંબઈએ રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો, જેને આ ફ્રેન્ચાઈઝી દ્વારા ગુજરાત ટાઈટન્સ સાથે ટ્રેડ કરવામાં આવ્યો હતો. હાર્દિક છેલ્લી બે સિઝનથી ગુજરાતનો કેપ્ટન હતો અને 2022માં તેણે ટીમને ચેમ્પિયન પણ બનાવી હતી. મુંબઈના આ નિર્ણય પર હવે યુવરાજ સિંહે મોટી વાત કહી છે.

# ક્રિકેટર મંદિર જઈ રહ્યો હતો, તે પંતની જેમ થયો અકસ્માત

કોલંબો | તા.15



લાહિરુ થિરિમાન પોતાના પરિવારની સાથે મંદિર જઈ રહ્યો હતો. જ્યારે તેની કારનો અકસ્માત થયો તો ન્યુયોર્ક સ્ટ્રાઈકર્સે કન્ફોર્મ કર્યું છે કે, લાહિરુ થિરિમાન અને તેનો પરિવાર સુરક્ષિત છે. અકસ્માત થયો ત્યારબાદથી પંત હજુ સુધી મેદાનમાં પરત ફર્યો નથી. ક્રિકેટના મેદાનમાં પરત ફરવા માટે તનતોડ મહેનત કરી રહ્યો છે ત્યારે વધુ એક ક્રિકેટરના અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. આ વખતે શ્રીલંકાનો પૂર્વ ક્રિકેટર લાહિર થિરિમાન કાર હજુ સુધી મેદાનમાં પરત ફર્યો નથી. ક્રિકેટના મેદાનમાં પરત ફરવા માટે તનતોડ મહેનત કરી રહ્યો છે.

# વિરાટ કોહલી 60 દિવસ પછી ક્રિકેટ રમાવા ઉતરશે

નવી દિલ્હી | તા.15



વિરાટ કોહલી ક્યાં છે? તમે IPL 2024 માટે ક્યારે પાછો આવી રહ્યો છે? આ એવા સવાલો છે જેના જવાબ હવે સામે આવ્યા છે. વિરાટ કોહલીનો RCBની ટીમ સાથે જોડાવાનો દિવસ અને તારીખ જાહેર થઈ ગઈ છે. પુરા 60 દિવસ બાદ તે ક્રિકેટના મેદાન પર પ્રેક્ટિસ કરતો જોવા મળશે.2024નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે અને વિરાટ કોહલીના મેદાનમાં વાપસીને લઈને પણ આવી જ ગણતરી ચાલી રહી છે. વિરાટ કોહલી કયા દિવસથી વાપસી કરી રહ્યો છે, આ એક મોટો પ્રશ્ન હતો? પણ હવે નહીં. કારણ કે હવે વિરાટના મેદાનમાં પરત ફરવાના સમાચાર સામે આવ્યા છે. જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો વિરાટ કોહલી 17 માર્ચે RCBના કેમ્પમાં જ અને પ્રેક્ટિસ શરૂ કરશે. વિરાટ 17 માર્ચે RCB સાથે જોડાશે

વિરાટ કોહલી હાલમાં લંડનમાં હતો. તેના લંડનમાં રહેવાનું કારણ તેના પુત્ર અકાયનો જન્મ હતો. વિરાટ કોહલી તેના બીજા બાળકના જન્મને કારણે ઈંગ્લેન્ડ સામેની 5 ટેસ્ટ મેચની શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. વિરાટ કોહલી છેલ્લે આ જોવા મળ્યો હતો. તેણે 17 જાન્યુઆરી 2024ના રોજ અફઘાનિસ્તાન સામે છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. 60 દિવસ સુધી ક્રિકેટથી દૂર રહ્યા બાદ વાપસી જો વિરાટ 17 માર્ચે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેમ્પમાં જોડાય છે, તો તે 60 દિવસ પછી ક્રિકેટના મેદાનમાં પાછો ફરતો જોવા મળશે.

# મુંબઈ મેટિયોર્સે સુપર-5માં અમદાવાદ ડિફેન્ડર્સ સામે મહત્ત્વપૂર્ણ જીત મેળવી

ચેન્નાઈ | તા.15



મુંબઈ મેટિયોર્સ ગુરુવારે ચેન્નાઈનાં જવાહરલાલ નેહરુ ઈન્ડોર સ્ટેડિયમમાં સુપર-5ની રોમાંચક મેચમાં 5 સેટમાં 15-8, 13-15, 7-15, 16-14, 15-13નાં અંતરથી માત આપી હતી. અમિત ગુલિયા પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. શિખર સિંઘ અમદાવાદનાં ડિફેન્સનો મહત્ત્વપૂર્ણ ખેલાડી હતી અને દિગ્ગજ મનોજનાં સ્થાન પર રમતા સારા પ્રદર્શન થકી તેણે પોતાની પસંદગીને યોગ્ય ઠેરવી હતી. અમિત અને સુભમે લાઈનની બહારથી અટેકનો પ્રારંભ કર્યો જેથી શિખરની રમતમાં અસરને નહિવત્ કરી શકાય. અમદાવાદ દ્વારા કરવામાં આવેલ અનફોર્સ્ડ એરરને કારણે મુંબઈની ટીમને લય મેળવવાની તક મળી હતી. અમદાવાદની ટીમે મુથુસામીને સબ્સ્ટિટ્યૂટ તરીકે ઉતરવાનું જોખમ લીધું અને તે તેમની પર ભારે પડતા મુંબઈએ પ્રારંભિક લીડ મેળવી. મુથુસામી અને અંગામુથુનાં કોર્ટ પર પરત આવવાથી અમદાવાદનું આક્રમણ મજબૂત થયું. અમિત અને શુભમે અમદાવાદનાં ડિફેન્સને કસોટી કરી હતી. ઓલરાઉન્ડ પ્રદર્શન કરતા અમદાવાદની ટીમે લય મેળવવાનું શરૂ કર્યું અને ટીમને કમબેક કરવાની તક મળી. શમીમે મુંબઈનાં આક્રમણને યથાવત્ રાખ્યું પરંતુ શોન ટીએ અમદાવાદ તરફથી સારી લડત આપતા ડિફેન્ડર્સે 2-1ની લીડ મેળવી હતી. શિખર અને ઈલ્યાએ મુંબઈનાં આક્રમણને ટક્કર આપી પરંતુ અમિતનાં સતત આક્રમણે મુંબઈનો સ્કોર વધાર્યો. અમદાવાદની અમુક ભૂલથી પણ મુંબઈને ફાયદો થયો. મેચ પાંચમાં સેટમાં પહોંચી. અમિતે ઊંચા કદનાં બ્લોકર્સનો સામનો કરવાનો માર્ગ શોધી મુંબઈને મેચમાં આગળ વધાર્યું. અંગમુથુનાં સ્પાઈક અને મેક્સ સેનિકાનાં સુપર સર્વથી મુંબઈ પર દબાણ વધ્યું. પરંતુ આદિત્યનાં શોન ટી સામેનાં બ્લોકથી મુંબઈએ રોમાંચક મેચ જીતી હતી.

# ભારત પ્રથમ વખત એશિયન વેઈટલિફ્ટિંગની યજમાની કરશે

નવી દિલ્હી | તા.15

ભારતીય વેઈટલિફિટંગ મહાસંઘના અધ્યક્ષ સહદેવ યાદવ અનુસાર ઉઝબેકિસ્તાન એશિયન ચેમ્પિયનશીપ દરમિયાન તેમણે એશિયાઈ વેઈટલિફ્ટિંગ માટે બોલી લગાવી છે. જેને મંજુરી પણ આપી દીધી છે. ભારતને પહેલી વખત એશિયાઈ વેટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની યજમાની મળી છે. આ ચેમ્પિયનશીપ કરાવવા માટે ગુજરાત આગળ આવ્યું છે. આ ચેમ્પિયનશીપમાં 2026માં અમદાવાદ કે પછી ગાંધીનગરમાં આયોજન કરવામાં આવશે. ભારતને પહેલી વખત એશિયાઈ વેટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની આગળ આવ્યું છે. આ ચેમ્પિયનશીપમાં 2026માં

સોમવારે, તેમણે ગુજરાત કુમાર સમક્ષ ચેમ્પિયનશિપ યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને સ્વીકારવામાં આવ્યો હતો.ગુજરાત સરકારે આશ્વાસન આપ્યું કે, તેના તરફથી ચેમ્પિયનશીપનો તમામ ખર્ચો ઉઠાવવામાં આવશે.

# જાપાની ખાનગી સ્પેસ કંપની 'સ્પેસ વન'નું રોકેટ ઉડાણ ભર્યા પછી દુર્ઘટનાગ્રસ્ત



ટોકિયો | જાપાનની વેંચર કંપની સ્પેસ વનનું કાઈરોસ રોકેટે અવકાશમાં ઉડાણ ભરી તેના થોડા ક જ સમયમાં જ દુર્ઘટનાનો ભોગ બન્યું હતું. વાયાકામા પ્રીફેક્ચર સ્થિત કુશિમોતોનગરમાં બુધવારે સવારે ૧૧ વાગે પ્રક્ષેપિત થયેલા રોકેટમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ સાથે જ જાપાનની સ્પેસ કંપનીએ સમગ્ર અભિયાને થંભાવી દીધું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર એક નાનો ઉપગ્રહ લઈને જઈ રહેલું રોકેટમાં ઈંધણ સિસ્ટમમાં સમસ્યા સર્જાઈ હતી. સ્થાનિક ઈમરજન્સી સેવાના જણાવ્યા અનુસાર રોકેટ વિસ્ફોટથી કોઈ જાનહાની થઈ નથી. રોકેટ ઉડાણભર્યાના ૫૦ મિનિટ પછી ૫૦૦ કિલોમીટરની ઉંચાઈએ નાના ઉપગ્રહને પૃથ્વીની કક્ષામાં સ્થાપિત કરવાનું હતું જેમાં કારમી નિષ્ફળતા મળી હતી. ઉપગ્રહને કેબિનેટ સેટેલાઈટ ઈન્ટેલિજન્સ સેન્ટર દ્વારા વિકસિત કરવામાં આવ્યો હતો. જો આ પ્રક્ષેપણ સફળ થયું હોતતો સ્પેસ વન આ સિધ્ધિ મેળવનારી જાપાનની પ્રથમ ખાનગી કંપની બનવાની હતી.

## ન્યૂઝ ટ્રેક

### કૃષિથી લઈને શિક્ષા સુધી દરેક ક્ષેત્રે AIનો ઉપયોગ વધી રહ્યો

લંડન | પૃથ્વી પર સૌથી બુદ્ધિમાન વ્યક્તિ મનુષ્ય છે. તેમજ માણસ કોઈપણ કામ વિચાર-વિમર્શ કરીને કરતો હોય છે. જો આ જ રીતે કોઈ મશીન કામ કરે તો તેને AI કહેવામાં આવે છે. હાલ પૂરા વિશ્વમાં AI ધૂમ મચાવી રહ્યું છે. AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ હાલના જમાનામાં લોકો માટે ગૂગલ જેટલું જ મહત્ત્વનું બની ગયું છે. તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઘણા ખરા ટૂલ્સ પણ લોકો માટે ખૂબ જ મદદરૂપ સાબિત થઈ રહ્યા છે. વર્તમાન સમયમાં બાળકો પણ એઆઈ ટૂલનો ઉપયોગ પોતાનું હોમવર્ક કરવા માટે કરે છે. તેમજ ભારતની પહેલી એઆઈ ટીચર પણ ચર્ચાનો વિષય બની છે. કેરળની એક સ્કૂલમાં હવે બાળકોને કોઈ મનુષ્યની જેમ સાડી પહેરેલી એઆઈ રોબોટ ટીચર ભણાવી રહી છે. આ સિવાય કૃષિથી લઈને દેશની સુરક્ષા સુધી દરેક જગ્યાએ કોઈને કોઈ રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે પોતાનું સ્થાન બનાવી લીધું છે.

### શ્રીલંકા જઈને ઓનલાઈન માર્કેટિંગ સેન્ટર ચલાવતા 21 ભારતીયોની ધરપકડ

કોલંબો | તેમના પર ટુરિસ્ટ વિઝા માટેના નિયમોનુ ઉલ્લંઘન કરવાનો અને કોમ્પ્યુટર સાથે સંકળાયેલો વ્યવસાય શરૂ કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે શ્રીલંકાના નેગોંબો નામના શહેરમાં પોલીસ દ્વારા એક ઘર પર દરોડો પાડવામાં આવ્યો હતો અને તે વખતે ઘરમાં હાજર લોકો કોમ્પ્યુટર સાથે સંકળાયેલો વ્યવસાય કરી રહ્યા હતા. એવુ મનાય છે કે, આ ભારતીયો ઓનલાઈન માર્કેટિંગ સેન્ટર ચલાવતા હતા. આ ભારતીયો કયા પ્રકારનો વ્યવસાય કરી રહ્યા હતા તે હજી સત્તાવાર રીતે જાહેર કરાયુ નથી. શ્રીલંકાના નિયમો પ્રમાણે ટુરિસ્ટ વિઝા પર દેશમાં આવતા લોકો કોઈ પણ પ્રકારની નોકરી કે બીજુ મહિનામાં શ્રીલંકા પહોંચ્યા હતા.અધિકારીઓના કહેવા પ્રમાણે આ ઘર ભાડે રાખવામા આવ્યુ હતુ અને તેમાં કામ કરી રહેલા 21 ભારતીયોની ધરપકડ કરાઈ છે. હાલમાં તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. તપાસ પૂરી થયા બાદ તેમને ભારત ડિપોર્ટ કરી દેવામાં આવશે.

### અમેરિકાને ભારતીય પ્રોફેશનલ્સની તાતી જરૂરિયાત

વોશિંગ્ટન |અમેરિકામાં આઈટી સહિતના દરેક ક્ષેત્રમાં ભારતીયોની બોલબાલા વધી રહી છે. ભારતીયોના વધતા વર્ચસ્વ વચ્ચે અમેરિકાના પેન્સિલ્વેનિયા રાજ્યના સાંસદ મેટ કાર્ટરાઈટે તો સ્પષ્ટપણે કહ્યુ છે કે, ભારતીય પ્રોફેશનલ્સની અમેરિકામાં તાતી જરૂરિયાત છે અને આ માટે ભારતીયોને ગ્રીન કાર્ડ આપવા માટે લગાવવામાં આવેલો સાત ટકાનો ક્વોટા હટાવી દેવામાં આવે.ભારતની ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં અમેરિકન સાસંદે કહ્યુ હતુ કે, અમેરિકાને ઉત્તમ ગુણવત્તાવાળા, હાઈ સ્કિલ્ડ અને બાહોશ લોકોની જરૂર છે અને એટલા માટે જરૂરી છે કે, નોકરી મેળવવા માંગતા ભારતીયો અમેરિકામાં આવીને વસવાટ કરે.

## યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે યુએસ સરકાર CAA બાબતે ચિંતિત છે

# પાકિસ્તાને કહ્યું- ભારતનું CAA ભેદભાવપૂર્ણ છે

**નાગરિકતા સંશોધન કાયદા (CAA) વિરુદ્ધ ભારતમાં વિરોધ પક્ષોની ટીકા વચ્ચે પાકિસ્તાન અને અમેરિકાએ પ્રતિક્રિયા જણાવી છે. પાકિસ્તાને CAA કાયદાને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. સાથે જ અમેરિકાએ પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે કહ્યું- CAA કાયદાનો અમલ હિન્દુ ફાસીવાદી દેશનું ભેદભાવપૂર્ણ પગલું છે. આ કાયદો લોકોમાં વિશ્વાસના આધારે ભેદભાવ ઉભો કરે છે. CAA તે ગેરસમજ પર આધારિત છે કે મુસ્લિમ દેશોમાં લઘુમતીઓ પર અત્યાચાર થાય છે અને ભારત લઘુમતીઓ માટે સુરક્ષિત દેશ છે.**



કરાંચી | તા.15

અહીં, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું - અમે 11 માર્ચના CAA નોટિફિકેશનથી ચિંતિત છીએ. અમે આ કાયદો કેવી રીતે લાગુ થશે તેના પર દેખરેખ રાખી રહ્યા છીએ. ધાર્મિક સ્વતંત્રતાનો આદર કરવો અને કાયદા હેઠળ તમામ સમુદાયો સાથે સમાન વ્યવહાર કરવો એ લોકશાહી સિદ્ધાંતો છે. CAA શું છે, તેની 3 મોટી વાતો...

કેન્દ્ર સરકારે 11 માર્ચે નાગરિકતા સંશોધન અધિનિયમ એટલે કે CAAનું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ સાથે જ આ કાયદો દેશભરમાં લાગુ થઈ ગયો. CAAને હિન્દીમાં નાગરિકતા સંશોધન કાયદો કહેવામાં આવે છે. આનાથી પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના બિન-મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા મેળવવાનો માર્ગ ખુલ્લો થઈ ગયો. 1. કોને મળશે નાગરિકતા: 31 ડિસેમ્બર 2014 પહેલા પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશથી ધાર્મિક આધાર પર અત્યાચાર ગુજાર્યા બાદ ભારતમાં આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લોકોને નાગરિકતા આપવામાં આવશે. આ ત્રણ દેશોના લોકો જ નાગરિકતા માટે અરજી કરી શકશે. 2. ભારતીય નાગરિકો પર શું અસર થશે: CAA ને ભારતીય નાગરિકો સાથે કોઈ લેવાદેવા નથી. ભારતીયોને બંધારણ હેઠળ નાગરિકતાનો અધિકાર છે. CAA અથવા કોઈપણ કાયદો તેને છીનવી શકે નહીં. 3. કેવી રીતે અરજી કરવી: અરજી ઓનલાઈન કરવાની રહેશે. અરજદારે જણાવવું પડશે કે તે ક્યારે ભારત આવ્યો હતો. જો તમારી પાસે પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજો ન હોય તો પણ તમે અરજી કરી શકશો. આ અંતર્ગત ભારતમાં રોકાણનો સમયગાળો 5 વર્ષથી વધુ રાખવામાં આવ્યો છે. બાકીના વિદેશીઓ (મુસ્લિમો) માટે આ સમયગાળો 11 વર્ષથી વધુ છે.

### CAAને લઈને સરકારની તૈયારી

CAAનું ઓનલાઈન પોર્ટલ રજીસ્ટ્રેશન માટે તૈયાર થઈ ગયું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પણ તેનો ડ્રાય રન કર્યો છે. સૂત્રોએ જણાવ્યું કે CAA આ પડોશી દેશોના એવા શરણાર્થીઓને મદદ કરશે જેમની પાસે દસ્તાવેજ નથી. મંત્રાલયને લાંબા ગાળાના વિઝા માટે પાકિસ્તાનમાંથી સૌથી વધુ અરજીઓ મળી છે.

### 1955નો કાયદો બદલાયો

નાગરિકતા સંશોધન બિલ 2016 (CAA) 2016 માં રજૂ કરવામાં આવ્યું હતું. આ માટે 1955ના કાયદામાં કેટલાક ફેરફારો કરવા પડ્યા હતા. આ ફેરફારો ભારતના ત્રણ મુસ્લિમ પાડોશી દેશો બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના બિન-મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા આપવાના હતા.

## મસ્કના રોકેટનું ત્રીજું પરીક્ષણ લગભગ સફળ

ન્યૂયોર્ક | તા.15

વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ સ્ટારશિપનું ત્રીજું પરીક્ષણ લગભગ સફળ રહ્યું હતું. તે બોકા ચિકા, ટેક્સાસથી 14 માર્ચે સાંજે 6:55 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું. સ્ટારશિપને અવકાશમાં મોકલ્યા પછી, તે સાંજે 7.59 વાગ્યે હિંદ મહાસાગરમાં ઉતરવાનું હતું, પરંતુ પૃથ્વીના વાતાવરણમાં ફરીથી પ્રવેશ કર્યા પછી, જ્યારે રોકેટ 65 કિલોમીટર ઉપર હતું, ત્યારે તેનો નિયંત્રણ કેન્દ્ર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ અને સુપર હેવી રોકેટને સામૂહિક રીતે 'સ્ટારશિપ' કહેવામાં આવે છે. તેની ઉંચાઈ 397 ફૂટ છે. તે સંપૂર્ણપણે રિયુઝેબલ અને 150 મેટ્રિક ટન ભાર વહન કરવા સક્ષમ છે. સ્ટારશિપ સિસ્ટમ એક સાથે 100 લોકોને મંગળ પર લઈ જઈ શકશે.




બૂસ્ટર અને સ્ટારશિપ લોન્ચ થયાના 2.44 મિનિટ પછી અલગ થયા સ્પેસમાં ગયા પછી પાણી પર લેન્ડિંગ થશે આ પરીક્ષણમાં, સ્ટારશિપને અવકાશમાં લઈ જવામાં આવશે, પછી પૃથ્વી પર પાછું લાવવામાં આવશે અને પાણી પર લેન્ડ કરવામાં આવશે. આ ટેસ્ટમાં સ્ટારશિપનો પેલોડ ડોર પણ ખુલશે અને બંધ થશે. રેપ્ટર એન્જિન અવકાશમાં હોય ત્યારે પ્રથમ વખત ફાયર કરવામાં આવશે. સ્ટારશિપની કંટ્રોલ્ડ રિએન્ટ્રી કરવામાં આવશે. આ સિવાય સ્ટારશિપ નવા માર્ગ પર ઉડાન ભરશે. આમાં સ્ટારશિપને હિંદ મહાસાગરમાં લેન્ડ કરવામાં આવશે. સ્પેસએક્સે કહ્યું કે નવા ફ્લાઈટ પાથથી અમે ઈન-સ્પેસ એન્જિન બર્ન જેવી નવી ટેક્નોલોજીનું પરીક્ષણ કરી શકીશું.

4 માર્ચે, સ્ટારશિપે તેનું લોન્ચિંગ રિહર્સલ પૂર્ણ કર્યું. સ્ટારશિપ અને સુપર હેવી પર 10 મિલિયન પાઉન્ડથી વધુ પ્રોપેલન્ટ લોડ કરવામાં આવ્યા હતા. કાઉન્ટડાઉન પણ T-10 સેકન્ડમાં લઈ જવામાં આવ્યું હતું.

## રશિયામાં આજે રાષ્ટ્રપતિની ચૂંટણી: પુતિનનું છઠ્ઠી વખત પ્રમુખ બનવાનું લગભગ નિશ્ચિત

મોસ્કો | તા.15

રશિયામાં આજથી રાષ્ટ્રપતિની ચૂંટણી શરૂ થઈ રહી છે. આ પ્રથમ વખત છે કે રશિયામાં એક દિવસને બદલે ત્રણ દિવસ માટે ચૂંટણી યોજાશે. 18 વર્ષથી વધુ ઉંમરનો કોઈપણ રશિયન નાગરિક જે કોઈપણ ગુનાહિત કેસમાં જેલની સજા ભોગવી રહ્યો નથી તે મતદાન કરી શકે છે. મોસ્કોના સમય મુજબ 17 માર્ચની રાત સુધીમાં ચૂંટણીના પરિણામો જાહેર થઈ શકે છે. ન્યૂયોર્ક



ટાઈમ્સના મતે ચૂંટણી પહેલા જ પુતિનનું ફરીથી રાષ્ટ્રપતિ બનવું નિશ્ચિત માનવામાં આવે છે. વાસ્તવમાં, પુતિન છેલ્લા 24 વર્ષથી રશિયામાં સત્તા પર છે. પુતિનના મોટાભાગના વિરોધીઓ હાલમાં કાં તો જેલમાં છે અથવા તો ચૂંટણી પંચે તેમને ચૂંટણી માટે અયોગ્ય જાહેર કર્યા છે. આ તસવીર લુહાન્સ્કની છે, જ્યાં એક મહિલા રશિયન ચૂંટણીમાં પોતાનો મત આપતી જોવા મળે છે. લોકોને પોતાનો મત આપતી જોવા મળે છે. લોકોને મતદાન કરવા પ્રોત્સાહિત કરવા માટે ‍ીં કોન્સર્ટનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

## ઇસ્લામ વિરોધી વલણ લીધું શી નજી યાંગમાં મુસ્લીમોનું ચીનીકરણ થઇ રહ્યું છે

બેઇજિંગ | તા.15

પવિત્ર રમજાન માસનો પ્રારંભ થઇ રહ્યો છે. મુસ્લીમોના આ પવિત્રમાસ નિમિત્તે અમેરિકાના પ્રમુખ જો બાયડેન યુનોના મહામંત્રી એન્ટોરિયો ગુટેરેસ તુર્કીનાપ્રમુખ રેસેસ તૈય્યબ એર્દોગોન સહિત અનેક વૈશ્વિક નેતાઓએ શુભેચ્છા પાઠવી છે. પરંતુ ચીનના પ્રમુખ શી જીનપિંગે તેમ કર્યું નથી. ઉલટાનું રમજાનમાં મુસ્લીમોનું ચીનીકરણ કરવું શરૂ કરી દીધું છે.

પ્રાપ્ય માહિતી પ્રમાણે ચીનના પશ્ચિમોત્તર પ્રાંત ઝિંયઝિયાંગ (સિન્ક્યાંગ=પૂર્વ તાર્તારી)માં ઉઇગર મુસ્લીમો અને તૂર્ક મુસ્લીમો, ચીનના જ વતનીઓ હોવા છતાં તેમની પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવે છે. ચીનની સામ્યવાદી સરકાર મુસ્લીમો પ્રત્યે કઠોર વલણ ધરાવે છે. તેમાં એ છેલ્લાં દસેક વર્ષથી તો ઉઇગર મુસ્લીમો પર સતત દમનકારી કાર્યવાહી થઈ રહી છે. ચીન હંમેશાં તેમની ઉપર ધાર્મિક કટ્ટરવાદ, અલગતાવાદના આક્ષેપો કરી રહ્યું છે. ચીનની સરકાર ઉઇગરોનાં ચીનીકરણ ઉપર ભાર આપ્યા જ કરે છે. રેડીયો ફ્રી એશિયાનો રીપોર્ટ જણાવે છે કે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના મંત્રી મા ઝિંગરૂઈએ એક સપ્તાહ પહેલાં જ ચીનમાં વસતા મુસ્લીમોનું ચીની કરણ કરવા પર ભાર મુક્યો છે. ૭મી માર્ચે બૈરિંગમાં પીપલ્સ કોંગ્રસમાં જ કહેવામાં આવ્યું હતું કે શિનજિયાંગમાં ઈસ્લામનું ચીનીકરણ કરવાની જરૂર છે.૨૦૧૭ પછી આ ઉઇગરો ઉપર બૈજિંગ સરકારના જૂલ્મો વધી રહ્યા છે,

## ભોજન માટે તરસતાં લાઇનમાં ઊભેલા લોકો પર ઈઝરાયલી સૈન્યનો ગોળીબાર

જેરુસલેમ | તા.15

ઈઝરાયલ-હમાસના યુદ્ધને મહિના વીતી ચૂક્યા છે અને ગાઝામાં મોતની સંખ્યા વધતી જઈ રહી છે. ઘણા બાળકો સહિત સામાન્ય નાગરિક ફાયરિંગ અને બોમ્બ બ્લાસ્ટનો શિકાર થઈ રહ્યા છે. ગાઝામાં ભોજન અને જરૂરિયાતની વસ્તુઓ મદદ તરીકે પહોંચાડાઈ રહી છે.

આ વચ્ચે ઈઝરાયલની ફાયરિંગમાં ભોજનની મદદની રાહ જોઈ રહેલા ઘણા લોકો માર્યા ગયા. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ કે આ હુમલામાં લગભગ 20 લોકો માર્યા ગયા છે અને 150થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. આ હુમલો ગાઝામાં કુવૈતી ચાર રસ્તા પર થયો જ્યાં સામાન્ય રીતે મદદ માટે ટ્રક ભોજન લઈને પહોંચે છે. મૃતકોની સંખ્યા વધશે

અલ શિફા હોસ્પિટલના ઈમરજન્સી એકમના ડોક્ટર મોહમ્મદ ગરાબે કહ્યુ કે મૃતકોની સંખ્યા વધવાની શક્યતા છે કેમ કે જાનહાનિ થયેલાને હજુ પણ હોસ્પિટલમાં સ્થળાંતરિત કરવામાં આવી રહ્યા છે. એક રિપોર્ટ અનુસાર ઘટના સ્થળે હાજર એક સાક્ષીએ



જણાવ્યુ હતુ કે ડઝન લોકોના મોત થઈ ગયા છે. વીડિયોમાં કથિત રીતે ઘટના સ્થળે ડઝનેક મૃતદેહો પડી રહ્યા છે. પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે આ ઘટનાને ઈઝરાયલી દળો દ્વારા ગાઝામાં કુવૈતી ક્રોસરોડ પર માનવતાવાદી સહાયની રાહ જોઈ રહેલા નાગરિકોના જૂથને નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે. મહમૂદ બસલના હવાલાથી કહ્યુ, ઈઝરાયલી કબ્જાવાળી સેના હજુ પણ ઉત્તરી ગાઝા પટ્ટીમાં થનારા અકાલના પરિણામસ્વરૂપ રાહત મદદની રાહ જોઈ રહેલા નિર્દોષ નાગરિકોને મારવાની નીતિનો અભ્યાસ કરી રહ્યા છે. આ દરમિયાન ઈઝરાયેલ સંરક્ષણ દળો (આઈડીએફ) એ જાહેરાત કરી કે માનવીય સહાયતા પહેલી વખત સમુદ્રના માર્ગે ગાઝામાં પ્રવેશ કરશે. ગાઝામાં જમીન, હવા અને સમુદ્રથી માનવીય મદદ પહોંચી રહી છે. પહેલી વખત માનવીય મદદ સમુદ્રના માર્ગે ગાઝા પહોંચી રહી છે. માનવીય મદદ લઈને યુએઈ દ્વારા ભંડોળ વાળુ એક જહાજ મંગળવારે રવાના થયુ. રહેલા યુદ્ધ વચ્ચે હમાસની ઓપરેશન્સ યુનિટના એક કમાન્ડર મુહમ્મદ અબુ હસનાને રાફા વિસ્તારમાંપ્રત્યક્ષદર્શીઓ અનુસાર વિસ્તારમાં કોઈ આર્ટિલરી અથવા ટાંકીની આગ જેવા અવાજથી હુમલો કરવામાં આવ્યો.

## જીવતો સાપ, વાંદરાનો હાથ, મરેલી ચકલી...દુબઇ એરપોર્ટ પર કાળા જાદૂ માટેની વસ્તુઓ પકડાતા હડકંપ

દુબઈ | તા.15

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મુસાફરના સામાનમાંથી એવી વસ્તુઓ મળી હતી કે, કસ્ટમ અને ઈમિગ્રેશન અધિકારીઓ પણ હેરાન થઈ ગયા હતા.

દુનિયાના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક દુબઈ એરપોર્ટ પર રોજ લાખો મુસાફરોની અવર જવર રહેતી હોય છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દુબઈ કસ્ટમના અધિકારીઓએ આફ્રિકાથી આવેલા એક મુસાફરની શંકાસ્પદ હિલચાલ જોઈને તેના સામાનની તલાશી લીધી હતી. જેમાં આ મુસાફર પાસેથી એક જીવતો સાપ મળી આવ્યો હતો. તેની સાથે સાથે તેના સામાનમાંથી વાંદરાનો હાથ, મરેલી ચકલી, કપડામાં લપેટાયેલા ઈંડા જેવી વસ્તુઓ પણ મળી આવી હતી. સામાનમાંથી તાવીજ, કાગળ પર લખેલા મંત્ર સહિતની વસ્તુઓ પણ કસ્ટમ અધિકારીઓએ કબ્જે કરી હતી. એવુ મનાય છે કે, આ તમામ



વસ્તુઓ કાળા જાદૂ માટે ઉપયોગમાં લેવાતી હોય છે. હવે આ વસ્તુઓની વધુ તપાસ કરવા માટે દુબઈમાં ઈસ્લામિક બાબતોની કામગીરી સંભાળતા મંત્રાલયને જવાબદારી સોંપવામાં આવી છે.

યુએઈના કાયદા પ્રમાણે યુએઈમાં જાદૂ ટોણા કે કાળો જાદૂ કરવો ગુનો મનાય છે. આ માટે ઉપયોગમાં લેવાતી વસ્તુઓ પણ દેશમાં લાવી શકાતી નથી અને જો કોઈ મુસાફર પકડાય તો તેને જેલની સજા કે દંડ થઈ શકે છે. જોકે દુબઈ એરપોર્ટ પર આ પ્રકારની વસ્તુઓ પહેલા પણ પકડાતી રહી છે. કસ્ટમ વિભાગના કહેવા પ્રમાણે 2018થી 2020ની વચ્ચે દુબઈ એરપોર્ટ પર 68 કિલોથી વધારે વજનની વિવિધ વસ્તુઓ પકડવામાં આવી હતી જે કાળા જાદૂ માટે ઉપયોગમાં લેવાના હતી. જેમાં માછલીના હાડપિંજર, જાદૂ ટોણા માટેના પુસ્તકો, અંગૂઠીઓ, નખ, હાડકા તેમજ લોહીથી ખરડાયેલી બેગોનો સમાવેશ થતો હતો.

## ગર્ભાવસ્થામાં માતાને ડિપ્રેશન-તણાવ હોય તો દીકરીને 10 વર્ષની ઉંમર બાદ અનિદ્રાનો ખતરો 70% વધુ

જેરુસલેમ | તા 15

ભારતીય પરિવારોમાં ગર્ભવતીનો વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. ઘરના વડીલો કહે છે કે માતા ખુશ નહીં રહે તો કુખમાં રહેલ નવજાત પર વિપરિત અસર પડશે. હવે ઈન્ટરનેશનલ જર્નલ ઑફ બિહેવિયરલ ડેવલપમેન્ટના નવા રિસર્ચ અનુસાર ગર્ભાવસ્થામાં માતાને જો ડિપ્રેશન અથવા અન્ય કોઈ મનોવૈજ્ઞાનિક સમસ્યા હોય તો દીકરી પર પણ તેની અસર પડે છે. દીકરીઓને 10 વર્ષની ઉંમર બાદ અનિદ્રાની સમસ્યાની આશંકા 70% સુધી વધી જાય છે. વજન પણ ઘટે છે.

રિસર્ચમાં રસપ્રદ તથ્ય સામે આવ્યું છે કે ડિપ્રેશનનો શિકાર રહેલી માતાના દીકરા પર 10 વર્ષની ઉંમરમાં અનિદ્રાની કોઈ અસર જોવા મળી નથી. છોકરાઓ પર તેની અસર થતી નથી. સંશોધખ એમા બોલહુઈસ અનુસાર ડિપ્રેશનનો શિકાર ગર્ભવતી અને બાળકો પર અસર માટે 2006ના ઈઝરાયલ-લેબેનોન યુદ્ધ દરમિયાન 207 માતાઓ પર સંશોધન કરાયું હતું. યુદ્ધને કારણે સામાજિક તણાવ અને પરિવારોમાં ભંગાણને કારણે આ ગર્ભવતી ડિપ્રેશનનો શિકાર થઈ હતી. સંશોધનમાં માતાના ડિપ્રેશન અને બાળકોની સ્લીપ પેટર્નને 10 વર્ષ બાદ ફરીથી ટ્રેક કરાઈ હતી. તેમાં દીકરીઓને અનિદ્રાની સમસ્યા સામે આવી હતી. એમા અનુસાર ઊંઘ બાળકોના સંપૂર્ણ વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ છે, કિશોરાવસ્થાથી પહેલા આઠ-દસ કલાકની ઊંઘ ન થવાથી માનસિક-શારીરિક વિકાસ પર અસર થાય છે. રિસર્ચ અનુસાર માતા તરફથી પુત્રીને જૈવિક રૂપથી કેટલાક ગુણ મળે છે. તેમાં ઈન્ટેલિજન્સ એટલે કે બુદ્ધિમતા સામેલ છે. સંશોધક રોજરેટ બેજર્સ અનુસાર ગર્ભાવસ્થામાં માતાને ડિપ્રેશનને કારણે માઈટોકૉન્ડ્રિયા પર પણ અસર પડે છે. માઈટોકૉન્ડ્રિયામાં XX ક્રોમોસોમ્સ હોય છે. જે પુત્રીને જૈવિક રીતે માતાથી જ મળે છે. તે ઈન્ટેલિજન્સ લેવલને નિર્ધારિત કરે છે. મા તરફથી પુત્રીને જૈવિક રૂપથી કેટલાક ગુણ મળે છે.

## નાસાએ ગુરુ ગ્રહની અદભૂત તસવીર શેર કરી

વોશિંગ્ટન | તા.15

અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ અંતરિક્ષ યાન જૂનો દ્વારા લેવાયેલી ગુરુ ગ્રહની તસ્વીર સોશિયલ મીડિયામાં શેર કરી છે. ગુરુ ગ્રહ પર ગ્રેટ રેડ સ્પોટ તરીકે ઓળખાતા આ સ્થળની તસ્વીર એક તોફાનની છે જે પૃથ્વી કરતા બમણા આકારનું છે નવાઈની વાત તો એ છે કે આ તોફાન આજકાલ કરતા ૩૫૦ વર્ષથી અસ્તિત્વ ધરાવે છે. નાસાના જણાવ્યા અનુસાર અંતરિક્ષયાન જૂનોએ લગભગ ૧૩૯૧૭ માઈલ દૂરથી ગુરુના ગ્રેટ રેડ સ્પોટના વાસ્તવિક રંગીન ચિત્રને કેદ કર્યુ છે. તોફાનનો આકાર ધીમે ધીમે ઘટી રહયો છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે સૌર મંડળનું સૌથી જાણીતું તોફાન દાયકાઓથી અવિરત ચાલતું રહયું છે. ૧૯૭૯માં વોયજર અંતરિક્ષ યાન દ્વારા તોફાનને માપવામાં આવ્યું હતું તેના કરતા ઓછું જણાય છે, તેમ છતાં ધ ગ્રેટ રેડ સ્પોટ પૃથ્વી કરતા બે ગણું વધારે છે. કેટલાક સંશોધનોમાં જણાયું છે કે ગુરુ ગ્રહના વાદળોની નીચે ૩૦૦ કિમી જેટલું અંદર ડૂબેલું છે. ગુરુ ગ્રહ પર નક્કર સરફેશ (જમીન) ના હોવાથી તોફાન નબળુ પડવામાં ખૂબ સમય લાગે છે. ૬૪૩ કિમી પ્રતિ કલાકની ઝડપે ફરતું રહે છે. ધ ગ્રેટ રેડ સ્પોટના લીધે ગુરુ ગ્રહની ક્ષિતિજ વિષમ ભૂરા અને લાલાશ રંગની જણાય છે.નાસાના જણાવ્યા અનુસાર અંતરિક્ષયાન જૂનોએ લગભગ ૧૩૯૧૭ માઈલ દૂરથી ગુરુના ગ્રેટ રેડ સ્પોટના વાસ્તવિક રંગીન ચિત્રને કેદ કર્યુ છે. તોફાનનો આકાર ધીમે ધીમે ઘટી રહયો છે. વૈજ્ઞાનિકોનું સ્પોટ તરીકે ઓળખાતા આ સ્થળની તસ્વીર એક તોફાનની છે જે પૃથ્વી કરતા બમણા આકારનું છે નવાઈની વાત તો એ છે કે આ તોફાન આજકાલ કરતા ૩૫૦ વર્ષથી અસ્તિત્વ ધરાવે છે. નાસાના જણાવ્યા અનુસાર અંતરિક્ષયાન જૂનોએ લગભગ ૧૩૯૧૭ માઈલ દૂરથી ગુરુના ગ્રેટ રેડ સ્પોટના વાસ્તવિક રંગીન ચિત્રને કેદ કર્યુ છે.

## ચૂંટણી બોન્ડ દ્વારા ફંડ મેળવીને તેને વટાવવામાં બીજા ક્રમે તૃણમૂલ કોંગ્રેસ રહી

# ચૂંટણી બોન્ડથી ભાજપે સૌથી વધુ 6000 કરોડ મેળવ્યાં, કયા પક્ષે કેટલું દાન મેળવ્યું

નવી દિલ્હી |આખરે ચૂંટણીપંચે એસબીઆઈ પાસેથી મેળવેલી ચૂંટણી બોન્ડની વિગતો ડેડલાઈનથી એક દિવસ પહેલાં જ તેની વેબસાઈટ પર જાહેર કરી દીધી. આ વિગતોનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું કે ચૂંટણી બોન્ડ વડે સૌથી વધુ 6 હજાર કરોડથી વધુ રૂપિયા ભાજપે મેળવ્યાં છે. તેણે ચૂંટણી બોન્ડને વટાવીને આ રકમ મેળવી હતી.

ચૂંટણી બોન્ડ દ્વારા ફંડ મેળવીને તેને વટાવવામાં બીજા ક્રમે તૃણમૂલ કોંગ્રેસ રહી છે. તેણે કુલ 1600 કરોડ રૂપિયાથી વધુના બોન્ડ વટાવ્યાં હતાં. જ્યારે આ યાદી અનુસાર ત્રીજા ક્રમે

| પક્ષ | દાન (કરોડમાં) |
|---|---|
| ભાજપ | 6,060 |
| તૃણમૂલ કોંગ્રેસ | 1,609 |
| કોંગ્રેસ | 1,421 |
| બીઆરએસ | 1,214 |
| બીજેડી | 775 |
| ડીએમકે | 639 |
| YSR કોંગ્રેસ | 337 |
| ટીડીપી | 218 |
| શિવસેના | 158 |
| આરજેડી | 72.5 |

કોંગ્રેસ 1421 કરોડ, ચોથા ક્રમે બીઆરએસ 1214 કરોડ, પાંચમાં ક્રમે બીજેડી 775 કરોડ, છઠ્ઠા ક્રમે ડીએમકે 639 કરોડ, સાતમા ક્રમે વાયએસઆર કોંગ્રેસ 337 કરોડ, આઠમા ક્રમે ટીડીપી 218 કરોડ, નવમાં ક્રમે શિવસેના 158 કરોડ અને દસમાં ક્રમે આરજેડીએ 72.50 કરોડ રૂપિયા મેળવ્યાં હતા.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમકોર્ટે ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવી હતી. તે સમયે સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે ચૂંટણી બોન્ડની જાણકારી ગુપ્ત રાખવી એ માહિતીના અધિકારનું ઉલ્લંઘન છે. આ મામલો સુપ્રીમકોર્ટમાં આઠ વર્ષથી ચાલતો હતો. આ ચુકાદાની હવે મોટી અસર લોકસભા ચૂંટણી પર ચોક્કસ જોવા મળી શકે છે.

### ટોચના 10 દાન દાતાઓ પર કરો એક નજર...

ચૂંટણી બોન્ડ દ્વારા ખોબે ખોબે દાન આપનારા ટોચના 10 દાન દાતા કંપનીઓમાં ટોચના ક્રમે ફ્યૂચર ગેમિંગ કંપની છે જેણે કુલ 1350 કરોડથી વધુની રકમના ચૂંટણી બોન્ડ ખરીદીને રાજકીય પક્ષોને દાન કર્યા હતા. ત્યાર બાદ બીજા ક્રમે મેઘા એન્જિનિયરિંગએ 980 કરોડ, ક્વિક સપ્લાય ચેઈને 410 કરોડ, વેદાંતા લિ.એ 400 કરોડ, હલ્દિયા એનર્જીએ 377 કરોડ, ભારતી ગ્રૂપે 247 કરોડ, એસ્સેલ માઈનિંગે 224 કરોડ, પ.યુપી. પાવર કોર્પોરેશને 194 કરોડ, કેવેંટનર ફૂડ પાર્કે 194 કરોડ અને મદનલાલ લિ.એ 185 કરોડ રૂપિયાના બોન્ડ ખરીદીને દાન કર્યા હતા.

| કંપની | દાન (કરોડમાં) |
|---|---|
| ફ્યૂચર ગેમિંગ | 1,368 |
| મેઘા એન્જિનિયરિંગ | 980 |
| ક્વિક સપ્લાય ચેઈન | 410 |
| વેદાંતા લિ. | 400 |
| હલ્દિયા એનર્જી | 377 |
| ભારતી ગ્રૂપ | 247 |
| એસ્સેલ માઈનિંગ | 224 |
| પ.યુપી. પાવર કોર્પોરેશન | 220 |
| કેવેંટનર ફૂડ પાર્ક | 194 |
| મદનલાલ લિ. | 185 |

### ચૂંટણી બોન્ડના નંબર કેમ જાહેર ન કર્યા, સુપ્રીમ કોર્ટે SBI પાસેથી જવાબ માંગ્યો

સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી બોન્ડ કેસ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી, અરજીની સુનાવણી કરતા, સુપ્રીમ કોર્ટે SBIને પૂછ્યું હતું કે તેણે ચૂંટણી બોન્ડના નંબરો કેમ જાહેર કર્યા નથી, જેનાથી દાન દેનાર દાતા અને રાજકીય પક્ષો વચ્ચેની લિંકને જાહેર થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે (આ મામલે SBI પાસેથી 18 માર્ચ સુધીમાં જવાબ માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સબમિટ કરેલા ચૂંટણી બોન્ડ પરના સીલબંધ પરબિડીયાઓને પરત કરવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. નોંધનીય છે કે ચૂંટણી બોન્ડ કેસમાં સુપ્રીમ કોર્ટે 11 માર્ચે SBIને બોન્ડની વિગતો 12 માર્ચે ચૂંટણી પંચને જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે 11 માર્ચે આદેશ આપતા કહ્યું હતું કે ECI દ્વારા કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલા નિવેદનોની નકલો ચૂંટણી પંચની ઓફિસમાં રાખવામાં આવે. સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે 15મી ફેબ્રુઆરીએ કેન્દ્રની ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવીને તેના પર પ્રતિબંધ મૂક્યો હતો.

## ન્યૂઝ કોર્નર

### 140 કરોડના બોન્ડ ખરીદતાં જ કંપનીને મહિનામાં 14400 aહાઈકોર્ટ પહોંચ્યો હતો મામલો

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચૂંટણી પંચ (ECI) એ શુક્રવારે તેની વેબસાઈટ પર ઈલેક્ટોરલ બોન્ડની સંપૂર્ણ માહિતી અપલોડ કરી દીધી. સૌથી વધુ ચૂંટણી બોન્ડ ખરીદનારી કંપનીઓમાં મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ બીજા સ્થાને રહી છે. નંબર વન પર ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસ હતી જેની સામે EDએ પણ તપાસ કરી હતી. મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (MEIL) એ 1 કરોડ રૂપિયાના 821 ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. ઉલ્લેખનીય છે કે આ કંપનીએ એપ્રિલ 2023માં લગભગ 140 કરોડ રૂપિયાના બોન્ડ્સ ખરીદ્યા હતા અને તેના એક મહિના પછી તેને મહારાષ્ટ્રમાં 14,400 કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મળી ગયો હતો. અહેવાલ મુજબ ચૂંટણી બોન્ડ ખરીદવાના એક મહિનાની અંદર આ કંપનીને થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટ માટે ટેન્ડર મળ્યું.

### જે કંપની પાછળ ED પડી તેણે જ સૌથી વધુ ચૂંટણી બોન્ડ ખરીદી રાજકીય પક્ષોને આપ્યું મસમોટું દાન

નવી દિલ્હી |ભારતીય ચૂંટણી પંચ (ECI) એ ગુરુવારે ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારા લોકોના નામ જાહેર કર્યા. કમિશન દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો/ડેટામાં ચોંકાવનારી બાબતો બહાર આવી છે. મની લોન્ડરિંગના આરોપમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા માર્ચ 2022માં તપાસ કરાયેલી એક કંપનીએ 1350 કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા હોવાનો ખુલાસો થયો છે અને તેણે રાજકીય પક્ષોને આ રકમ દાન કરી હતી.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી એફિડેવિટમાં, SBIએ કહ્યું હતું કે 1 એપ્રિલ, 2019 અને ફેબ્રુઆરી 15, 2014 વચ્ચે વિવિધ કિંમતના કુલ 22,217 ચૂંટણી બોન્ડ જારી કરવામાં આવ્યા હતા. તેમાંથી 22,030 રાજકીય પક્ષો દ્વારા વટાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના કડક વલણને પગલે, SBI એ મંગળવારે ભારતના ચૂંટણી પંચને ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારાઓની વિગતો આપી દીધી હતી. કમિશને તેની વેબસાઈટ પર બે ફાઈલોની વિગતો આપી હતી

## મુખ્ય પ્રધાને સ્થળાંતર અટકાવવા અસરકારક વિચારસરણીની આવશ્યકતા દર્શાવી હતી

# હાઉસ ઓફ હિમાલયની સફળતા માટે ઉત્પાદન વધારવા પર ધ્યાન આપવું જોઈએ: મુખ્યમંત્રી

- ડુંગરાળ વિસ્તારોમાં સ્થળાંતરનાં કારણોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.
- યુવાનોમાં સ્વરોજગારી અંગે જાગૃતિ આવે તે માટે ગ્રામીણ ઉધોગ સાહસિકતા વિકાસ કાર્યશાળાઓ યોજવી જોઈએ.
- જિલ્લા કક્ષાએ લોક કલ્યાણકારી યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરવી જોઈએ અને જિલ્લા કક્ષાના અધિકારીઓનો સહકાર લેવો જોઈએ.

દેહરાદૂન : મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામીએ સ્થળાંતર રોકવા માટે અસરકારક વિચારસરણીની જરૂરિયાત વ્યક્ત કરી છે. પહાડી વિસ્તારોમાં સ્થળાંતરનાં કારણોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવા, યુવાનોમાં સ્વરોજગારી અંગે જાગૃતિ લાવવા ગ્રામીણ ઉધોગ સાહસિકતા વિકાસ કાર્યશાળાઓનું આયોજન કરવા અને જિલ્લા કક્ષાએ લોક કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણની સમીક્ષા કરવા સૂચનાઓ આપવામાં આવી છે. આમાં જિલ્લા કક્ષાના અધિકારીઓનો સહકાર લેવામાં આવે તેવું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે આયોગના સૂચનોના અસરકારક અમલીકરણની વ્યવસ્થા સરકારી સ્તરે સુનિશ્ચિત થવી જોઈએ. તેમજ રાજ્યમાં રિવર્સ માઈગ્રેશનની પરિસ્થિતિનો અભ્યાસ કરવા અને રાજ્યમાં પરત ફરેલા લોકોના અનુભવોનો લાભ લેવા ધ્યાન આપવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્ય સ્થાપના દિવસની આસપાસ રાજ્યમાં આયોજિત પ્રવાસી સન્માન સમારોહનું આયોજન કરવાની અને હાઉસ ઓફ હિમાલયની સફળતા માટે રાજ્યના પરંપરાગત ઉત્પાદનોનું ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં શુક્રવારે સચિવાલયમાં ગ્રામીણ વિકાસ અને સ્થળાંતર નિવારણ આયોગની 7મી બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, પહાડી વિસ્તારોમાં લોકોની



આજીવિકામાં ઝડપથી વધારો થાય તે માટે મોટા પાયે એક્શન પ્લાન બનાવવો પડશે. પહાડી વિસ્તારોમાં સરકાર દ્વારા લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

## વર્ષમાં છ માસ બરફથી ઢંકાયેલ રહે છે અને ઓક્સીજનની અછત પણ રહે છે

# ભારતના આ રાજ્યમાં આવેલું છે વિશ્વનું સૌથી ઊંચું મતદાન મથક

નવી દિલ્હી | ટશીગંગ (Tashigang) સમુદ્ર સપાટીથી 15,256 ફૂટની ઉંચાઈ પર સ્થિત વિશ્વનું સૌથી ઊંચું મતદાન મથક (Highest Polling Station ) છે. ટશીગંગ શીત મરુથલ નામથી વિખ્યાત લાહુલ સ્પીતી જિલ્લાની સ્પીતી ખીણમાં સ્થિત છે. વર્ષમાં છ માસ બરફથી ઢંકાયેલ રહે છે. અહીં ઓક્સીજનની અછત પણ રહે છે. આ મતદાન મથક હિમાચલ પ્રદેશ (Himachal Pradesh)માં આવેલું છે. અહીં તાપમાન પણ માઈનસ 40 ડીગ્રી સુધી પહોંચી જાય છે. અહીં આશરે દસ ઘર છે. આશરે અડધા ચોરસ કિલોમીટર ક્ષેત્રમાં ફેલાયેલ છે. 2019 અગાઉ વિશ્વનું સૌથી ઊંચું મતદાન કેન્દ્ર લાહુલ સ્પિતી જીલ્લામાં સ્થિત હિક્કીમ હતું. પરંતુ 2019માં ટશીગંગને




મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું. 2019ની લોકસભા ચુંટણીમાં 45 મતદારો હતા. તેમાં 27 પુરુષ અને 18 મહિલા મતદાતા હતા. મંડી સંસદીય ક્ષેત્રની પેટા ચુંટણીમાં 48 મતદારો હતા જેમાં 29 પુરુષ અને 22 મહિલાઓ સામેલ હતી. 2022ની વિધાનસભા ચુંટણી (Legislative Assembly election)માં 52 મતદારો હતા જેમાં 30 પુરુષ અને 22 મહિલા છે.

ટશીગંગને પાંચ વર્ષ અગાઉ 2019 લોકસભા ચુંટણી દરમિયાન વિશ્વનું સૌથી ઊંચું મતદાન કેન્દ્ર હોવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. સ્પીતી ખીણના મુખ્યાલય કાજાથી ટશીગંગનું અંતર આશરે 35 કિલોમીટર છે. જાહેરમાર્ગથી મતદાન કેન્દ્રનું અંતર 200 મીટર છે.

### 'રામલ્લાના દર્શન માટે VIP પાસની સુવિધા નથી..', રામ મંદિર ટ્રસ્ટે ભક્તોને ચેતવ્યા

નવી દિલ્હી : રામલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા બાદ અયોધ્યામાં લાખોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. તેવામાં રામલ્લાના દર્શન માટે VIP પાસને લઇ દિવસેને દિવસે ટ્રસ્ટના નામે છેતરપિંડીના બનાવો વધવા લાગ્યા છે. તેને લઇ શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટે એલર્ટ જાહેર કર્યું છે. ટ્રસ્ટે જણાવ્યું હતું કે, ભગવાનના દર્શન માટે VIP પાસની સુવિધા નથી. મળતી માહિતી મુજબ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે બુધવારે સતત છેતરપિંડીનો ભોગ બની રહેલા ભક્તો માટે એલર્ટ જાહેર કર્યું છે. ટ્રસ્ટે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે અમને શંકા છે કે કેટલાક લોકો નિશ્ચિત ફી વસૂલીને ચોક્કસ દર્શન માટે પાસની વ્યવસ્થા કરવાની વાત કરી રહ્યા છે. જો કોઈ ફી વસૂલીને પાસ મેળવવાની વાત કરે તો સાવધાન. આવી સ્થિતિમાં તે છેતરપિંડીનો શિકાર બની શકે છે. મંદિર મેનેજમેન્ટને તેની સાથે કોઈ લેવાદેવા નથી. રામ મંદિરમાં રામલલાના દર્શન માટે VIP પાસની જોગવાઈ નથી.

### ભાજપે બહેન પ્રિતમ મુંડેની ટિકિટ રદ કરતાં પંકજા મુંડેની પ્રતિક્રિયા સામે આવી

નવી દિલ્હી : ભાજપે લોકસભા ચૂંટણી માટે તેની બીજી ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જેમાં મહારાષ્ટ્રની 20 બેઠકોનો સમાવેશ થાય છે. આ વખતે ભાજપે કેટલાક વર્તમાન સાંસદોની ટિકિટ રદ કરીને નવા ચહેરાઓને તક આપી છે. આ ક્રમમાં બીડથી પ્રીતમ મુંડેની ટિકિટ રદ કરવામાં આવી છે અને તેમની જગ્યાએ તેમની બહેન પંકજા મુંડેને મેદાનમાં ઉતારવામાં આવી છે, જેઓ રાજકીય વનવાસ ભોગવી રહ્યા હતા.ભાજપ નેતૃત્વ દ્વારા બહેન પ્રિતમ મુંડેની ટિકિટ રદ કરવા પર પંકજા મુંડેની પ્રતિક્રિયા આવી છે. તેણીએ કહ્યું કે પાર્ટીએ તેણીને ઉમેદવારની યાદીમાં સામેલ કરીને તેમનું સન્માન કર્યું અને આ માટે તે ભાજપની આભારી છે. જો કે, તેણે કહ્યું કે તેની બહેન પ્રિતમે 10 વર્ષ સુધી બીડમાં સારું કામ કર્યું છે અને તેની ટિકિટ કેન્સલ થવાથી તે થોડો દુ:ખી છે.પંકજા મુંડેએ કહ્યું, 'હું પહેલા પણ સક્રિય રાજકારણમાં હતી, અહીં પણ છું અને ભવિષ્યમાં પણ રહીશ.

# લાલપુર તાલુકામાં આશા બહેનો માટે આશા સંમેલનનું આયોજન કરાયું




વિશાલ જે હરવરા - જામનગર: લાલપુર તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી દ્વારા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.ભાયાના માર્ગદશન હેઠળ લાલપુર તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી. ડી.પરમારના અધ્યક્ષસ્થાને આશા બહેનો માટે આશા સંમેલનનું આયોજન કરાયું હતું. તાલુકા આરોગ્ય અધિકારીશ્રીએ ઉપસ્થિત સર્વેને આશા અને આશા ફેસીલીટર બહેનીની કામગીરીની અગત્યતા વિષે માહિતી આપી હતી અને તેમની કામ પ્રત્યેની ફરજનિષ્ઠાને વખાણી ભવિષ્યમાં પણ આવી જ રીતે કામ કરવા માટે પ્રેરિત કર્યા હતા. તેમજ લાલપુર તાલુકામાં જન્મ મૃત્યુ દર, બાળ આરોગ્ય અને માતા આરોગ્યની સુચારુ કામગીરી માટે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી ડો.બગથરીયાએ ચાલુ માસ માર્ચ 2024 દરમિયાન જન્મજાત ખોડખાંપણ જાગૃતિ માસ તરીકે ઉજવણી કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત શ્રી ડો. માનસી પટેલ દ્વારા આશા બહેનોને તેમની કામગીરી અંગે માહિતી અપાઈ હતી. ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત શ્રી ડો. જે.વી.કરંગીયાએ કર્યું હતું. કાર્યક્રમની શરુઆતમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયા બાદ ઉપસ્થિત અધિકારીગણે આશા ફેસીલીટર બહેનોને પ્રમાણપત્રો અર્પણ કરીને તેમની કામગીરીને બિરદાવી હતી. તેમજ આશા બહેનો પોતાની ફિલ્ડ કામગીરી પ્રત્યે વધુ પ્રોત્સાહિત બને તે હેતુથી પ્રથમ, દ્વિતીય અને ત્રીજો ક્રમાંક આપીને તેમને પ્રોત્સાહન પૂરું પાડવા માટે 30 જેટલા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અને આયોજન બદલ લાલપુર તાલુકા આરોગ્ય કચેરી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એન. આર.પરમાર એમ.પી.એસ. હરીપર દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી નઝમાબેન કંઠીયા ટી.એચ.વી. લાલપુર દ્વારા કરવામાં આવી હતી. સંમેલનમાં ડી.પી.સી. શ્રી યજ્ઞેશ ખારેચા, શ્રી વિરલ કામદાર, લાલપુર તાલુકા શિક્ષણ અધિકારીશ્રી, તાલુકાના આરોગ્ય અધિકારીશ્રીઓ, સુપરવાઈઝર શ્રીઓ તેમજ સમગ્ર લાલપુર તાલુકા આરોગ્ય કચેરીના સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તેમ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી.ડી.પરમાર, લાલપુરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### કોંગ્રેસને ઝટકો આપવાની તૈયારીમાં માયાવતી! અમેઠી-રાયબરેલીને લઇને BSPનુ એલાન

નવી દિલ્હી |ચૂંટણી પંચ હવે ગમે ત્યારે લોકસભા ચૂંટણીની તારીખો જાહેર કરી શકે છે. આવી સ્થિતિમાં તમામ રાજકીય પક્ષો પોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ લોકસભા ચૂંટણીમાં રાયબરેલી અને અમેઠી ઉત્તર પ્રદેશની એક એવી બેઠક છે જેના પર લોકો સૌથી વધુ ધ્યાન આપી રહ્યા છે. ગાંધી પરિવારની પરંપરાગત બેઠકો ગણાતી યુપીની આ બે બેઠકો પરથી કોંગ્રેસ વતી કોણ ચૂંટણી લડશે તે હજુ નક્કી નથી. પરંતુ માયાવતીની પાર્ટી બસપા અમેઠી અને રાયબરેલીમાં કોંગ્રેસને આંચકો આપવાની તૈયારી કરી રહી છે.તમને જણાવી દઈએ કે યુપીની વાત કરતા બસપાના પ્રદેશ અધ્યક્ષ વિશ્વનાથ પાલે એક મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, 'આ લોકસભા ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટી યુપીની તમામ 80 સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે.' શું BSP રાયબરેલી અને અમેઠીમાં પણ પોતાના ઉમેદવારો ઉભા કરશે? આ સવાલ પર બીએસપી નેતાએ કહ્યું, 'આ ચૂંટણીમાં પાર્ટી તમામ સીટો પર ઉમેદવારો ઉભા કરશે.

## ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ આ કેસની સુનાવણી આગામી અઠવાડિયે નક્કી કરવા કહ્યું હતું

# સુપ્રીમ કોર્ટ નાગરિકતા સુધારા કાયદા પર રોકની માગ કરતી અરજી પર સુનાવણી કરવા તૈયાર

નવી દિલ્હી | નાગરિકતા સુધારા કાયદા (CAA) પર રોક લગાવવાની માગ કરતી અરજી પર સુનાવણી કરવા સુપ્રીમકોર્ટ તૈયાર થઈ ગઈ છે. આ મામલે આગામી 19 માર્ચે સુનાવણી કરવામાં આવશે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચૂડે આ કેસની સુનાવણી આગામી અઠવાડિયે નક્કી કરવા કહ્યું હતું. આ અરજી ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) વતી દાખલ કરવામાં આવી હતી. તેણે આ મામલે તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી અને કહ્યું હતું કે જ્યારે એકવાર નાગરિકતા આપી દેવાશે તો તેને ક્યારેય પાછી નહીં લઈ શકાય. 2019થી સુપ્રીમકોર્ટમાં દાખલ 200થી વધુ સંબંધિત અરજીઓમાં સીએએની જોગવાઈઓને પડકારવામાં આવી છે. સીએએ ડિસેમ્બર 2019માં સંસદ દ્વારા પસાર કરાયો હતો પણ કેન્દ્ર સરકારે સોમવારે તેને લઈને નિયમો જાહેર કર્યા હતા.આ કાયદો પાંચ વર્ષ પહેલા એટલે કે વર્ષ 2019માં મંજૂર થયો હતો, પરંતુ આજે (માર્ચ 2024)માં તે લાગુ થયો છે. વિરોધ પક્ષોએ આ મુદ્દે ખુબ જ વિરોધ નોંધાવ્યો હતો અને કડક વલણ પણ જોવા મળ્યું હતું. આ કાયદા અંતર્ગત ભારતીય નાગરિકતાની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. આ કાયદા હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના શિકાર બનેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ છે. ભારત દેશના નાગરિક કોણ છે તેની પરિભાષા 1955માં એક કાયદો બનાવીને કરવામાં આવી જેને નાગરિકતા અધિનિયમ 1955 નામ અપાયું. મોદી સરકારે આ કાયદામાં સંશોધન કર્યું છે.

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, જીઆઈએફટી ટાવર વન ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮૫૦૯

**પરિશિષ્ટ-૧**

બેંક બે બિડ સિસ્ટમ હેઠળ, જગ્યા માટે, ગ્રાઉન્ડ ફ્લોર, બ્રાન્ચ ઑફિસ માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝના ધોરણે ઑફર્સ આમંત્રિત કરે છે.

| ક્રમ | ગામો, શહેરો વિગેરેનું નામ | કાર્પેટ એરીયા (ચો.ફુટમાં) |
|---|---|---|
| ૧ | શાપર, જિલ્લો - રાજકોટ | ૬૦૦-૮૦૦ |
| ૩ | મહુવા (કુબેરબાગ અને વૃન્દાવન), જિલ્લો - ભાવનગર | ૧૦૦૦-૧૨૦૦ |

**બિડસ જમા કરવાની તા. ૦૫-૦૫-૨૦૨૪ના રોજ અથવા તે પહેલા.**
વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લો www.punjabandsindbank.co.in
**ઝોનલ મેનેજર**

# ભારત એ ખેતીપ્રધાન દેશ છે. દેશમાં 65 ટકાથી વધુ ખેડૂતો ખેતી આધારિત જીવન જીવે છે, આ ખેડૂતો થકી દેશનું અર્થતંત્ર મજબૂત થાય છે: કોંગ્રેસ નેતા દર્શન નાયક

ભારત એ ખેતીપ્રધાન દેશ છે. દેશમાં ૬૫ ટકાથી વધુ ખેડૂતો ખેતી આધારિત જીવન જીવે છે. આ ખેડૂતો થકી દેશનું અર્થતંત્ર મજબૂત થાય છે. ખેડૂત સમગ્ર દેશને જીવડાવતો હોય ત્યારે સરકાર પાસે પોષણક્ષમ ભાવો સહિતની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. ખેડૂતોના હિતમાં હાલ ની કેન્દ્ર ની સરકારે પ્રથમ વખત સહકાર મંત્રાલય ની સ્થાપના કરી દેશમાં સહકાર મંત્રાલય અલગથી શરૂ કરવામાં આવ્યો છે, એ આવકારદાયક છે. પરંતુ સરકારના જ નેતાઓ ની બેવડી નીતિ ને કારણે તેનો ભોગ ખેડૂતો બની રહ્યા છે.

સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (સુમુલ ડેરી) લી.નવી પારડી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ મોટા ઉપાડે સહકાર ની વાતો કરી હતી. પરંતુ હકીકત એ છે કે, એમની જ પાર્ટીના નેતાઓએ સહકારી સંસ્થાઓ ની ઘોર ખોદી નાંખી છે. સહકારી ક્ષેત્રે મેન્ડેટ ની પ્રથા અમલમાં મૂકાય છે ત્યારે સહકારી સંસ્થાઓનું અધ:પતન પાછળ જો કોઈ જવાબદાર હોય તો એ ભાજપ અને ભારતીય જનતા પાર્ટીના નેતાઓ છે. ભાજપના નેતાઓએ જે સુમુલના કાર્યક્રમમાં સહકારિતા ની વાતો કરી, એજ સુમુલના ચેરમેન દ્વારા અગાઉ ના ચેરમેને કરેલા વહીવટ વિરુદ્ધ પીએમઓ સુધી ફરિયાદ કરી રૂપિયા ૧૧૦૦ કરોડના કૌભાંડ નો પર્દાફાશ કરી નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી. પરંતુ આજે પણ આ અંગે કોઈ તપાસ કરવામાં આવી નથી અને કાર્યવાહી થઈ નથી.

ભાજપના નેતાઓ કોંગ્રેસના કાર્યકાળની વાતો કરતા હોય ત્યારે નોંધનીય બાબત એ છે કે, ગુજરાતમાં જે પણ સહકારી સંસ્થાઓ હાલમાં કાર્યરત છે. એ પછી કોટન મંડળીઓ હોય, સેવા સહકારી ,સહકારી ડેરી ,એ. પી. એમ. સી.,કે સુગર મિલો હોય કે પછી સહકારી બેંકો હોય એ તમામ સંસ્થાઓ કોંગ્રેસના સમયમાં બની હતી. જો કોંગ્રેસની વિચારધારામાં કે કોંગ્રેસના વહીવટમાં ખામી હોત તો આ બધી મંડળીઓ જ ના બની હોત. આથી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ લોકોને ગેરમાર્ગે દોરે છે એ બાબત નિર્વિવાદિત બાબત છે. ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. આ ૩૦ વર્ષના શાસનમાં અનેક સહકારી સંસ્થાઓ ની આર્થિક સ્થિતિ ભાજપ ના આગેવાનો ના ગેરવહીવટને કારણે નબળી પડી છે. અનેક સહકારી સંસ્થાઓ અને મંડળીઓ ફડચામાં ગઈ તથા અનેક મંડળીઓ માત્ર કાગળ ઉપર જ કાર્યરત છે. દક્ષિણ દક્ષિણ ગુજરાતની સુગર મિલો ની વાત કરીએ તો, કાવેરી સુગર હોય મરોલી સુગર હોય, માંડવી સુગર હોય કે પછી કાંઠા સુગર હોય આ બધી સુગરોમાં વહીવટ તો ભાજપના નેતાઓ જ કરતા આવ્યા છે. આ સહકારી સુગર મિલોમાં લાખો સભાસદોના શેર ફાળો ,સરકારનો શેર ફાળો ,સરકાર ની લોન ની ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર ની અનેક ફરિયાદો સહકાર વિભાગ, સરકાર અને મુખ્યમંત્રી, વડાપ્રધાન સુધી કરવામાં આવી છે.

### કર્ણાટકના પૂર્વ CM અને ભાજપના કદાવર નેતા સામે સગીરાનું શોષણ કરવાનો આરોપ, FIR દાખલ

નવી દિલ્હી | કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી. એસ.યેદિયુરપ્પા સામે પોલીસે એક ગંભીર કેસ દાખલ કર્યો છે. માહિતી અનુસાર તેમની સામે સગીર છોકરીનું જાતીય શોષણ કરવાનો આરોપ લાગ્યો છે. આ મામલે તેમની સામે એફઆઈઆર નોંધી લેવામાં આવી છે. આ એફઆઈઆર પોક્સો અને 354 (A) આઈપીસી હેઠળ દાખલ કરવામાં આવી છે. બીએસ યેદિયુરપ્પાના કાર્યાલયે આ મામલે નિવેદન જાહેર કર્યું છે અને આવા જ 53 કેસોની યાદી જાહેર કરી છે, જે ફરિયાદકર્તાએ પહેલાથી જ અલગ-અલગ બાબતોને લઈને દાખલ કરી છે. યેદિયુરપ્પાના કાર્યાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે ફરિયાદીને આવી ફરિયાદો કરવાની આદત છે. નોંધનીય છે કે બીએસ યેદિયુરપ્પા 2008 અને 2011માં કર્ણાટકના મુખ્યમંત્રી રહી ચુક્યા છે, ત્યારબાદ મે 2018માં થોડા સમય માટે અને ફરીથી જુલાઈ 2019થી 2021 સુધી કર્ણાટકના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમણે 2021માં રાજીનામું આપ્યું હતું.

PRIVI

**NOTICE**

In pursuance of the Gazette Notification Bearing S.O. No. 2900 (E) Dated 24th Oct 2015 and Duly amended by S.O. No. 4120 (E) dated 30th Dec 2017 issued by Ministry of Agriculture and Farmers Welfare Govt. of India pertaining to 100% Water Soluble mixture of Fertilizers and liquid water soluble fertilizer. Privi Life Sciences Pvt Ltd hereby notifies that it intends to introduce the following grades of 100% water soluble mixture fertilizer.

| Sr. No | Grade Name | Brade Name | Total N (%) | Total P205 (%) | Total K20 (%) |
|---|---|---|---|---|---|
| 1. | N:P:K – 13:40:13 | PRIVIT | 13 | 40 | 13 |
| 2. | N:P:K - 00:09:46 | PRIVIT | 00 | 09 | 46 |
| 3. | N:P:K - 00:40:40 | PRIVIT | 00 | 40 | 40 |
| 4. | N:P:K - 10:30:30 | PRIVIT | 10 | 30 | 30 |
| 5. | N:P:K - 00:60:40 | PRIVIT | 00 | 60 | 40 |
| 6. | Calcium Dihydrogen Phosphate (Liquid) | PRIVIT | 00 | 22 | 00 |
| 7. | NPK 11:11:8 Fortified with Zinc & Boron (Suspension) | PRIVIT | 11 | 11 | 08 |
| 8. | Calcium Nitrate Fortified with Magnesium (Suspension) | PRIVIT | 10 | 00 | 00 |
| 9. | Fortified NP (7-21-0) Liquid | PRIVIT | 07 | 21 | 00 |
| 10. | Boronated Nitro Phosphate with Potash (15:15:15) | PRIVIT | 15 | 15 | 15 |

**Salient Features:**
1. Matter insoluble per cent by weight maximum: 0.5
2. Improves quality and yield of the produce
3. Suitable to use via drip and foliar application

Supply and Sales of above PRIVIT grades would be done after 30 days from date of this notice

**PRIVI LIFE SCIENCES PVT. LTD,**

Registered Address : A-71,Privi House, TTC Industrial Area, Thane-Belapur Road, Koperkhairane, Navi Mumbai (M.S) 400709
Factory Address : Unit 38, 39, 40 JCD Foods Pvt Ltd, Shah Industrial Area, Nangargaon, Lonavala, Tal. Maval, Dist. Pune 410401
Customer Care : 022 33043697
Email ID : agrocare@privi.co.in / Web : www.privilifesciences.com

## યોજના વિભાગની જમીન પર યોગી ટ્રાવેલ્સે દબાણ કર્યું

ગાંધીનગર | શહેરની તમામ જમીન પાટનગર યોજના વિભાગ હસ્તક છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી મહાપાલિકા દ્વારા યોજના વિભાગની જમીન પર વિવિધ વિકાસના કાર્યો હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં જ યોજના વિભાગની જમીન પર સેક્ટર 6 ખાતે આવેલાં ખુલ્લા મેદાનમાં મહાપાલિકાની સિટી બસ સેવા પૂરી પાડતી યોગી ટ્રાવેલ્સ એજન્સી દ્વારા દબાણ કરી દીધાનું ધ્યાને આવતાં યોજના વિભાગ દ્વારા મહાપાલિકા તંત્રને યોગી ટ્રાવેલ્સના નામજોગ પત્ર લખીને આ બાબતે તાકીદ કરી છે.

સિટી એક્સપ્રેસ
SATURDAY 16 MARCH-2024
AHMEDABAD

## ગુડાએ નર્મદા કેનાલ પર સ્ટીલ બ્રિજ બનાવવા કામગીરી હાથ ધરી

ગાંધીનગર |નર્મદા કેનાલ પર ગુડા દ્વારા તાજેતરમાં જ પોન્ટુનની મદદથી ચાલુ કેનાલમાં પાઈલિંગ કરીને સ્ટીલ બ્રિજના નિર્માણ માટેની કામગીરી હાથ ધરાઈ છે. કુલ 100 મીટરના 5 ગાળામાં બ્રિજનું નિર્માણ કરાશે જેથી અડાલજ થી જાસપુર સુધી નાંખવામાં આવેલ ડ્રેનેજ લાઈન સત્વરે શરૂ કરી શકાશે. આગામી મે માસ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરાશે. ગુડાએ ટીપી સ્કીમમાં વિવિધ આવાસ યોજના લાગું કરીને આવાસો ફાળવ્યાં છે આવાસોમાં રહેવાસીઓની સંખ્યામાં પણ પ્રતિદિન વધારો થતો જોવાં મળી રહ્યો છે. અડાલજ પમ્પિંગ સ્ટેશનથી જાસપુર ખાતે બનાવવામાં આવેલાં સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ સુધી ડ્રેનેજ લાઈન નંખાઈ છે.



## અમદાવાદના ફતેવાડીમાં રાત્રે ફ્લેટમાં ભીષણ આગ લાગતાં ફાયરની 9 ગાડી દોડી, 42 વાહન બળીને ખાખ, તમામનું રેસ્ક્યૂ કરાયું

# આગથી બચવા 200 લોકો ધાબે ચડ્યા



અમદાવાદ | તા.15

અમદાવાદના ફતેવાડી વિસ્તારમાં મસ્તાન મસ્જિદ પાસે આવેલા મેટ્રો મેન્શન ફ્લેટના પાર્કિંગમાં મોડીરાત્રે આગ લાગી હતી. આગ લાગતાંની સાથે ફ્લેટના રહીશો જાગી ગયા હતા, બૂમાબૂમ અને ચીસાચીસ કરી મૂકી હતી. આગમાં 39 જેટલાં ટૂ-વ્હીલર અને 3 રિક્ષા બળીને ખાક થઈ ગયાં હતાં. આગથી બચવા લોકો ધાબે જતા રહ્યા હતા. ફાયરની ટીમને જાણ કરવામાં આવતાં 9 જેટલી ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ 200 જેટલા લોકોને સલામત ધાબેથી રેસ્ક્યૂ કર્યા હતા.

### બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી

ફાયરબ્રિગેડના ડેપ્યુટી ફાયર ઓફિસર ઈનાયત શેખે જણાવ્યું હતું કે તમામ લોકોને સલામત ધાબા ઉપરથી ફાયરબ્રિગેડના જવાનોએ રેસ્ક્યૂ કર્યા હતા. આશરે બે કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી. 50 જેટલાં વાહનો પણ બચાવી લેવામાં આવ્યાં છે. પાર્કિંગમાં આગ લાગવા મામલે સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ મોડીરાત્રે કેટલાંક અસામાજિક તત્ત્વો પાર્કિંગમાં બેઠા હતાં, જેને ફ્લેટના રહીશોએ ત્યાંથી ભગાડ્યા હતા.

### રાત્રે 3.30 વાગ્યે ફાયરની ગાડીઓના સાયરનથી વિસ્તાર ગુંજ્યો

ગુરુવાર મોડીરાત્રે 3:30 વાગ્યાની આસપાસ અમદાવાદ ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો કે ફતેવાડી વિસ્તારમાં મસ્તાન મસ્જિદ પાસે આવેલા મેટ્રોમેન્શન ફ્લેટના પાર્કિંગમાં ભીષણ આગ લાગી છે, જેથી ચીફ ફાયર ઓફિસર, એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ઓફિસર સહિતના ફાયરના અધિકારીઓ નવ જેટલી ફાયરબ્રિગેડની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા ગયા હતા. ફાયરબ્રિગેડ પહોંચી ત્યારે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પાર્કિંગમાં રહેલાં ટૂ-વ્હીલરો અને રિક્ષાઓ આગની ઝપેટમાં આવી ગયાં હતાં.

### એક બાદ એક લોકોને ઊંચકી ધાબા પરથી નીચે ઉતાર્યા

આગ લાગવાને કારણે સ્થાનિક રહીશોમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. ફ્લેટમાં નાનાં બાળકોથી લઈ વૃદ્ધો અને દર્દીઓ હતાં. આગનો ધુમાડો બીજા માળ સુધી પહોંચી ગયો હતો. લોકો પોતાનો જીવ બચાવવા માટે થઈને ધાબા ઉપર દોડી ગયા હતા. આગ લાગવાને કારણે આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. ફાયરબ્રિગેડના અધિકારીઓ ત્યાં પહોંચ્યા ત્યારે ખૂબ જ ભયનો માહોલ હતો, જેથી લોકોને શાંત રહેવા કહ્યું હતું. ફાયરબ્રિગેડના જવાનો ચાલુ આગમાં ધાબા ઉપર પહોંચ્યા હતા અને એક બાદ એક લોકોને ઊંચકી ધાબા ઉપરથી સલામત નીચે લાવ્યા હતા.

**Quick Read**

### અમદાવાદમાં ઘર પાસે પાર્ક કરેલી એક્ટિવા ફૂંકી મારી

અમદાવાદ | અમદાવાદમાં સરેઆમ જાહેરમાં વાહનોમાં આગ ચંપી, અપહરણ અને ધાક-ધમકીની ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ રહી છે. ત્યારે શહેરમાં ત્રણ અજાણ્યા શખસોએ પાર્કિંગમાં પાર્ક કરેલા એક્ટિવા પર જ્વલનશીલ પદાર્થ નાખીને આગ લગાડી હોવાની ઘટના સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ગોતા હાઉસિંગમાં રહેતા કોમલબેન નાયકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, તેમના પતિ રિક્ષા ચલાવે છે. તેમનો દીકરો કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને સાઈડમાં સેલ્સમેન તરીકે કામ કરે છે. તેના ઉપયોગ માટે એક એક્ટિવા લઈ આપ્યું હતું. કાલે બપોરના સમયે ફરિયાદી કોમલબેન તેમના મિત્ર રેખાબેનના ઘરે ગયા હતાં. ત્યારે તેમના દીકરાનો ફોન આવ્યો હતો કે, મમ્મીને ઝડપથી મોકલો, કોઈએ એક્ટિવામાં આગ લગાવી છે.

### 19 વિધવાએ ગુજરાત હાઇકોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં

અમદાવાદ | હાઈકોર્ટમાં પીપલ્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સેન્ટર ટ્રસ્ટ અને 19 વિધવા મહિલાઓ દ્વારા એડવોકેટ આનંદ યાજ્ઞિક મારફતે અરજી દાખલ કરવામાં આવી છે. અરજદાર સંસ્થા અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કામ કરે છે. આ અરજી ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. અરજદારોએ જણાવ્યું હતું કે, અરજદાર 19 મહિલાઓના પતિ અસંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરતા હતા. જેમના વર્ષ 2008થી 2021 દરમિયાન સિલિકોસિસ બીમારીથી મૃત્યુ થયું હતું. ગુજરાત સરકારના 2015ના રિઝોલ્યુશન મુજબ મૃતકના પરિવારને ફક્ત લાખ રુપિયા જ વળતર મળે છે. જેના માટે 90 દિવસમાં અરજી કરવી પડે છે. જ્યારે વર્કમેન કમ્પેન્સેશન એક્ટ મુજબ 2 વર્ષ સુધીની મુદત હોય છે. સુપ્રીમે વર્ષ 2007થી 2017 સુધીમાં હુકમ કર્યા હતા.

### યુપી પો. કો. ભરતી પેપર લિકમાં ગુજરાત કનેક્શન

અમદાવાદ | ફરી એકવાર પેપર લિકની ઘટના દેશમાં બની છે અને તેમાં ગુજરાતનું કનેક્શન આવ્યું છે. યુપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી પેપર લિકમાં ગુજરાત કનેક્શન સામે આવ્યું છે. ઉત્તર પ્રદેશ STF તપાસમાં બહાર આવ્યું છે કે પેપર અમદાવાદમાં છપાયા હતા. આ પછી પેપર સીલબંધ બોક્સમાં યુપી મોકલવા માટે અમદાવાદની ટ્રાન્સપોર્ટ કંપનીને મોકલવામાં આવ્યા હતા. અહીંથી જ કર્મચારીઓએ પેપર લિક કર્યું હતું. આ અંગે તપસામાં સામે આવ્યું છેકે, પેપર લિક કરનાર કર્મચારીઓએ સીલબંધ બોક્સ તોડવા માટે પટનાથી નિષ્ણાતને બોલાવ્યા હતા. બોક્સ તોડીને પેપર કાઢ્યા, ફોટોગ્રાફ્સ લીધા અને નકલ કરનારા માફિયાઓને મોકલ્યા. હાલમાં STFએ ટ્રાન્સપોર્ટ કંપનીના 2 કર્મચારીઓ સહિત 3 આરોપીઓની ધરપકડ કરી છે.

### અમદાવાદ-મહેસાણામાં નકલી તબીબ ઝડપાયા

અમદાવાદ | અમદાવાદમાં દસ્કોઈના કુહા ગામ ખાતેથી બોગસ ડોક્ટર ઝડપાયો છે. બોગસ ડોક્ટર 7 વર્ષથી દવાખાનું ચલાવતો હતો. જેમાં ગ્રામ્ય આરોગ્ય વિભાગની ટીમે રમેશ ઠાકોરને ઝડપ્યો છે. બોર્ડ વિવેક યાદવના નામનું હતું અને અંદર રમેશ ઠાકોરના નામના બોગસ ડોક્ટર દવાખાનું ચલાવતો હતો. અમદાવાદ જિલ્લા આરોગ્ય ટીમે ઓપરેશન પાર પાડ્યુ છે. તેમજ મહેસાણા SOGની ટીમે કડીના લક્ષ્મીપુર આદુન્દ્રા ખાતે બાતમી આધારે ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા ડમી ડોકટરને ત્યાં આરોગ્ય વિભાગે દરોડા પાડયા હતા. જ્યાં એસટી તંત્રમાંથી નિવૃત થયેલ 8 પાસ આધેડ અને તેનો કમ્પાઉન્ડર ગેરકાયદેસર પ્રેક્ટિસ કરતા ઝડપાઈ આવ્યા હતા. રેડ દરમિયાન દવાખાનામાં ડીગ્રી વગર દર્દીઓની સારવાર કરવા વપરાતા એલોપેથી દવાઓ અને ઈન્જેક્શનો જથ્થો મળી આવતા કબ્જે કરાયો હતો.

**ખેડૂતો માટે સારા સમાચાર**

# સરકારની મહત્વની જાહેરાત | તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યના ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા છે. જેમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં 18 માર્ચથી ટેકાના ભાવે ખરીદી કરાશે. 90 દિવસ સુધી તુવેર, ચણા, રાયડાની ખરીદી કરાશે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે 1734 કરોડની તુવેરની ખરીદી કરશે.



1765 કરોડની કિંમતના ચણા રાજ્ય સરકાર ખરીદશે. તથા રૂ. 853 કરોડના રાયડાની પણ ખરીદી રાજ્ય સરકાર કરશે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો દ્વારા પ્રોત્સાહન આપવુ એ જ અમારો નિર્ધાર છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે,વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે એ માટે અનેકવિધ પ્રયાસો થઈ રહ્યા છે. ખેડૂતોના ઉત્પાદિત પાકોની ટેકાનાભાવે ખરીદી પ્રક્રિયા પણ સમયસર કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાતમાં તુવેર, ચણા અને રાયડાની આગામી તા.18મી માર્ચથી ટેકાના ભાવે ખરીદી શરુ થશે, જે આગામી 90 દિવસ એટલે કે, 15મી જૂન સુધી ચાલુ રહેશે. જેનો લાભ અંદાજે 3.20 લાખ ખેડૂતોને થશે.

### રાજ્યભરમાં કુલ 437 કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા



રાજ્યમાં કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને તુવેર પાકની ખરીદી માટે 140 ખરીદ કેન્દ્રો, ચણાની ખરીદી માટે187 ખરીદ કેન્દ્રો અને રાયડાની ખરીદી માટે 110 ખરીદ કેન્દ્રો મળી રાજ્યભરમાં કુલ 437 કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં તુવેર, ચણા અને રાયડાની ખરીદી કરવામાં આવશે અને તે માટે સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધર્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### ખેડૂતોએ નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી

ટેકાના ભાવથી ખરીદી માટે રાજ્યના હજારો ખેડૂતોએ નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી છે. આ ખેડૂતો પાસેથી ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવે ખરીદી કરાશે. ભારત સરકાર દ્વારા તુવેર માટે રૂ. 7000 પ્રતિ ક્વિ. (રૂ. 1400 પ્રતિ મણ), ચણા માટે રૂ. 5440 પ્રતિ ક્વિ. (રૂ. 1088 પ્રતિ મણ) અને રાયડા માટે રૂ. 5650 પ્રતિ ક્વિ. (રૂ. 1130 પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

# જાફરાબાદનાં માઈન્સ વિસ્તારમાં સિંહ સાથે ઈનફાઈટમાં 3 બાળ સિંહનાં મોત



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ માઈન્સ વિસ્તારમાં સિંહ સાથે ઈનફાઈટમા ત્રણ સિંહ બાળના મોત એક સિંહણને ઈનફાઈટમા સિંહે ઈજા પહોંચાડી શેત્રુંજી ડિવિઝન નીચેનાં જાફરાબાદ રેન્જનાં માઈન્સ વિસ્તાર માં ગત મોડી રાત્રિના સિંહણ અને સિંહબાળનું ગ્રુપ હોય ત્યારે અન્ય બે નર સિંહ આવી જતા ઈન ફાઈટ થઈ હતી જેમાં ત્રણ થી ચાર માસનાં ૩ સિંહ બાળનાં મોત નીપજ્યા હતા.આ ઘટનાની જાણ થતા શેત્રુંજી ડિવિઝનનાં ડીસીએફ જયંત પટેલ અને ઈન્ચાર્જ એ.સી.એફ જી.એસ.વાઘેલાનાં માર્ગદર્શન હેઠળ વન વિભાગ નો ફોરેસ્ટર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને માઈ ન્સ વિસ્તારમાં સ્કેનિંગ હાથ ધર્યુ હતું અને સિંહ બાળનું મોત કયા કારણો સર થયું તે બાબતે તપાસ હાથ ધરી હતી. બે નરસિંહ આવ્યા હોય અને ઈન્ફાઈટ થવાથી ત્રણ સિંહબાળ ના મોત થયાનું હતું તેમજ એક સિંહણ ને સિંહ દ્વારા ઈજા પહોંચાડી હોવાનું વન વિભાગ ની તપાસમાં ખુલ્યું હતું ત્યારે ત્રણેય સિંહબાળને પીએમ અર્થ ખસેડાયા હતા.ત્યારે, વધુ સિંહ સાથે ઈનફાઈટ ન થાય માટે વન વિભાગ દ્વારા કાળજી લેવામાં આવી રહી છે. ત્રણેય સિંહ બાળને પોસ્ટમોર્ટમ માં ખસેડાયા હતા.

## મારી ભૂલ બદલ દિલગીરી વ્યક્ત કરું છું: વિપુલ ચૌધરી

અમદાવાદ | તા.15



તાજેતરમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલ ચૌધરી દ્વારા પાટીદાર સમાજ અંગે ટિપ્પણી કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, કડવા અને લેઉઆ પાટીદાર સમાજ વેપારી થઈ ગયો છે. આ અંગે હવે આખરે વિપુલ ચૌધરીએ પાટીદાર સમાજ અંગે નિવેદન બદલ માફી માંગી છે. પોતાના નિવેદન પર માફી માંગતા વિપુલ ચૌધરીએ કહ્યું કે, મારી ભૂલ હતી, શરત ચૂક હતી, દિલગીરી વ્યક્ત કરું છું. ખાનગી કરણ એ ચિંતાનો વિષય છે. મે મારી ચિંતામાં શિક્ષણ ક્ષેત્રમાં જે સમાજનું નામ લીધું એ મારી ભૂલ હતી, શરત ચૂક હતી. દિલગીરી વ્યક્ત કરું છું.

આ સાથે જ પાટીદાર સમાજ ઉપરાંત શિક્ષણ અંગે વાત કરતાં વિપુલ ચૌધરીએ કહ્યું કે, ખાનગીકરણ એ ચિંતાનો વિષય છે.

## નશાબંધી અને આબકારી વિભાગના નાણાં હવેથી ઓનલાઇન જમા થશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

નશાબંધી અને આબકારી વિભાગની વિવિધ પ્રકારની સેવાઓના સરકારી નાણાં ઓફલાઈન ચલણ દ્વારા જે તે અરજદારે બેંકમાં જાતે જમા કરાવવા જવુ પડતુ હતુ. પરંતુ રાજ્ય સરકાર દ્વારા જાહેર જનતા/ઉદ્યોગકારોને સરકારી નાણાની રકમ ઓફલાઈન બેન્કમાં જમા ન કરાવવી પડે તથા ઉદ્યોગકાર કે સેવા મેળવનાર વ્યક્તિ પોતાના બેંક ખાતામાંથી રાજ્ય સરકારની તિજોરીમાં જમા કરાવી શકે તેવો અભિગમ અપનાવતા નશાબંધી અને આબકારી વિભાગની તમામ સેવાઓના નાણા ઓનલાઈન જમા કરાવી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈઓનો અમલ તા. ૧૫-૦૩-૨૦૨૪ ના રોજથી કરવામાં આવે તે મુજબનુ આયોજન કરવામાં આવેલ છે.

## ભાજપમાંથી સસ્પેન્ડેડ જ્યોતિ પંડ્યાએ ફરી આપ્યું નિવેદન

અમદાવાદ | તા.15



ચૂંટણી પહેલાં જ વડોદરા ભાજપમાં વિવાદ સામે આવ્યો છે. જેમાં ભાજપના પૂર્વ મેયર અને વડોદરાના ભાજપ નેતા જ્યોતિ પંડ્યાને પાર્ટી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ પછી તેમણે મહત્વનું નિવેદન આપતાં જણાવ્યું કે, AAP અને કોંગ્રેસ મારો સંપર્ક કરે છે. હજી કોઈ પણ પક્ષમાં જોડાઈ નથી.

નોંધનીય છેકે, વડોદરાની બેઠક પર ત્રીજીવાર રિપીટ કરાયેલાં રંજનબેન ભટ્ટ સામે ખુદ રાષ્ટ્રીય મહિલા મોરચાનાં ઉપાધ્યક્ષ ડો.જ્યોતિબેન પંડ્યાએ મોરચો ખોલ્યો છે. 14 માર્ચ સાંજથી શરૂ થયેલા આ ઘટનાક્રમ વચ્ચે સસ્પેન્ડ થયા બાદ પણ જ્યોતિબેન હજુ તેમનાં નિવેદનો પર કાયમ રહ્યા છે. આ સાથે જ તેમણે કહ્યું કે, AAP અને કોંગ્રેસ મારો સંપર્ક કરે છે

### રાજ્યના તમામ કલેક્ટર્સ અને ડીડીઓને ગાંધીનગરમાં સંબોધન કર્યું

# રાજ્યપાલ-CMએ પ્રાકૃતિક કૃષિ ચિંતન બેઠક યોજી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને આપણા સૌનું 'મિશન' બનાવીએ. ગુજરાતની પાવન ધરાને ઝેરમુક્ત કરીએ. ગુજરાતના ખેડૂતને ઝડપથી સમૃદ્ધિ તરફ લઈ જઈએ અને હર એક ક્ષેત્રમાં આદર્શ આપણું ગુજરાત પ્રાકૃતિક ખેતીમાં પણ ભારતની આગેવાની કરે એ દિશામાં પરિવારભાવનાથી કામ કરીએ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગુરુવારે ગાંધીનગરમાં પ્રાકૃતિક કૃષિ ચિંતન બેઠકમાં તમામ જિલ્લા કલેક્ટર્સ અને તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને સંબોધતાં કહ્યું હતું કે, આ બેઠક સમગ્ર ભારત દેશ અને ગુજરાત પ્રદેશનું ભાગ્ય બદલનારી બની રહેવી જોઈએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલના નર્મદા હૉલમાં યોજાયેલી આ અત્યંત મહત્વની બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ અને સંલગ્ન વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલ




આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે 9 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. પરિણામે આ વર્ષે ગુજરાતમાં રાસાયણિક ખાતરના વપરાશમાં 3,08,748 મેટ્રિક ટનનો ઘટાડો થયો. રાસાયણિક ખાતરનો ઉપયોગ ઓછો થતાં રૂપિયા 1,337.92 કરોડની બચત તો થશે જ પરંતુ લાખો ટન ઝેર ધરતીમાં ઠલવાતું ઓછું થયું છે. વર્ષ-2025 ના ગુજરાત સ્થાપના દિવસ સુધીમાં ગુજરાતમાં 20 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એવા લક્ષ્ય સાથે સૌ સાથે મળીને કામ કરીએ. આગામી પાંચ વર્ષમાં આખા ગુજરાતને સંપૂર્ણ પ્રાકૃતિક ગુજરાત બનાવીએ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યા છે. રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટે અને ખેડૂતોની આવક બમણી થાય એટલું જ નહીં, ધરતીની ફળદ્રુપતા જળવાઈ રહે એ માટે તેઓ સતત ચિંતિત છે. તેમના વિચારોને તાકાત આપવા આપણે પૂરી પ્રમાણિકતા અને કર્તવ્યભાવનાથી આ કામમાં જોડાઈ જઈએ. આચાર્ય દેવવ્રતએ પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી (ઓર્ગેનિક ખેતી) વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરીને રાસાયણિક ખેતીની સાથોસાથ જૈવિક ખેતીના ગેરફાયદા પણ ગણાવ્યા હતા. રાસાયણિક ખેતીની ભયાવહ અસરોથી તેમણે સૌને વાકેફ કર્યા હતા. ગ્લોબલ વોર્મિંગથી લઈને માનવ સ્વાસ્થ્યને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગથી થઈ રહેલા ગંભીર નુકસાન વિશે તેમણે સૌને ચેતવ્યા હતા અને કહ્યું હતું કે, આ દેશની ધરતીની ફળદ્રુપતા બચાવવી હશે, હવા-પાણી અને વાતાવરણ બચાવવા હશે, લોકોને ગંભીર-અસાધ્ય બીમારીઓથી બચાવવા હશે તો આપણી પાસે એક જ અને શ્રેષ્ઠ વિકલ્પ છે પ્રાકૃતિક ખેતી. તેમણે કલેક્ટર્સ અને જિલ્લા અધિકારીઓને 'મિશન મોડ'માં કામ કરવા આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી પટેલે રાજ્યના જિલ્લાઓના કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીઓની ગાંધીનગરમાં યોજાયેલી કૃષિ ચિંતન બેઠકમાં એવું પ્રેરક આહવાન કર્યું છે કે, આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ જવું છે તેવી નેમ સાથે પ્રાકૃતિક ખેતી અભિયાનને સૌ મિશન મોડમાં અપનાવે.

## ગાંધીનગરમાં જૂની પેન્શન યોજના સહિતની માગણીઓને લઈને સરકારી કર્મચારીઓના દેખાવ

અમદાવાદ | તા.15




દેશમાં લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં અલગ-અલગ સરકારી વિભાગો દ્વારા પોતાના પડતર પ્રશ્નોની માગને લઈને આંદોલન શરૂ કરવામાં આવી રહ્યા છે. ત્યારે જૂની પેન્શન યોજના સહિત પડતર માગણીઓને લઈ રાજ્યના શિક્ષકો દ્વારા સતત આંદોલન કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન ગાંધીનગરમાં આજે ગુજરાત રાજ્ય કર્મચારી સંયુક્ત મોરચો તેમજ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના નેજા હેઠળ મોટી સંખ્યામાં કર્મચારીઓને વિધાનસભા તરફ કૂચ કરી હતી. જો કે, તેમને પોલીસે અટકાવ્યા હતા. રાજ્યભરના શિક્ષકો છેલ્લા ઘણાં સમયથી જૂની પેન્શન યોજના તથા પ્રશ્નોને લઈને સરકારને અનેક રજૂઆત કરી ચૂક્યા છે. જેમાંથી સરકાર સાથે બેઠક કરીને કેટલીક માગણીઓ પૂરી કરવા માટે સરકારે બાંહેધરી આપી હતી. પરંતુ તે અંગે હજુ સુધી સરકાર દ્વારા કોઈ પરિપત્ર કરવામાં આવ્યો નથી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જૂની પેન્શન યોજના સહિતની પડતર માગણીઓને લઈને કર્મચારીઓ સરકાર સામે લડત આપી રહ્યા છે. રાજ્યનાં જુદાં-જુદાં સરકારી ખાતાંના કર્મચારીઓ છેલ્લા કેટલાય સમયથી સરકાર સામે વિવિધ આંદોલનો કરીને પોતાના પ્રશ્નો હલ કરવા લડત લડી રહ્યા છે.